દિગંબર જૈન ગ્રન્થમાળા નં. ૧૯

॥ श्री वीतरागाय नमः ॥

श्री जैन सिद्धांत प्रवेशिका.

(સ્યા. વા. ન્યા. પં. ગોપાળદાસજી બરૈયા-
કૃત હિંદી ગ્રંથ [illegible] ગુજરાતી અનુવાદ)

પ્રકાશક—

मूलचंद किसनदास कापडीया—सुरत.

બોરસદ (ખેડા) નિવાસી પરી. પ્રેમાનંદદાસ નારણદાસ તરફથી તેમના સ્વર્ગવાસી પુત્ર મનુભાઈના સ્મરણાર્થે "દિગંબર જૈન" પત્રના ગ્રાહકોને છઠ્ઠા વર્ષમાં (આઠમી) ભેટ.

પ્રથમાવૃત્તિ. વીર સં. ૨૪૩૯. પ્રત ૧૫૦૦

મૂલ્ય. રૂ. ૦-૪-૦

પ્રસ્તાવના.

જૈન સિદ્ધાંતનાં અનેક શાસ્ત્રો એટલાં બધાં ગૂઢ અર્થવાળાં છે કે સાધારણ પુરૂષોને તેનો અર્થ સમજતાં બહુજ મુશ્કેલ પડે છે અથવા તો તે વાંચતાં કંટાળો ઉપજાવે કરે છે. તેમજ આપણામાં મુનિ ભટ્ટારકોના અભાવે સિદ્ધાંતના શાસ્ત્રોનો અર્થ સમજાવનાર માત્ર કેટલાક ગણત્રી પંડિતો સિવાય કોઈ નજરે પડતું નથી, જેથી દિગંબર જૈન કોમમાં એક એવા પુસ્તકની જરૂર હતી કે, જેમાં જૈનસિદ્ધાંતનું રહસ્ય ટુંકમાં સરળરીતે સમજાવેલું હોય. આ હેતુ પાર પાડવાને આગ્રાનિવાસી જાણીતા **પંડિત ગોપાળદાસજી બરૈયા** કે, જેઓ હાલ "**સ્યાદ્વાદવારિધિ વાદિ ગજ કેશરી ન્યાય વાચસ્પતિ**" ની પદવીથી વિભુષિત થયેલા છે, તેઓએ "**શ્રી જૈન સિદ્ધાંત પ્રવેશિકા**" નામે લઘુ ગ્રંથ **હિંદી ભાષામાં** ચર વર્ષ ઉપર રચીને તે શેઠ નાથા રંગજી દ્વારા પ્રકટ કર્યો હતો,

તે જનસમાજમાં એટલો બધો પ્રિય થઇ પડયો કે પ્રથમ આવૃત્તિ જોતજોતામાં ઉપડી ગઇ અને તેનું **મરાઠી** ભાષાંતર પણ થઇને બહાર પડી ગયું અને હીંદીની બીજી આવૃત્તિ પણ બહાર પડી ગઈ છે, જેથી આવા મહત્વના ગ્રંથનો ગુજરાતી અનુવાદ થઇને પ્રકટ થવાની અત્યંત આવશ્યક્તા હોવાથી અમોએ તેનું **ગુજરાતી ભાષાંતર ચાવલી** (આગ્રા) નિવાસી **પં. નંદનલાલ** જૈન (ઇડર) દ્વારા તૈયાર કરાવી તેમાં સંશોધન કરી આ "**શ્રી જૈનસિદ્ધાંત પ્રવેશિકા**" નામે લઘુ ગ્રંથ પ્રકટ કર્યો છે, જે ગુજરાતીભાષાના વાંચકોને એક અમુલ્ય વાંચન પુરૂં પાડશે, એમ અમોને સંપૂર્ણ આશા છે.

વળી ગુજરાતમાં વાંચનનો શોખ વિશેષ ન હોવાથી આ ગ્રંથનો પુષ્કળ ફેલાવો થવા માટે, એનો મફત ફેલાવો થવાની જરૂર હતી, જે માટે બોરસદ (ખેડા) નિવાસી **પરીખ પ્રેમાનંદદાસ**

નારણદાસે પોતાના સ્વર્ગવાસી પુત્ર **મનુભા-**
ઇના સ્મરણાર્થે આ ગ્રંથ 'દિગંબર જૈન' પત્રના
ગ્રાહકોને ભેટ તરીકે આપવા જે ગોઠવણ કરી આપી
છે, તે માટે આ વૃદ્ધ ગ્રહસ્થના આપણે અત્યંત
આભારી છીએ. જો આ મુજબ મૃત્યુના સ્મરણાર્થે
શાસ્ત્રદાન થતાં રહે, તો મરનારનું નામ અમર
રહેવા ઉપરાંત દાન પુણ્યના ભાગી થવાય. વળી
આ ગ્રંથ ધ્યાનથી વાંચવાથી જૈનધર્મનાં સઘળાં
તત્વોનું ભાન સરળ રીતે થઇ શકે તેમ છે કેમકે
દરેક બાબતનું **પ્રશ્ન** અને **ઉત્તર**નાં રૂપમાં વર્ણન
કરેલું છે, માટે આ ગ્રંથ દરેક પાઠશાળામાં પણ ચાલુ
કરવા માટે અમો આગ્રહપૂર્વક સૂચના કરીએ છીએ.

જૈન જાતિ સેવક,

વીર સંવત ૨૪૩૯
અષાડ સુદ ૧૩
તા. ૧૬-૭-૧૩

મુળચંદ કસનદાસ
કાપડીઆ.
ઑ. સંપાદક,
"દિગંબર જૈન"-**સુરત.**

સ્વર્ગ. મનુભાઇ પ્રેમાનંદદાસ પરી.
બોરસદ (ખેડા)

જન્મ સં. ૧૯૪૩. મૃત્યુ સં. ૧૯૬૮.

JAIN PRESS, SURAT.

સ્વર્ગીય બંધુ મનુભાઈ પ્રેમાનંદદાસ પરીખનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

જે સ્વર્ગીય બંધુના સ્મરણાર્થે તેમનો ફોટો સહિત આ લઘુ ગ્રંથ ભેટ તરીકે પ્રકટ કરવામાં આવે છે, તેમનું જીવનચરિત્ર પણ આ સાથે પ્રકટ કરવું ઉચિત ધારીએ છીએ. આ ભાઈની **૨૪** વર્ષની કાર્કિર્દી દરમ્યાન જેટલું જાણવાનું છે, તે કરતાં તેમનાં કુંટુંબીઓમાંથી વધારે જાણવાનું અને બોધ-લેવા યોગ્ય હોવાથી આ પ્રસંગનો લાભ લઇ પ્રથમ તેમના **કુંટુંબનો સંક્ષિપ્ત પરિચય** આપવા પછી અમો **મર્હુંમ ભાઇ મનુભાઈનું** ચરિત્ર જણાવીશું.

મરહુમ મનુભાઈનો જન્મ **બોરસદ** (જીલ્લે ખેડા) માં **મકનદાસ પારેખના** નામથી

જાણીતા કુટુંબમાં થયો હતો. શેઠ. મકનદાસ પારેખના ચારપુત્રોમાં મોટા **પરીખ નારણદાસ** સરકારી નોકરીમાં હતા, જેઓ સં. ૧૯૩૯ માં નોકરી ઉપરથી રીટાયર થઇ સં. ૧૯૫૨ ની સાલમાં લગભગ ૬૭ વરસની વયે ગુજરી ગયા, તેમના મોટા દીકરા **પરીખ પ્રેમાનંદદાસ,** જેઓ હાલ હયાત છે, તેમનો **જન્મ** સં. **૧૮૯૭** માં થયો હતો, જેઓ પોતે પંદર વરસની ઉમરે પિતાજીની **તલાટીની** નોકરીમાં તેમની સાથે ગામડે ફરતા હતા. આ નોકરીમાં પરતંત્ર જીંદગી લાગતી અને **બ્રીટીશરાજ્ય**ના અમલની શરૂઆતમાં જરા તરા પણ ઈંગ્રેજી જાણનારને ઘણો સારો લાભ થતો હતો, છતાં પોતાની કોમના રિવાજ પ્રમાણે ઘર બાહાર જવાનું નહીં થવાથી પોતે ઈગ્રેજી કેળવણીનું અમૃતપાન કરી શકયા નહીં, તેથી તે વખતમાં પોતાની બાહોશીના પ્રમાણમાં મળવો જોઇતો લાભ નોકરીમાં મેળવી

શક્યા નહિ. આ અમલ **પેશ્વાઇની પડતીનો** અને **કંપની સરકારની ચઢતીનો** હતો. હવે એક વખત એક ગામડે તેઓ તલાટી તરીકે કામ કરતા હતા. (તલાટીની નોકરીમાં કેટલું સુખ હોય છે, તે ગામડામાં સર્વને માલુમ હોય છે.) ત્યારે તલાટીનાં લાંબાં પત્રકો લખવામાં ઘેર રસોઈ બળી ગઈ, તેજ વખતે રાજીનામું મોકલી નોકરી છોડી ઘેર આવ્યા, જ્યાં કુદરતી રીતે જો કે માબાપ ખીજાયાં, પણ તેમને શાંત પાડી વ્યાપાર શરૂ કરવાનો વિચાર કર્યો. આ વખતે સં. ૧૯૨૧ ની સાલમાં પોતાની ઉગતી જુવાનીમાં ૨૦ વરસની ઉમરે પોતાના કુટુંબની ચઢતીની નીશાની–દુકાન કરી અને માત્ર રૂા. ૫૦) જેવી નાની મુડીથી ધંધો શરૂ કીધો. (તે વખતે દરેક ધંધામાં કમાણી સારી રહેતી હતી.) એ પછી ઉત્તરોત્તર વધતા ગયા, તે સં. ૧૯૪૭ ના વરસ સુધી **પરી. પ્રેમાનંદ નારણદાસ**ના નામથી દુકાન ચાલુ રાખી, બાદ

તેમના ભાઇ **જેશીંગભાઇ** (જેમનો દીકરો કાળીદાસ મુંબાઇમાં ઝવેરાતનો ધંધો શીખે છે તે) જુદા થયા હતા. એમને પાંચ પુત્રો હતા, તેમાંથી સૌથી નાના આ ચરિત્રના નાયક **મનુભાઇ**-ના અકાળ સ્વર્ગવાસથી હવે **ચાર પુત્રો** હયાત છે, જેમનાં નામો—**૧ દામોદરદાસ**, ૨. **ચુનીભાઈ, ૩. લલ્લુભાઈ ૪. કેશવલાલ.**

આ ચારે ભાઇઓ બાહોશ અને વ્યવહાર-કુશળ છે. આ કુટુંબ **વીસામેવાડા જ્ઞાતિનું** કહેવાય છે. હાલમાં એમની જ્ઞાતિમાં આ કુટુંબ આગળ પડતું અને કેળવાયલું કુટુંબ ગણાય છે. મોટા **દામોદરદાસ** પિતા સાથે બોરસદ રહી ઉઘરાણી સાચવે છે અને હાલ અમદાવાદમાં શેરની દલાલી કરે છે. બીજા **ચુનીભાઇ** (જેમને બોરસદના અથવા ચરોતરના **વ્યાપારી હીરા** કહીએ તો, અતિશયોક્તિ નહિ કહેવાય) તેમણે પિતાનો ધંધો કેટલો બધો વધાર્યો છે તે નીચેની

હકીકતથી જણાશે. સંવત ૧૯૪૯ માં **ચાંદીનો સટ્ટો** હિંદુસ્તાનમાં અને તેમાં ખાસ કરીને **મુંબાઇમાં** હયાતિમાં આવ્યો, તે વખતે આ ભાઇનું ચંચળ મન હાથમાં ન રહ્યું. તેજ વરસમાં ચુનીભાઈ પોતાના દાદાજી સાથે શ્રીશીખરજીની જાત્રાએ જઈ પાછા વળતાં મુંબાઇમાં જોવા માટે ઉતર્યા હતા. તે વખતમાં મુંબાઇ શહેરનો વૈભવ અને વધતી જતી સ્થીતિ જોઇ વિચાર્યું કે મુંબાઇમાં દુકાન થાય. તોજ જન્મારો સફળ થાય. આ હેતુને બર લાવવાને તાત્કાળીક સાધન ચાંદીનો સટ્ટો અને મુંબાઇના ઝવેરી શેઠ **માણેકચંદ પાનાચંદનું ઉત્તેજન** એ હતાં. પછી સટ્ટાના પ્રસંગે મુંબાઈ—અમદાવાદ, વડોદરા વીગેરે શહેરો અને તેનો ધીકતો ધંધો જોવાનો પ્રસંગ ધીમે ધીમે મળતો ગયો, તેનો લાભ લેતા ગયા, એટલે સર્વેની સરખામણીમાં મુંબાઇજ વ્યાપાર માટે કેન્દ્રસ્થાન લાગ્યું, પણ તે વિચાર અમલમાં લાવવા વીધિએ ઢીલ કરી.

સંજોગ એવો બન્યો કે સં ૧૯૫૧ ની સાલમાં પાલીતાણાની પ્રતિષ્ટા વખતે તેમને મુંબાઇના જાણીતા **શ્રીમાન દાનવીર શેઠ, માણેકચંદ હીરાચંદ** ઝવેરી અને તેમના કુટુંબનો **શુભ સમાગમ** થયો અને પાલીતાણાના મંદિરનાં નામાં-સંબંધી હિસાબ વીગેરે ઉપરથી સંબંધ વધતો ગયો. અને શેઠ માણેકચંદે ત્યાં ભરાયલા પાંચ હજાર જાત્રીમાંથી હીરો પારખી કાઢયો અને તેમને મુંબાઇ વેપાર કરવા માટે બોધ કર્યો, જેની અસરના પરીણામે સં. ૧૯૫૩માં **પરી. પ્રેમાનંદ નારણદાસ**ના નામથી આગલી દુકાન મુંબાઇમાં ઉઘાડી, જેમાં નાના ભાઇઓ મદદમાં આવતા હતા. બાદ મુંબાઇનો ધંધો બહોળા પાયા ઉપર ચલાવવા માટે બીજા ત્રણ મિત્રોને ભાગીદાર કરી **સં. ૧૯૫૪માં પરી. જેઠાલાલ પ્રેમાનંદદાસ**-ના નામમાં પોતાનો વહીવટ બદલી નાંખ્યો. **આ પેઢીને** ઝપ્પનીઆ દુકાળે યારી આપી અને ટુંકા

વખતમાં એક જાણીતી પેઢી તરીકે મુંબાઇ અને ગુજરાત–દક્ષિણમાં નામ બાહાર પાડ્યું. બાદ પ્રસંગ મળતાં આણંદ–અમદાવાદ વીગેરે સ્થળોએ વહીવટ વધાર્યો, તે એટલે સુધી કે સં. ૧૯૬૬ની સાલમાં **વિલાયત**માં (જર્મનીમાં) પણ પેઢી સ્થાપી, જે **મનુભાઇ**ના મરણના લીધે તથા બીજા કેટલાંક અનિશ્ચિત કારણોને લીધે બંધ કરવી પડી છે. આ બધા વહીવટમાં આ ભાઈ **ચુનીભાઇ** આગેવાની ભરેલો ભાગ લઇ વહીવટ ચલાવે છે. આ ભાઇ શ્રીશીખરજીની કમીટીના એક ટ્રસ્ટી પણ છે.

ત્રીજા ભાઇ લલ્લુભાઇ, જેઓ મુંબાઈ યુનીવર્સીટીના **ઇજનેરી લાઇનના ગ્રેજ્યુએટ** (L. C. E.) છે અને હાલ ઘણા સારા પગારે **ઇન્કમટેક્સ** ખાતામાં અમલદાર છે, તેમના વિષે વધારે ઓળખ આપવાની જરૂર નથી, કેમકે તેઓ મુંબઇ દિગંબર જૈન પ્રાંતિક

સભાના તથા અમદાવાદ બોર્ડિંગના માજી સેક્રેટરી તરીકે સર્વેની ઓળખાણમાં છે, **એટલુંજ** નહીં પણ મુંબાઈની હી. ગુ. જૈન બોર્ડિંગ, હીરાબાગ, મુંબાઇ દેરાસર, ઇડર પાઠશાળા, બોરસદ લાયબ્રેરી જેવા લગભગ અડધો ડઝન ખાતાંઓમાં **ટ્રસ્ટી** અને **મેમ્બર** છે. આ ભાઇ મુંબાઈમાં રહી પોતાથી બનતી કોમસેવા બજાવે છે.

આ ભાઇ **ઇન્કમટેક્સ** જેવા ખાતામાં રહેવા છતાં પાણીમાંના કમળની માફક ચોખ્ખા રહી પ્રમાણીકપણે સરકાર અને રૈયતનો સરખો લાભ સાચવે છે, એ એમની કેળવણીની બલીહારી છે.

ચોથા ભાઇ કેશવલાલે ઉપયોગી થોડું ઇંગ્રેજીજ્ઞાન મેળવ્યું છે, પણ વ્યાપારમાં કુશળ છે. એઓ પ્રથમ ૧૦ વરસ સુધી ચોકસી માણેકચંદ લાભચંદની પેઢીમાં ભાગીદાર હતા અને હવે **ચોકશી કેશવલાલ ચુનીલાલ**ના નામથી ચાલતી

ચાંદીની પેઢીમાં મુબાઈમાંજ ભાગીદાર તરીકે પેઢી ચલાવે છે.

આ રીતે આ **ચારે ભાઇઓ** સ્વતંત્ર ધંધો ચલાવી સારી કમાણી સાથે કુટુંબની આબ-રૂ વધારે છે. '**યથા પિતા તથા પુત્રો**' ની કહેવત પ્રમાણે પ્રતાપી પિતાના પુત્રો પણ પ્રતાપી નીકળ્યા છે, જે આપણને મગરૂર થવા જેવું છે. હવે આ ઉપરથી વાંચકોને જણાશે કે, આ કુટુંબકથામાંથી વ્યાપાર અને કેળવણીના ઉત્સાહી યુવકોને ઘણો બોધ લેવાનો છે. ફક્ત એકજ વૃત્તિ નહીં રાખતાં સ્થળો જોવામાં સ્થળો જોવાં અને ત્યાંનો વ્યાપાર પણ જોવાની જીજ્ઞાસા રાખવી જોઇએ, તેમજ પોતાનો વ્યાપાર કેમ કેળવાય, તે માટે પણ લક્ષ રાખવું જોઈએ. વળી ઘેર બેસીને એકજ રોટલાના ભાગે આવતા ટુકડા ઉપર આધાર રાખી બેસી રહેવા કરતાં જમાનાને અનુસરી દરેકને તેનું મગજ કેળવવાનો પ્રસંગ

આપવો જોઇએ, અને ઘર બાહાર જવાને કે મો-
કલવાને જરાપણ આનાકાની કરવી જોઇએ નહીં.
તેમ ચાલુ જમાનાની કેળવણી વિના આગળ પડવું
મુશ્કેલ છે, માટે ઘરનાં બાળ બાળકીઓને ભણા-
વવા ઉપર પ્રથમ લક્ષ આપવું જોઇએ. આથી
આપણા સાંકડા વિચાર મટી મન મોટું થાય છે
અને દયા, ધર્મ, નીતિ અને પ્રમાણિકપણું સાચ-
વીને કામ કરવાની ટેવ પડે છે, જે ટેવ આપણી
જીંદગીના સુખનો મુખ્ય આધાર છે. Aim at
the sky આકાશ તરફ તાકવાની ધારણાવાળો
થોડે સુધી પણ તીર નાંખી શકે છે; આ ધ્યાનમાં
રાખી દરેક બાબતમાં ઉંચ દૃષ્ટી અને ઉંચ-
વિચારો રાખવાની ટેવ દરેકે પાડવી જોઇએ.

આવા ગુણીઅલ અને ભાગ્યશાળી કુટુંબમાં
જન્મ પામી **પાંચમા પુત્ર મરહુમ મનુભાઇ**-
નામાં બધા ઉમદા ગુણો હોય, એ સ્વભાવિક છે.

ભાઇ મનુભાઇનો જન્મ સં. ૧૯૪૩
માં થયો હતો. બાદ તેમને સાડાત્રણ વરસની

બાળવયમાં મુકી તેમનાં માતુશ્રી ગુજરી ગયાં. આ વખતે ઘરમાં અડચણ પડતી હતી, છતાં પાંચે પાંડવ માફક પાંચે ભાઇઓ તથા છઠ્ઠાં બહેન રુક્ષ્મિણી (જે સંવત ૧૯૬૪ ની સાલમાં પરલોકવાસી થયાં) તેમની સાથે બધાં આનંદમાં બાળક્રીડા કરતાં દિવસ નિર્ગમન કરતાં હતાં. પુણ્યશાળી પિતાજીએ કેળવણી આપવામાં પૂર્ણ કાળજી રાખવાથી આ પુત્રે રાજ્યકેળવણીનો થોડો ઘણો લાભ લીધો. એટલે ૧૧ વરસની બાળવયે ગુજરાતી છઠ્ઠું ધોરણ પુરું કરી અંગ્રેજીનો અભ્યાસ શરૂ કીધો.

આ ભાઇ જ્યારે પાંચમા અને છઠ્ઠા ધોરણમાં હતા, ત્યારે હિંદુસ્તાનમાં **સ્વદેશી** અને **બૉયકૉટ**નો ગરમ વાયુ વાતો હતો. આ પવનના સપાટામાંથી આ ભાઇ બચી ગયેલા નહોતા. ઘરમાં **ઘરદેહેરાસર** હોવાથી ધર્મ ઉપર સારી શ્રદ્ધા રાખતા, તેટલામાં આ સ્વદેશીનો પવન વાવા લાગ્યો. જેને મરતાં સુધી વળગી રહ્યા

હતા. ફક્ત વચમાં વિલાયતમાં વિદેશીવસ્તુઓ વાપરી હોય, તે અપવાદરૂપે ગણી બાકીનો વખત સ્વદેશીખાંડ ખાતા અને સ્વદેશીજ કપડાં પહેરતા હતા. એઓ ૧૮ વરસની વયે મેટ્રીક્યુલેશનની પરિક્ષામાં નિષ્ફળ થયા, પણ વ્યાપાર ઉપર મન હોવાથી નિરાશ થયા નહીં. આથી ગ્રેજ્યુએટ થવામાં જે વરસ જાય, તેનો ઉપયોગ **ઝવેરાતની લાઇન** શીખવામાં એમણે કાઢવાનો નિશ્ચય કીધો, જેમાં ચાર વરસ સારો અનુભવ મેળવ્યો, તેવામાં સં. ૧૯૬૬માં (તા. ૧૩–૮–૧૦ ના રોજ) **પરિ. જેઠાલાલ પ્રેમાનંદની પેઢી** (જેમાં તેઓ પણ એક પેટા ભાગીદાર હતા.) તેમના તરફથી "**પરીખ બ્રધર્સ**" **નામની** પેઢી વિલાયતમાં **જર્મની** દેશના **હેમ્બર્ગ** શહેરમાં સ્થાપવા માટે પોતાના મોટા ભાઇ **લલ્લુભાઇ** (એલ. સી. ઇ.) સાથે ઉપડી ગયા, જ્યાં પાહોશીથી કામ કરતા હતા. ત્યાં પાંચ માસ રહી

ભાઇ લલ્લુભાઈ તેમને ઠેકાણે પાડી નોકરી ઉપર જોડાવા મુંબાઇ પાછા આવ્યા, ત્યારે મનુભાઇ એકલા તે પેઢીનો વહીવટ **હેમ્બર્ગમાં** રહી ચલાવતા હતા. પછી ત્યાં લગભગ ૭ માસ રહી તા. ૫-૫-૧૧ ના રોજ એટલે સં. ૧૯૬૭ ના વૈશાખ માસમાં પાછા મુંબાઇ આવ્યા. તેમણે મુસાફરીમાં બર્લીન, લંડન, પારીસ વીગેરે શહેરો જોઇ સારો અનુભવ મેળવ્યો હતો. હવે આ પેઢી ચાલતી હતી, એ અરસામાં મનુભાઇ સં. ૧૯૬૭ ની દીવાળી બાદ **ઇંદોરમાં** રૂના વ્યાપાર માટે ગયેલા હતા, જ્યાં તેમને **રોગ** લાગુ પડયો. જેના પરીણામે કલેજામાં **ગુમડું** (Levir absees) થયું. અને બે માસની **ભયંકર માંદગી** ભોગવી તા. ૨૮-૨-૧૨ સં. ૧૯૬૮ ના ફાગણ સુદી ૧૧ બુધવારની કાળરાત્રએ ભરકુટુંબની રડકકળ વચ્ચે **કાળ** કર્યો ! આ બનાવે તેમના કુટુંબની કીર્તિમાં ઝાંખ લગાડી. વળી

વિલાયતની પેઢી બંધ કરવાની ફરજ પડી. અફ્સોસ, અફ્સોસ ! ! ! એક ઉપયોગી અને ચળકતા ભવિષ્યવાળો જીવ જવાથી કેટલા જીવને દુઃખ ઉત્પન્ન થયું ? ! શું આ જીવની જગ્યા પુરવા કુદરતને બીજો રસ્તો નહી જડયો ? આ બનેલા બનાવને ક્યાં સુધી સંભારવો ?

મર્હુમ ભાઇ મનુભાઇ જાતે પ્રમાણિક, માયાળુ, દયાળુ, પરોપકારી, શાંત પ્રકૃતિના અને મીલનસાર સ્વભાવના હતા, જે તેમની **છબી**માંની શાંત અને ભોળી મુખમુદ્રા ઉપરથી જણાઇ આવે છે.

આ ભાઇએ મુંબાઈ, ગજપંથા, તારંગા, પાવાગઢ વીગેરે સ્થળોએ ભરાયલી મુંબાઇ દિગંબર જૈન પ્રાંતિક **કોન્ફરન્સોમાં વોલંન્ટીઅર** (સ્વયંસેવકો) **ના કેપ્ટન** તરીકે બાહોશીથી કામ કરી જનસેવા બજાવી હતી. વળી ધર્મની પ્રભાવના વધારવામાં પણ હોંશથી ભાગ લેતા હતા. **એમને હાલ ત્રણ પુત્રો છે.**

આ ભાઇ મનુભાઇના **અકાળ સ્વર્ગવા-
સથી** તેમના કુટુંબનેજ નહી, પણ આખી મેવાડા-
જ્ઞાતિ અને ખાસ કરીને દિગંબર જૈન કોમને
ભારે ખોટ પડી છે. પરમાત્મા તેમના આત્માને
અમર શાંતિ આપો! આમીન!!!

જૈન જાતિ સેવક,

વીર સંવત ૨૪૩૯ } **મુળચંદ કસનદાસ**
અષાડ સુદ ૧૩ } **કાપડીઆ**

દિગંબર જૈન પુસ્તકાલય–સુરત.

આ પુસ્તકાલયમાંથી હિંદી અને ગુજરાતી ભાષાનાં સર્વે જાતનાં જૈન પુસ્તકો તથા પવિત્ર કાશ્મીરી કેશર ૧) તોલો લેખે મળી શકે છે.

મેનેજર, દિ. જૈન પુસ્તકાલય–સુરત.

॥ श्री परमात्मने नमः ॥

श्री जैन सिद्धान्त प्रवेशिका.

नत्वा जिनेन्द्रं गतसर्व दोषं
सर्वज्ञ देवं हितदेशकं च ।
श्री जैन सिद्धान्तप्रवेशिकेयं
विरच्यते स्वल्पधियां हिताय ॥

अर्थः—जेना सर्व दोषो नाश थया छे, अने जेओ हितने माटे उपदेश आपनार छे, एवा सर्वज्ञ देव श्री जिनेन्द्र भगववाने नमस्कार करीने आ "श्री जैनसिद्धान्त प्रवेशिका" ग्रंथ अल्प बुद्धिवाळाना हितने माटे रचवामां आवे छे.

प्रथमोऽध्यायः ।

१ प्र. पदार्थोने जाणवाने माटे केटला उपाय छे ? उ. चार उपाय छे. १ लक्षण, २ प्रमाण ३ नय, अने ४ निक्षेप.

२ प्र. लक्षण कोने कहे छे ? उ. घणाएक मळेला पदार्थोमांथी कोइ एक पदार्थने जुदो पाडवाना हेतुने लक्षण कहे छे. जेमके जीवनुं लक्षण चेतना.

३ प्र. लक्षणना केटला भेद छे ? उ. एक आत्मभूत अने बीजो अनात्मभूत.

४ प्र. आत्मभूत लक्षण कोने कहे छे ? उ. जे लक्षण वस्तुना स्वरुपमां मळेलुं होय तेने आत्मभूत लक्षण कहे छे, जेमके अग्निनुं लक्षण उष्णपणुं.

५ प्र. अनात्मभूत लक्षण कोने कहे छे? उ. जे लक्षण वस्तुना स्वरुपमां मळेलुं नहि होय, तेने अनात्मभूत लक्षण कहे छे, जेमके दंडी पुरुषनुं लक्षण दंड.

६ प्र. लक्षणाभास कोने कहे छे? उ. जे लक्षण सदोष होय, तेने लक्षणाभास कहे छे.

७ प्र. लक्षणना दोष केटला छे? उ. त्रण छे. १ अव्याप्ति. २ अतिव्याप्ति अने ३ असंभव.

८ प्र. लक्ष्य कोने कहे छे? उ. जेनुं लक्षण कही शकाय, तेने लक्ष्य कहे छे.

९ प्र. अव्याप्ति दोष कोने कहे छे? उ. लक्ष्यना एक देशमां (एक भागमां) लक्षणने रहेवाने अव्याप्ति दोष कहे छे, जेमके पशुना लक्षण शींगडां.

१० प्र. अतिव्याप्तिदोष कोने कहे छे ? उ. लक्ष्य अने अलक्ष्यमां लक्षणना रहेवाने अति-व्याप्ति दोष कहे छे, जेमके गायनुं लक्षण शींगडां.

११ प्र. अलक्ष्य कोने कहे छे ? उ. लक्ष्य सिवायना बीजा पदार्थने अलक्ष्य कहे छे.

१२ प्र. असंभव दोष कोने कहे छे ? उ. लक्ष्यमां लक्षणनी असंभवताने असंभव दोष कहे छे.

१३ प्र. प्रमाण कोने कहे छे ? उ. साचा ज्ञानने प्रमाण कहे छे.

१४ प्र. प्रमाणना केटला भेद छे ? उ. बे भेद छे. एक प्रत्यक्ष अने बीजो परोक्ष.

१५ प्र. प्रत्यक्ष कोने कहे छे? उ. पदार्थने स्पष्ट जाणे, तेने प्रत्यक्ष प्रमाण कहे छे.

१६ प्र. प्रत्यक्ष प्रमाणना केटला भेद छे ? उ. बे भेद छे. सांव्यवहारिक प्रत्यक्ष, अने बीजो पारमार्थिक प्रत्यक्ष.

१७ प्र. सांव्यवहारिक प्रत्यक्ष कोने कहे छे ? उ. जे इन्द्रिय अने मननी सहायताथी पदार्थने स्पष्ट जाणे, तेने सांव्यवहारिक प्रत्यक्ष कहे छे.

१८ प्र. पारमार्थिक प्रत्यक्ष कोने कहे छे ? उ. कोईनी पण सहायता वगर पदार्थने स्पष्ट जाणे, तेने पारमार्थिक प्रत्यक्ष कहे छे.

१९ प्र. पारमार्थिक प्रत्यक्षना केटला भेद छे? उ. बे भेद छे:--विकल पारमार्थिक अने सकल पारमार्थिक.

२० प्र. विकल पारमार्थिक प्रत्यक्ष कोने कहे छे ? उ. जे रुपी पदार्थने कोइनी पण

सहायता विना स्पष्ट जाणे, तेने विकल पार-
मार्थिक प्रत्यक्ष कहे छे.

२१ प्र. विकल पारमार्थिक प्रत्यक्षना केटला
भेद छे ? उ. बे भेद छे, एक अवधिज्ञान अने
बीजुं मन:पर्ययज्ञान.

२२ प्र. अवधिज्ञान कोने कहे छे ? उ. द्रव्य
क्षेत्र काल भावनी मर्यादाथी रुपी पदार्थने
स्पष्ट जाणे, तेने अवधिज्ञान कहे छे.

२३ प्र. मन:पर्ययज्ञान कोने कहे छे ?
उ. द्रव्य क्षेत्र काळ भावनी मर्यादाथी बीजाना
मनमां रहेला रुपी पदार्थने स्पष्ट जाणे, तेने
मन:पर्ययज्ञान कहे छे.

२४ प्र. सकलपारमार्थिकप्रत्यक्ष कोने कहे
छे ? उ. केवलज्ञानने.

२५ प्र. केवलज्ञान कोने कहे छे ? उ. जे त्रण काळवर्ती (भूत, भविष्य अने वर्तमान काळना) समस्त द्रव्योनी तथा समस्त पदार्थोनी अनंतानंत पर्यायोने एक साथ स्पष्ट जाणे, तेने केवळज्ञान कहे छे.

२६ प्र. परोक्ष प्रमाण कोने कहे छे ? उ. बीजानी सहायताथी पदार्थने स्पष्ट जाणे, तेने परोक्ष प्रमाण कहे छे.

२७ प्र. परोक्ष प्रमाणना केटला भेद छे ? उ. पांच भेद छे--स्मृति, २ प्रत्यभिज्ञान, ३ तर्क, ४ अनुमान, ५ आगम.

२८ प्र. स्मृति कोने कहे छे ? उ. पहेलां अनुभव करेल पदार्थने याद करवाने स्मृति कहे छे.

२९ प्र. प्रत्यभिज्ञान कोने कहे छे? उ. स्मृति अने प्रत्यक्षना विषयभुत पदार्थोमां जोड-रुप ज्ञानने प्रत्यभिज्ञान कहे छे. जेमके आ तेज मनुष्य छे के, जे काले जोयो हतो.

३० प्र. प्रत्यभिज्ञानना केटला भेद छे? उ. एकत्वप्रत्यभिज्ञान, सादृश्यप्रत्यभिज्ञान आदि अनेक भेद छे.

३१ प्र. एकत्वप्रत्यभिज्ञान कोने कहे छे? उ. स्मृति अने प्रत्यक्षना विषयभूत पदार्थमां ऐक्यता बतावता जोडरुप ज्ञानने एकत्वप्रत्य-भिज्ञान कहे छे. जेमके आ तेज मनुष्य छे के जे काले जोयो हतो.

३२ प्र. सादृश्यप्रत्यभिज्ञान कोने कहे छे? उ. स्मृति अने प्रत्यक्षना विषयभूत पदार्थोमां

सादृश्य बतावता जोडरुप ज्ञानने सादृश्यप्रत्यभिज्ञान कहे छे. जेमके आ गाय रोझना जेवी छे,

२३ प्र. तर्क कोने कहे छे ? उ. व्याप्तिना ज्ञानने तर्क कहे छे.

२४ प्र. व्याप्ति कोने कहे छे ? उ. अविनाभाव संबंधने व्याप्ति कहे छे.

२५ प्र. अविनाभाव संबंध कोने कहे छे ? उ. ज्यां ज्यां साधन (हेतु) होय, त्यां त्यां साध्यनुं होवुं अने ज्यां ज्यां साध्य नहि होय त्यां त्यां साधन न होवाने अविनाभाव संबंध कहे छे. जेमके ज्यां ज्यां धूमाडो छे, त्यां त्यां अग्नि छे अने ज्यां ज्यां अग्नि नथी, त्यां त्यां धूमाडो पण नथी.

२६ प्र. साधन कोने कहे छे ? उ. जे सा-

ध्यना वगर न थाय तेने. जेम अग्निनुं साधन (हेतु) धूमाडो.

३७ प्र. साध्य कोने कहे छे ? उ. इष्ट अबाधित असिद्धने साध्य कहे छे.

३८ प्र. इष्ट कोने कहे छे ? उ. वादी अने प्रतीवादी जेने सिद्ध करवा चाहे ते सिद्ध थाय, तेने इष्ट कहे छे.

३९ प्र. अबाधित कोने कहे छे ? उ. जे बीजा प्रमाणथी बाधित न थाय तेने. जेमके अग्निमां ठंडापणुं प्रत्यक्ष प्रमाणथी बाधित छे, ए कारणथी ठंडापणुं साध्य थई शकतुं नथी.

४० प्र. असिद्ध कोने कहे छे ? उ. जे बीजा प्रमाणथी सिद्ध न थाय अथवा जेनो निश्चय न होय तेने असिद्ध कहे छे.

४१ प्र. अनुमान कोने कहे छे ? उ. साधनथी साध्यना ज्ञानने अनुमान कहे छे.

४२ प्र. हेत्वाभास (साधनाभास) कोने कहे छे ? उ. सदोष हेतुने अथवा दोष सहित हेतु कहेवाने.

४३ प्र. हेत्वाभासना केटला भेद छे ? उ. चार भेद छे. असिद्ध, विरुद्ध, अनैकान्तिक (व्यभिचारी) अने अकिंचित्कर.

४४ प्र. असिद्धहेत्वाभास कोने कहे छे ? उ. जे हेतुना अभावनो (गेर हाजरीनो) निश्चय होय अथवा तेना सद्भावमां (हाजरीमां) संदेह (शक) होय, तेने असिद्ध हेत्वाभास कहे छे. जेमके--"शब्द नित्य छे केमके नेत्रनो विषय छे," परन्तु शब्द कर्ण (कान)नो विषय

छे, नेत्रनो विषय थई शकतो नथी, ते कारण "नेत्रनो विषय" ए हेतु असिद्धहेत्वाभास छे.

४५ प्र. विरुद्ध हेत्वाभास कोने कहे छे? उ. साध्यथी विरुद्ध पदार्थनी साथे जेनी व्याप्ति होय, तेने विरुद्ध हेत्वाभास कहे छे. जेमके " शब्द नित्य छे केमके परिणामी छे. " आ अनुमानमां परिणामीनी व्याप्ति अनित्यनी साथे छे, नित्यनी साथे नथी, ते माटे नित्यत्वनो " परिणामी हेतु " विरुद्ध हेत्वाभास छे.

४६ प्र. अनैकान्तिक (व्यभिचारी) हेत्वाभास कोने कहे छे.? उ. जे हेतु पक्ष, सपक्ष, विपक्ष ए त्रणेमां व्यापे, तेने अनैकान्तिक (व्यभिचारी) हेत्वाभास कहे छे. जेमके " आ ओरडामां (धूमाडो) छे केमके तेमां अग्नि छे. " अहियां

अग्नित्व हेतु पक्ष, सपक्ष, विपक्ष ए त्रणोमां होवाथी अनैकान्तिक हेत्वाभास छे.

४७ प्र. पक्ष कोने कहे छे? उ. ज्यां साध्य-ने रहेवानो शक होय, तेने पक्ष कहे छे, जेमके उपरना दृष्टान्तमां ओरडो.

४८ प्र. सपक्ष कोने कहे छे? उ. ज्यां साध्यना सद्भावनो निश्चय होय तेने. जेमके धूमाडानो सपक्ष लीला इंधन (बळतण) थी मळेली अग्नि छे.

४९ प्र. विपक्ष कोने कहे छे? उ. ज्यां साध्यना अभाव (गैर मौजुदगी) नो निश्चय होय तेने. जेमके अग्निथी तपेलो लोढानो गोळो.

५० प्र. अकिञ्चित्कर हेत्वाभास कोने कहे छे? उ. जे हेतु कोइपण कार्य (साध्यनी

सिध्धि) करवामां समर्थ न होय, तेने आकि-ञ्चित्कर हेत्वाभास कहे छे.

५१ प्र. आकिञ्चित्कर हेत्वाभासना केटला भेद छे? उ. बे भेद छे, एक सिद्ध साधन अने बाधित विषय.

५२ प्र. सिद्ध साधन कोने कहे छे? उ. जे हेतुनुं साध्य सिध्ध होय, तेने सिध्धसाधन हेत्वाभास कहे छे. जेमके अग्नि गरम छे, केमके स्पर्शइन्द्रियथी एवुंज मालुम पडे छे.

५३ प्र. बाधित विषय हेत्वाभास कोने कहे छे? उ. जे हेतुना साध्यमां बीजा प्रमाणथी बाधा (हरकत) आवे तेने बाधितविषयहेत्वा-भास कहे छे.

५४ प्र. बाधितविषयहेत्वाभासना केटला भेद

छे ? उ. प्रत्यक्ष बाधित, अनुमान बाधित, आगम बाधित, स्ववचन बाधित, आदि अनेक भेद छे.

९५ प्र. प्रत्यक्षबाधित कोने कहे छे ? उ. जेना साध्यमां प्रत्यक्षथीज बाधा आवे, तेने प्रत्यक्षबाधित हेत्वाभास कहे छे. जेमके "अग्नि ठंडी छे, केमके ते द्रव्य छे" तो आ हेतु प्रत्यक्ष बाधित छे.

९६ प्र. अनुमान बाधित कोने कहे छे ? उ. जेना साध्यमां अनुमानथी बाधा आवे, तेने अनुमान बाधित हेत्वाभास कहे छे. जेमके घास आदि कर्त्तानुं बनावेलुं छे, केमके ए कार्य छे, परन्तु आमां आ अनुमानथी बाधा आवे छे के—घास आदि कोईनुं बनावेलुं नथी, केमके तेनो बनाववाळो शरीरधारी नथी. जे जे शरीर

धारीनुं बनावेलुं नथी, ते ते वस्तु कर्त्तानी बना वेली नथी. जेमके आकाश.

५७ प्र. आगमबाधित कोने कहे छे? उ. शास्त्रथी जेनुं साध्य बाधित थाय तेने आगम-बाधित हेत्वाभास कहे छे. जेमके पाप सुखने आपवावालुं छे केमके ते कर्म छे. जे जे कर्म होय छे, ते ते सुखना आपवावालां होय छे, जेमके पूण्यकर्म. आमां शास्त्रथी बाधा आवे छे, केमके शास्त्रमां पापने दुःख देवावालुं लख्युं छे.

५८ प्र. स्ववचन बाधित कोने कहे छे? उ. जेनां साध्यमां पोतानां वचनथीज बाधा आवे, तेने स्ववचन बाधित हेत्वाभास कहे छे, जेमके मारी माता वंध्या छे, केमके पुरुषनो

संयोग होवाथी पण तेने गर्भ रहेतो नथी.

५९ प्र. अनुमानना केटला अंग छे ? उ. पांच छे. प्रतिज्ञा, हेतु, उदाहरण, उपनय अने निगमन.

६० प्र. प्रतिज्ञा कोने कहे छे ? उ. पक्ष अने साध्यना कहेवाने प्रतिज्ञा कहे छे. जेमके " आ पर्वतमां अग्नि छे. "

६१ प्र. हेतु कोने कहे छे ? उ. साधननां वचनने (कहेवाने) हेतु कहे छे जेमके आ धुमाडो छे.

६२ प्र. उदाहरण कोने कहे छे? उ. व्याप्ति-पूर्वक दृष्टान्तने कहेवाने उदाहरण कहे छे. जेमके " ज्यां ज्यां धूमाडो छे, त्यां त्यां अग्नि छे. जेमके रसोडुं. अने ज्यां ज्यां अग्नि नथी, त्यां त्यां धूमाडो पण नथी. जेमके " तळाव "

६३ प्र. दृष्टान्त कोने कहे छे? उ. ज्यां साध्य अने साधननी मौजुदगी (हाजरी) अथवा गैरमौजुदगी देखाइ जाय तेने. जेमके रसोइखानुं अथवा तळाव.

६४ प्र. दृष्टान्तना केटला भेद छे? उ. बे. अन्वय दृष्टान्त अने व्यतीरेक दृष्टान्त.

६५ प्र. अन्वय दृष्टान्त कोने कहे छे? उ. ज्यां साधननी मौजुदगीमां साध्यनी मौजुदगी मालुम पडे तेने. जेमके रसोइखानामां धूमाडानो सद्भाव होवाथी अग्निनो सद्भाव बताव्यो.

६६ प्र. व्यतिरेक दृष्टान्त कोने कहे छे? उ. ज्यां साध्यनी गैरमौजुदगीमां साधननी गैरमौजुदगी देखाइ जाय तेने. जेमके तळाव.

६७ प्र. उपनय कोने कहे छे? उ. पक्ष

अने साधनमां दृष्टान्तनी सदृशता देखाडवाने उपनय कहे छे. जेमके आ पर्वत पण एवाज धूमाडावाळो छे.

६८ प्र. निगमन कोने कहे छे? उ. परिणाम काढीने प्रतिज्ञाने दोहराववाने निगमन कहे छे जेमके ए माटे आ पर्वत पण अग्निवान छे.

६९ प्र. हेतुना केटला भेद छे? उ. त्रण भेद छे. केवलान्वयी, केवल व्यतिरेकी अने अन्वय व्यतिरेकी.

७० प्र. केवलान्वयी हेतु कोने कहे छे? उ. जे हेतुमां मात्र अन्वय दृष्टान्त होय, तेने केवलान्वयी हेतु कहे छे. जेमके—जीव अनेकान्त स्वरुप छे केमके सत्स्वरुप छे. जे जे सत्स्वरुप होय छे, ते ते अनेकान्त स्वरुप होय छे, जेमके—पुद्गलादिक.

७१ प्र. केवल व्यतिरेकी हेतु कोने कहे छे? उ. जेमां मात्र व्यतिरेक दृष्टान्त होइ शके, तेने केवल व्यतिरेकी हेतु कहे छे. जेमके शरीरमां आत्मा छे, केमके तेमां श्वासोश्वास छे. ज्यां ज्यां आत्मा होतो नथी; त्यां त्यां श्वासोश्वास पण होतो नथी, जेमके टेबल वीगेरे.

७२ प्र. अन्वयव्यतिरेकी हेतु कोने कहे छे? उ. जेमां अन्वयी दृष्टान्त अने व्यतिरेकी दृष्टान्त बन्ने होय तेने. जेमके पर्वतमां अग्नि छे; केमके तेमां धूमाडो छे. ज्यां ज्यां धूमाडो होय छे, त्यां त्यां अग्नि होय छे. जेमके रसोइखानुं (रसोडुं), ज्यां ज्यां अग्नि नथी त्यां त्यां धूमाडो पण नथी.

७३ प्र. आगम प्रमाण कोने कहे छे? उ.

आप्तना वचन आदिथी उत्पन्न थयेल पदार्थना ज्ञानने आगमप्रमाण कहे छे.

७४ प्र. आप्त कोने कहे छे? उ. परम हितोपदेशक सर्वज्ञ देवने आप्त कहे छे.

७५ प्र. प्रमाणनो विषय शुं छे? उ. सामान्य अथवा धर्मी, तथा विशेष अथवा धर्म, ए बन्ने अंशोना समुहरुप वस्तु प्रमाणनो विषय छे.

७६ प्र. विशेष कोने कहे छे? उ. वस्तुना कोई खास अंश (भाग) ने विशेष कहे छे.

७७ प्र. विशेषना केटला भेद छे? उ. बे भेद छे. सहभावीविशेष अने क्रमभावीविशेष.

७८ प्र. सहभावी विशेष कोने कहे छे? उ. वस्तुना पुरा भागमां तथा तेनी सर्व अवस्था-

ओमां रहेवावाळा विशेषने सहभावी विशेष अथवा गुण कहे छे.

७९ प्र. क्रमभावी विशेष कोने कहे छे? उ. क्रमथी होवावाळी वस्तुना विशेषने क्रम-भावी विशेष अथवा पर्याय कहे छे.

८० प्र. प्रमाणाभास कोने कहे छे? उ. मिथ्याज्ञानने प्रमाणाभास कहे छे.

८१ प्र. प्रमाणाभास केटला छे? उ. त्रण छे. संशय, विपर्यय, अने अनध्यवसाय.

८२ प्र. संशय कोने कहे छे? उ. विरुद्ध अनेक कोटी स्पर्श करवावाला ज्ञानने संशय कहे छे, जेमके सीप छे के चांदी?

८३ प्र. विपर्यय कोने कहे छे? उ. विपरीत एक कोटीना निश्चय करवावाळा ज्ञानने

९४ प्र. संग्रहनय कोने कहे छे? उ. पोता-नी जातिनो विरोध नहि करीने अनेक विषयोने एकपणाथी ग्रहण करे, तेने संग्रहनय कहे छे. जेमके जीव कहेवाथी चारे गतिना जीवोनुं ग्रहण होय छे.

९५ प्र. व्यवहारनय कोने कहे छे? उ. जे संग्रहनयथी ग्रहण करेला पदार्थोने विधिपूर्वक जुदा करे, तेने व्यवहारनय कहे छे. जेमके जीवना भेद त्रस अने स्थावर वगेरे करवा.

९६ प्र. पर्यायार्थिकनयना केटला भेद छे? उ. चार भेद छे. ऋजुसुत्र, शब्द, समभिरुढ अने एवंभूत.

९७ प्र. ऋजुसूत्रनय कोने कहे छे? उ. भूत भविष्यतनी अपेक्षा नहि करीने वर्तमान-

ज्ञानने निश्चयनय कहे छे. जेमके माटीना घडाने माटीनो घडो कहेवो.

८८ प्र. व्यवहारनय कोने कहे छे? उ. कोइ निमित्तना कारणथी एक पदार्थने बीजा पदार्थरुप जाणवावाळा ज्ञानने व्यवहारनय कहे छे. जेमके माटीना घडाने घीना निमित्तथी घीनो घडो कहेवो.

८९ प्र. निश्चयनयना केटला भेद छे? उ. बे भेद छे. द्रव्यार्थिकनय, अने पर्यायार्थिकनय.

९० प्र. द्रव्यार्थिकनय कोने कहे छे? उ. जे द्रव्य अथवा सामान्यने ग्रहण करे, तेने द्रव्यार्थिकनय कहे छे.

९१ प्र. पर्यायार्थिकनय कोने कहे छे? उ. जे विशेषने (गुण अथवा पर्यायने) विषय करे, तेने पर्यायार्थिकनय कहे छे.

९२ प्र. द्रव्यार्थिकनयना केटला भेद छे?
उ. त्रण भेद छे. नैगम, संग्रह अने व्यवहार.

९३ प्र. नैगमनय कोने कहे छे? उ. बे पदार्थोमांथी एकने गौण करे अने बीजाने प्रधान करी भेद अथवा अभेदने जाणवावाळुं ज्ञान नैगमनय छे. तथा पदार्थना संकल्पने ग्रहण करवावाळुं ज्ञान नैगमनय छे. जेमके कोइ पुरुष रसोइखानामां चोखा लइने वीणतो हतो, ते वखते कोइ बीजा पुरुषे आवीने पूछ्युं के, तमो शुं करी रह्या छो? त्यारे तेणे कह्युं के हुं भात बनावुं छुं. अहियां चोखा अने भातमां अभेद विविक्षा छे, अथवा चोखामां भातनो संकल्प छे.

विपर्यय कहे छे, जेमके सीपने चांदी जाणवी.

८४ प्र. अनध्यवसाय कोने कहे छे? उ. "आ शुं छे" एवा प्रतिभासने अनध्यवसाय कहे छे. जेमके रस्तामां चालतां कांटा वीगेरनुं ज्ञान अथवा रस्तामां चालतां कांइ वागे ते वखते शुं वाग्युं तेनी आपणने खबर नथी, पण कांटो वाग्यो, कांकरो वाग्यो के शुं वाग्युं एवा ज्ञानने अनध्यवसाय कहे छे.

८५ प्र. नय कोने कहे छे? उ. वस्तुना एक देशने जाणवावाला ज्ञानने नय कहे छे.

८६ प्र. नयना केटला भेद छे? उ. बे भेद छे. निश्चयनय, अने व्यवहारनय, अथवा उपनय

८७ प्र. निश्चयनय कोने कहे छे? उ. वस्तुना कोइ असली अंशने ग्रहण करवावाळा

पर्याय मात्रने जे ग्रहण करे, तेने ऋजुसूत्रनय कहे छे.

९८ प्र. शब्दनय कोने कहे छे? उ. लिंग, कारक, वचन, काळ उपसर्गादिकना भेदथी जे पदार्थने भेदरुप ग्रहण करे, तेने शब्दनय कहे छे. जेमके दारा, भार्या, कलत्र ए त्रणे जुदा जुदा लिंगना शब्द एकज स्त्री पदार्थना वाचक छे, तेथी आ नय स्त्रीपदार्थने त्रण भेद-रुप ग्रहण करे छे. एवी रीते कारक आदिनुं पण दृष्टान्त जाणवुं.

९९ प्र. समभिरुढनय कोने कहे छे? उ. लिंगादिकना भेद न होवाथी पण पर्याय श-ब्दना भेदथी जे पदार्थने भेदरुप ग्रहण करे, तेने समभिरुढनय कहे छे. जेमके–शक्र, पुर-

न्द्र, इन्द्र, ए त्रणे एकज लिंगना पर्यायशब्द देवराजना वाचक छे, तेथी आ नय देवराजने त्रणभेदरुप ग्रहण करे छे.

१०० प्र. एवंभूतनय कोने कहे छे? उ. जे शब्दनो जे क्रियारुप अर्थ होय, तेज क्रिया-रुप परिणमेला पदार्थने जे ग्रहण करे, तेने एवंभूतनय कहे छे. जेमके पूजारीने पूजा करती वखतेज पूजारी कहेवो. बीजी वखते नहि.

१०१ प्र. व्यवहारनय अथवा उपनयना केटला भेद छे? उ. त्रण भेद छे. सद्भूतव्य-वहारनय, असद्भूतव्यवहारनय, अने उपचरि-तव्यवहारनय अथवा उपचरितासद्भूतव्य-वहारनय.

१०२ प्र. सद्भूतव्यवहारनय कोने कहे छे?

उ. एक अखंड द्रव्यने :भेदरुप विषयकरवा-वाळा ज्ञानने सद्भूतव्यवहारनय कहे छे. जेमके जीवना केवळज्ञानादिक अथवा मतिज्ञानादिक गुण छे.

१०३ प्र. असद्भूतव्यवहारनय कोने कहे छे? उ. मळेला भिन्न पदार्थोने अभेदरुप ग्रहण करे, तेने असद्भूतव्यवहारनय कहे छे. जेमके आ शरीर मारुं छे अथवा माटीना घडाने घीनो घडो कहेवो.

१०४ प्र. उपचरितव्यवहार अथवा उपचरित असद्भूतव्यवहारनय कोने कहे छे? उ. अत्यन्त भिन्न पदार्थोने जे अभेदरुप ग्रहण करे, तेने उपचरितव्यवहार अथवा उपचरित असद्भूतव्यवहारनय कहे छे. जेमके हाथी, घोडा, महेल, मकान; मारां छे इत्यादि.

१०५ प्र. निक्षेप कोने कहे छे? उ. युक्तिथी सुयुक्त मार्ग प्राप्त थतां कार्यनां वशथी नाम, स्थापना, द्रव्य अने भावमां पदार्थना स्थापनने निक्षेप कहे छे.

१०६ प्र. निक्षेपना केटला भेद छे? उ. चार छे. नामनिक्षेप, स्थापनानिक्षेप, द्रव्यनिक्षेप अने भावनिक्षेप.

१०७ प्र. नामनिक्षेप कोने कहे छे? उ. जे पदार्थमां जे गुण नथी, तेने तेज नामथी कहेवुं अथवा गुण, जाति, द्रव्य, अने क्रियानीं अपेक्षा रहित केवळ लोक व्यवहारने माटे नाम स्थापन करवुं, तेने नामनिक्षेप कहे छे, जेमके कोइए पोताना छोकरानुं नाम हाथीसिंह राख्युं छे, पण तेनामां हाथी अने सिंह बन्नेना गुणो नथी मात्र लोकव्यवहारने माटे छे.

१०८ प्र. स्थापनानिक्षेप कोने कहे छे? उ. साकार अथवा निराकार पदार्थमां आ तेज छे, एवी रीते अवधान करीने निवेश (स्थापन) करवाने स्थापनानिक्षेप कहे छे. जेमके-पार्श्व-नाथनी प्रतिमाने पार्श्वनाथ कहेवा अथवा सेतरंजनी सोकटीने हाथी घोडा कहेवा.

१०९ प्र. नामनिक्षेप अने स्थापनानिक्षेपमां शुं भेद छे? उ. नामनिक्षेपमां मूळ पदार्थनी माफक सत्कार आदिकनी प्रवृत्ति होती नथी, परन्तु स्थापनानिक्षेपमां होय छे. जेमके कोइए पोताना छोकरानुं नाम पार्श्वनाथ राख्युं छे, तो ते छोकरानो सत्कार पार्श्वनाथनी माफक थतो नथी, परन्तु पार्श्वनाथनी प्रतिमानोज सत्कार थाय छे.

११० प्र. द्रव्यनिक्षेप कोने कहे छे ? उ. जे पदार्थ भविष्यना परिणामनी योग्यता राखवावाळो होय तेने द्रव्यनिक्षेप कहे छे. जेमके राजाना पुत्रने राजा कहेवो.

१११ प्र. भावनिक्षेप कोने कहे छे ? उ. वर्तमानपर्याय संयुक्त वस्तुने भावनिक्षेप कहे छे. जेमके राज्य करता पुरुषने राजा कहेवो.

इति प्रथमोऽध्यायः समाप्तः ॥ १ ॥

अथ द्वितीयोऽध्यायः प्रारभ्यते ।

११२ प्र. द्रव्य कोने कहे छे ? उ. गुणोना समुहने द्रव्य कहे छे.

११३ प्र. गुण कोने कहे छे ? उ. द्रव्यना पूरा भागमां अने तेनी सर्व हालतोमां जे रहे, तेने गुण कहे छे.

११४ प्र. गुणना केटला भेद छे ? उ. बे भेद छे. सामान्यगुण, अने विशेषगुण.

११५ प्र. सामान्यगुण कोने कहे छे ? उ. जे सर्व द्रव्योमां व्यापे, तेने सामान्यगुण कहे छे.

११६ प्र. विशेषगुण कोने कहे छे ? उ. जे सर्व द्रव्योमां न व्यापे, तेने विशेषगुण कहे छे.

११७ प्र. सामान्यगुण केटला छे ? उ.

अनेक छे, पण तेमां छ मुख्य गुण छे. जेमके अस्तित्व, वस्तुत्व, द्रव्यत्व, प्रमेयत्व, अगुरु-लघुत्व अने प्रदेशवत्व.

११८ प्र. अस्तित्वगुण कोने कहे छे? उ. जे शक्तिना निमित्तथी द्रव्यनो कदी नाश न थाय, तेने अस्तित्वगुण कहे छे.

११९ प्र. वस्तुत्वगुण कोने कहे छे? उ. जे शक्तिना निमित्तथी द्रव्यमां अर्थक्रिया होय तेने वस्तुत्वगुण कहे छे. जेमके घडानी अर्थ-क्रिया जलधारण छे.

१२० प्र. द्रव्यत्वगुण कोने कहे छे? उ. जे शक्तिना निमित्तथी द्रव्य सदैव एक सरखा न रहे, अने जेनी पर्यायो (हालतो) हमेशां बदलती रहे तेने द्रव्यत्वगुण कहे छे.

अनेक छे, पण तेमां छ मुख्य गुण छे. जेमके अस्तित्व, वस्तुत्व, द्रव्यत्व, प्रमेयत्व, अगुरु-लघुत्व अने प्रदेशवत्व.

११८ प्र. अस्तित्वगुण कोने कहे छे? उ. जे शक्तिना निमित्तथी द्रव्यनो कदी नाश न थाय, तेने अस्तित्वगुण कहे छे.

११९ प्र. वस्तुत्वगुण कोने कहे छे? उ. जे शक्तिना निमित्तथी द्रव्यमां अर्थक्रिया होय तेने वस्तुत्वगुण कहे छे. जेमके घडानी अर्थ-क्रिया जलधारण छे.

१२० प्र. द्रव्यत्वगुण कोने कहे छे? उ. जे शक्तिना निमित्तथी द्रव्य सदैव एक सरखा न रहे, अने जेनी पर्यायो (हालतो) हमेशां बदलती रहे तेने द्रव्यत्वगुण कहे छे.

१२१ प्र. प्रमेयत्वगुण कोने कहे छे? उ. जे शक्तिना निमित्तथी द्रव्य कोइने कोइ ज्ञान-नो विषय होय, तेने प्रमेयत्वगुण कहे छे.

१२२ प्र. अगुरुलघुत्वगुण कोने कहे छे? उ. जे शक्तिना निमित्तथी द्रव्यनी द्रव्यता कायम रहे, अथवा एक द्रव्य बीजा द्रव्यरुप न परिणमे अथवा एक गुण बीजा गुणरुप न परिणमे तथा एक द्रव्यना अनेक अथवा अनन्तगुण विखराइने जुदा जुदा न थइ जाय, तेने अगुरुलघुत्वगुण कहे छे.

१२३ प्र. प्रदेशवत्वगुण कोने कहे छे? उ. जे शक्तिना निमित्तथी द्रव्यनो कोइपण आकार अवश्य होय, तेने प्रदेशवत्वगुण कहे छे.

१२४ प्र. द्रव्यना केटला भेद छे? उ. छ

भेद् छे. जीव, पुद्गल, धर्म, अधर्म, आकाश अने काळ.

१२५ प्र. जीवद्रव्य कोने कहे छे? उ. जेमां चेतना लक्षण होय, तेने जीवद्रव्य कहे छे.

१२६ प्र. पुद्गलद्रव्य कोने कहे छे? उ. जेमां स्पर्श, रस, गन्ध, अने वर्ण होय, तेने पुद्गलद्रव्य कहे छे.

१२७ प्र. पुद्गलद्रव्यना केटला भेद् छे? उ. बे भेद् छे. परमाणु, अने स्कन्ध.

१२८ प्र. परमाणु कोने कहे छे? उ. सर्वथी नाना पुद्गलने परमाणु कहे छे.

१२९ प्र. स्कन्ध कोने कहे छे? उ. अनेक परमाणुओनां बन्धने स्कन्ध कहे छे.

१३० प्र. बन्ध कोने कहे छे? उ. अनेक

चजोमां एकपणानुं ज्ञान करावनावाळा सम्ब-
न्धविशेषने बंध कहे छे.

१३१ प्र. स्कन्धना केटला भेद छे? उ.
आहारवर्गणा, तैजसवर्गणा, भाषावर्गणा, मनो-
वर्गणा; कार्माणवर्गणा वगेरे बावीस भेद छे.

१३२ प्र. आहारवर्गणा कोने कहे छे? उ.
औदारिक, वैक्रियक अने आहारक ए त्रण
शरीररुप जे परिणमे, तेने आहारवर्गणा कहे छे.

१३३ औदारिकशरीर कोने कहे छे? उ.
मनुष्य, तिर्यंचनां स्थूल शरीरने औदारिक-
शरीर कहे छे.

१३४ प्र. वैक्रियकशरीर कोने कहे छे?
उ. जे नाना, मोटा, एक, अनेक वगेरे जुदा
जुदा प्रकारनी क्रियाओने करे एवा देव अने

नारकीओना शरीरने वैक्रियकशरीर कहे छे.

१३५ प्र. आहारकशरीर कोने कहे छे ? उ. छट्ठागुणस्थानवर्ती मुनिने तत्त्वोमां कोइ शंका उत्पन्न थवाथी केवळी अथवा श्रुत केवळीना समीप जवाने माटे मस्तकमांथी जे एक हाथनुं पुतळुं नीकळे छे, तेने आहारकशरीर कहे छे.

१३६ प्र. तैजसवर्गणा कोने कहे छे ? उ. औदारिक अने वैक्रियकशरीरने कान्ति आपवावाळुं तैजस शरीर जे वर्गणाथी बने, तेने तैजस वर्गणा कहे छे.

१३७ प्र. भाषावर्गणा कोने कहे छे ? उ. जे शब्दरुप परिणमे, तेने भाषावर्गणा कहे छे.

१३८ प्र. कार्माणवर्गणा कोने कहे छे ?

उ. जे कार्माणशरीररुप परिणमे, तेने कार्माण वर्गणा कहे छे.

१३९ प्र. कार्माणशरीर कोने कहे छे? उ. ज्ञानावर्णी, दर्शनावर्णी, अन्तराय, मोहनीय, आयु, नाम, गोत्र अने वेदनीय ए आठे कर्मोना समुहने कार्माण शरीर कहे छे.

१४० प्र. तैजस अने कार्माण शरीर कोने होय छे? उ. संपूर्ण संसारी जीवोने तैजस अने कार्माण शरीर होय छे.

१४१ प्र. धर्म द्रव्य कोने कहे छे? उ. गतिरुप परिणमायला जीव अने पुद्गलोने जे गमन करवामां सहायकारी होय, तेने धर्म द्रव्य कहे छे. जेमके माछलीने माटे पाणी.

१४२ प्र. अधर्म द्रव्य कोने कहे छे? उ.

गति पूर्वक स्थितिरुप परिणमायला जीव अने पुद्गलने जे स्थितिमां सहायकारी होय, तेने अधर्म द्रव्य कहे छे.

१४३ प्र. आकाश द्रव्य कोने कहे छे? उ. जे जीवादिक पांचे द्रव्योने रहेवाने माटे जग्या आपे. तेने आकाश द्रव्य कहे छे.

१४४ प्र. काळ द्रव्य कोने कहे छे? उ. जे जीवादिक द्रव्योने परिणमनमां सहकारी (सहायक) होय, तेने काळ द्रव्य कहे छे. जेमके कुंभारना चाकने फेरववाने माटे लोढानो खीलो.

१४५ प्र. काळद्रव्यना केटला भेद छे? उ. निश्चय काळ द्रव्य अने व्यवहार काळ द्रव्य, ए बे भेद छे.

१४६ प्र. निश्चय काळ द्रव्य कोने कहे छे?
उ. काळ द्रव्यने निश्चय काल द्रव्य कहे छे.

१४७ प्र. व्यवहार काळद्रव्य कोने कहे छे?
उ. काळद्रव्यनी घडी, दीवस, महीनो, वरस आदि पर्यायोने व्यवहार काळद्रव्य कहे छे.

१४८ प्र. पर्याय कोने कहे छे? उ. गुणना विकारने पर्याय कहे छे.

१४९ प्र. पर्यायना केटला भेद छे? उ. बे भेद छे. व्यञ्जन पर्याय अने अर्थ पर्याय.

१५० प्र. व्यञ्जनपर्याय कोने कहे छे?
उ. प्रदेशत्वत्व गुणना विकारने व्यञ्जनपर्याय कहे छे.

१५१ प्र. व्यञ्जन पर्यायना केटला भेद छे?
उ. बे भेद छे, स्वभावव्यञ्जनपर्याय अने

विभावव्यञ्जनपर्याय.

१५२ प्र. स्वभावव्यञ्जनपर्याय कोने कहे छे ? उ. बीजाना निमित्त विना जे व्यञ्जन पर्याय होय, तेने स्वभाव व्यञ्जन पर्याय कहे छे. जेमके जीवनी सिद्धपर्याय.

१५३ प्र. विभावव्यञ्जनपर्याय कोने कहे छे? उ. बीजाना निमित्तथी जे व्यञ्जनपर्याय होय, तेने विभावव्यञ्जनपर्याय कहे छे, जेमके जीवना मनुष्य नारकादि पर्याय.

१५४ प्र. अर्थपर्याय कोने कहे छे ? उ. प्रदेशवत्व गुणना सिवाय अन्य समस्त गुणोना विकारने अर्थपर्याय कहे छे.

१५५ प्र. अर्थपर्यायना केटला भेद छे ? उ. बे भेद छे. स्वभावअर्थपर्याय अने विभाव

अर्थ पर्याय.

१९६ प्र. स्वभावअर्थपर्याय कोने कहे छे? उ. बीजाना निमित्त विना जे अर्थपर्याय होय, तेने स्वभावअर्थपर्याय कहे छे. जेमके जीवनुं केवळ ज्ञान.

१९७ प्र. विभावव्यञ्जनपर्याय कोने कहे छे? उ. बीजाना निमित्तथी जे अर्थपर्याय होय, तेने विभावअर्थपर्याय कहे छे. जेमके जीवना राग, द्वेष आदि.

१५८ प्र. उत्पाद कोने कहे छे? उ. द्रव्यमां नवीनपर्यायनी प्राप्तिने उत्पाद कहे छे.

१५९ प्र. व्यय कोने कहे छे? उ. द्रव्यनी पूर्व पर्यायना त्यागने व्यय कहे छे.

१६० प्र. ध्रौव्य कोने कहे छे? उ. प्रत्यभि

ज्ञानना कारण भूत द्रव्यनी कोइ पण अवस्था-
नी नित्यताने ध्रौव्य कहे छे.

१६१ प्र. द्रव्योमां विशेषगुण क्या क्या छे? उ. जीव द्रव्यमां चेतना, सम्यक्त्व, चारित्र इत्यादि. पुद्गलद्रव्यमां स्पर्श, रस, गन्ध, वर्ण; धर्म द्रव्यमां गति हेतुत्वपणुं वीगेरे, अधर्म द्रव्यमां स्थिति हेतुत्वपणुं वीगेरे, आकाश द्रव्यमां अवगाहन हेतुत्वपणुं अने काळ द्रव्यमां परिणामन हेतुत्वपणुं वीगेरे गुणो होय छे.

१६२ प्र. आकाशना केटला भेद छे? उ. आकाश एकज अखंड द्रव्य छे.

१६३ प्र. आकाश कयां छे? उ. आकाश सर्व व्यापी छे.

१६४ प्र. लोकाकाश कोने कहे छे? उ.

ज्यां सुधी जीव, पुद्गल, धर्म, अधर्म, काळ ए पांच द्रव्य छे, त्यां सुधीना आकाशने लोकाकाश कहे छे.

१६५ प्र. अलोकाकाश कोने कहे छे? उ. लोकना बहारना आकाशने अलोकाकाश कहे छे. अथवा ज्यां जीव, पुद्गल, धर्म, अधर्म अने काळ ए पांच द्रव्य नथी, ते आकाशने अलोकाकाश कहे छे.

१६६ प्र. लोकनी मोटाइ, उंचाइ अने पहोळाइ केटली छे? उ. लोकनी मोटाइ उत्तर अने दक्षिण दीशामां सर्वे जग्याए सात राजु छे. पहोळाइ पूर्व अने पश्चिम दिशामां मुळमां (नीचे जमीनमां) सात राजु छे. अने उपर अनुक्रमे घटीने सात राजुनी उंचाइ उपर पहोळाइ एक राजु

छे. पछी अनुक्रमे घटीने साडा दश राजुनी उंचाइ उपर पहोळाइ पांच राजु छे. पछी अनुक्रमे घटीने चौद राजुनी उंचाइ उपर एक राजु पहोळाइ छे. अने उर्द्ध्व अने अधो दिशामां (सातमा नरक सुधीमां) उंचाइ चौद राजुनी छे.

१६७ प्र. धर्म तथा अधर्म द्रव्य खंडरुप छे के अखंडरुप छे ? अने तेनी स्थिति क्यां छे? उ. धर्म अने अधर्मद्रव्य एक एक अखंड द्रव्य छे अने ते बन्ने समस्त लोकाकाशमां व्याप्त छे.

१६८ प्र. प्रदेश कोने कहे छे ? उ. आकाशना जेटला भागने एक पुद्गलपरमाणु रोके, तेटला भागने प्रदेश कहे छे.

१६९ प्र. काळद्रव्य केटला भेदरुप छे अने तेनी स्थिति क्यां छे ? उ. लोकाकाशना जेटला प्रदेश छे, तेटलाज काळद्रव्य छे. अने लोकाकाशना एक एक प्रदेश उपर एक एक काळद्रव्य (कालाणु) स्थित छे.

१७० प्र. पुद्गळद्रव्य केटला अने तेनी स्थिति क्यां छे? उ. पुद्गलद्रव्य अनंताअनंत छे अने ते समस्त लोकाकाशमां भरेला छे.

१७१ प्र. जीव द्रव्य केटला अने क्यां छे? उ. जविद्रव्य अनंताअनंत छे अने ते समस्त लोकाकाशमां भरेला छे.

१७२ प्र. एक जीव केटलो मोटो छे? उ. एक जीव प्रदेशोनी अपेक्षाए लोकाकाशनी बराबर छे, परन्तु संकोच विस्तारना कारणथी

पोताना शरीरना प्रमाण रुप छे. अने मुक्त जीव अन्तना शरीरना प्रमाण रुप छे.

१७३ प्र. लोकाकाशनी बराबर कयो जीव छे? उ. मोक्ष जतां पहेला समुद्घात करवा वाळो जीव लोकाकाशनी बराबर होय छे.

१७४ प्र. समुद्घात कोने कहे छे? उ. मूळ शरीर छोड्यां वगर जीवना प्रदेशोने बहार निकळवाने समुद्घात कहे छे.

१७५ प्र. अस्तिकाय कोने कहे छे? उ. बहुप्रदेशी द्रव्यने अस्तिकाय कहे छे.

१७६ प्र. अस्तिकाय केटला छे? उ. पांच छे. जीव, पुद्गल धर्म, अधर्म अने आकाश ए पांचोने पंचास्तिकाय कहे छे. काळद्रव्य बहुप्रदेशी नथी, ते कारणथी अस्तिकाय पण नथी.

१७७ प्र. पुद्गलपरमाणु एक प्रदेशी छे, तो ते अस्तिकाय केवी रीते छे ? उ. पुद्गलपरमाणु शक्तिनी अपेक्षाथी अस्तिकाय छे अथवा स्कंध रुपमां थइ बहुप्रदेशी थइ जाय छे, ते माटे उपचारथी ते अस्तिकाय छे.

१७८ प्र. अनुजीवी गुण कोने कहे छे? उ. भाव स्वरुप गुणने अनुजीवी गुण कहे छे. जेमके सम्यकत्त्व, चारित्र, सुख, चेतना, स्पर्श, रस, गन्ध, वर्णादिक.

१७९ प्र. प्रतिजीवीगुण कोने कहे छे ? उ. वस्तुना अभावस्वरुपधर्मने प्रतिजीवीगुण कहे छे, जेमके नास्तित्व, अमूर्त्तत्व, अचेतनत्व वीगेरे.

१८० प्र. अभाव कोने कहे छे ? उ. एक

पदार्थनु बीजा पदार्थमां नहि होवापणाने अभाव कहे छे.

१८१ प्र. अभावना केटला भेद छे? उ. प्रागभाव, प्रध्वंसाभाव, अन्योन्याभाव अने अन्यन्ताभाव ए चार भेद छे.

१८२ प्र. प्रागभाव कोने कहे छे? उ. वर्तमानपर्यायनो पूर्व पर्यायमां जे अभाव, तेने प्रागभाव कहे छे.

१८३ प्र. प्रध्वंसाभाव कोने कहे छे? उ. आगामी पर्यायमां वर्तमानपर्यायना अभावने प्रध्वंसाभाव कहे छे.

१८४ प्र. अन्यन्याभाव कोने कहे छे? उ. पुद्गलद्रव्यना एक वर्तमान पर्यायमां बीजा पुद्गलनी पर्यायना अभावने अन्योन्याभाव कहे छे.

१८५ प्र. अत्यन्ताभाव कोने कहे छे? उ. एक द्रव्यमां बीजा द्रव्यना अभावने अत्यन्ताभाव कहे छे.

१८६ प्र. जीवना अनुजीवी गुण कया कया छे? उ. चेतना, सम्यक्त्व, चारित्र, सुख, वीर्य, भव्यत्व, अभव्यत्व, जीवत्व, वैभाविक, कर्तृत्व, भोक्तृत्व, वीगेरे अनन्तगुण छे.

१८७ प्र. जीवना प्रतिजीव गुण कया कया छे? उ. अव्याबाध, अवगाह, अगुरुलघु, सूक्ष्मत्व, नास्तित्व इत्यादि.

१८८ प्र. चेतना कोने कहे छे? उ. जेमां पदार्थोनो प्रतिभास (जाणवुं) होय, तेने चेतना कहे छे.

१८९ प्र. चेतनाना केटला भेद छे? उ.

बे भेद छे. दर्शनचेतना, अने ज्ञानचेतना.

१९० प्र. दर्शनचेतना कोने कहे छे? उ. जेमां महासत्तानो (सामान्यनुं) प्रतिभास (ज्ञान) होय, तेने दर्शनचेतना कहे छे.

१९१ प्र. महासत्ता कोने कहे छे? उ. समस्त पदार्थोना अस्तित्वगुणने ग्रहण करवावाळी सत्ताने महासत्ता कहे छे.

१९२ प्र. ज्ञानचेतना कोने कहे छे? उ. अवान्तर सत्ता विशिष्ट विशेष पदार्थने विषय करवावाळी चेतनाने ज्ञानचेतना कहे छे.

१९३ प्र. अवान्तरसत्ता कोने कहे छे? उ. कोइपण विवक्षित पदार्थनी सत्ताने अवान्तर-सत्ता कहे छे.

१९४ प्र. दर्शनचेतनाना केटला भेद छे?

उ. चार भेद छे. चक्षुदर्शन, अचक्षुदर्शन, अवधिदर्शन अने केवळदर्शन.

१९५ प्र. ज्ञानचेतनाना केटला भेद छे? उ. पांच भेद छे. मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान. मनःपर्ययज्ञान अने केवळज्ञान.

१९६ प्र. मतिज्ञान कोने कहे छे? उ. इन्द्रिय अने मननी सहायताथी जे ज्ञान थाय, तेने मतिज्ञान कहे छे.

१९७ प्र. मतिज्ञानना केटला भेद छे? उ. बे भेद छे. सांव्यवहारिक प्रत्यक्ष अने परोक्ष.

१९८ प्र. परोक्ष मतिज्ञानना केटला भेद छे? उ. चार भेद छे. स्मृति, प्रत्यभिज्ञान, तर्क, अने अनुमान.

१९९ प्र. मतिज्ञानना बीजी रीतना केटला

भेद छे ? उ. चार भेद छे. अवग्रह, इहा, अवाय अने धारणा.

२०० प्र. अवग्रह कोने कहे छे ? उ. इन्द्रिय अने पदार्थना योग्य स्थानमां (मौजुद जगामां) रहेवाथी सामान्य प्रतिभासरुप दर्शननी पछी अवान्तर सत्ता सहित विशेष वस्तुना ज्ञानने अवग्रहज्ञान कहे छे. जमके आ मनुष्य छे.

२०१ प्र. इहाज्ञान कोने कहे छे ? उ. अवग्रह ज्ञानथी जाणेला पदार्थना विषयमां उत्पन्न थयेला संशयने दूर करता एवी अभिलाषा स्वरुप ज्ञानने इहा ज्ञान कहे छे. आ इहा ज्ञान एटलुं कमजोर छे के कोइपण पदार्थनुं इहा ज्ञान थइने छुटी जाय, तो तेना विषयमां

काळान्तरमां संशय अने विस्मरण थइ जाय छे, जेमके ते ठाकोरदासजी छे.

२०२ प्र. अवाय कोने कहे छे? उ. इहाथी जाणेला पदार्थमां आ तेज छे. अन्य (बीजो) कोइ नथी एवा मजबुत ज्ञानने अवाय कहे छे. अवायथी जाणेला पदार्थमां संशय तो थतो नथी, परन्तु विस्मरण थइ जाय छे, जेमके ते ठाकोरदासजीज छे, बीजो कोइ नथी.

२०३ प्र. धारणा कोने कहे छे? उ. जे ज्ञानथी जाणेला पदार्थमां काळान्तरमां संशय तथा विस्मरण न होय. अथवा अवाय ज्ञानथी जाणेला पदार्थने कालान्तरमां भुलवुं नहि. तेने धारणाज्ञान कहे छे.

२०४ प्र. मतिज्ञानना विषयभूतपदार्थोना

केटला भेद छे? उ. बे भेद छे. व्यक्त. अने अव्यक्त.

२०५ प्र. अवग्रहादिक ज्ञान बन्ने पदार्थोमां थइ शके छे के नहि ? तथा ते केवा रीते छे? उ. व्यक्त (प्रगटरुप) पदार्थना अवग्रहादिक चारे ज्ञान होय छे. परन्तु अव्यक्त (अप्रगटरुप) पदार्थनुं मात्र अवग्रहज ज्ञान होय छे.

२०६ प्र. अर्थावग्रह कोने कहे छे ? उ. व्यक्त (प्रगट) पदार्थना अवग्रह ज्ञानने अर्थावग्रह कहे छे.

२०७ प्र. व्यञ्जनावग्रह कोने कहे छे ? उ. अव्यक्त (अप्रगट रुप) पदार्थना अवग्रहने व्यञ्जनावग्रह कहे छे.

२०८ प्र. व्यञ्जनावग्रह अर्थावग्रहना माफक

सर्वे ईन्द्रियो अने मन द्वारा थाय छे के केम ? उ. व्यञ्जनावग्रह चक्षु अने मनना सिवायनी सर्वे इन्द्रियोथी थाय छे.

२०९ प्र. व्यक्त अने अव्यक्त पदार्थना केटला भेद छे ? उ. दरेकना बार भेद छे. बहु, एक, बहुविध, एकविध, क्षिप्र, अक्षिप्र. निःसृत, अनिःसृत, उक्त, अनुक्त, ध्रुव, अध्रुव.

२१० प्र. श्रुतज्ञान कोने कहे छे ? उ. मतिज्ञानथी जाणेला पदार्थथी संबन्ध लइने कोई बीजा पदार्थना ज्ञानने श्रुतज्ञान कहे छे. जेमके ' घडो ' शब्द सांभळवा पछी उत्पन्न थयेला कंबुग्रीवादि रुप घडानुं ज्ञान.

२११ प्र. दर्शन क्यारे थाय छे ? उ. ज्ञानना पहेलां दर्शन होय छे. दर्शन वगर अल्पज्ञ

जनोने ज्ञान होतुं नथी, परन्तु सर्वज्ञ देवने ज्ञान अने दर्शन साथे साथे थाय छे.

११२ प्र. चक्षुदर्शन कोने कहे छे ? उ. नेत्रजन्य (आंखेथी देखाता) मतिज्ञानना पहेलां सामान्य प्रतिभास अथवा अवलोकनने (देवखवाने) चक्षुदर्शन कहे छे.

२१३ प्र. अचक्षुदर्शन कोने कहे छे ? उ. चक्षु (आंख)ना सिवाय बाकीनी इन्द्रियो अने मन संबन्धि मतिज्ञानना पहेलां थवावाळा सामान्य अवलोकन (दर्शन) ने अचक्षुदर्शन कहे छे.

२१४ प्र. अवधिदर्शन कोने कहे छे ? उ. अवधिज्ञानथी पहेलां थवावाला सामान्य अवलोकनने अवधिदर्शन कहे छे.

२१५ प्र. केवळदर्शन कोने कहे छे ? उ. केवळज्ञाननी साथे थवावाळा सामान्य अवलोकनने केवलदर्शन कहे छे.

२१६ प्र. सम्यकत्त्वगुण कोने कहे छे ? उ. जे गुणना प्रगट थवाथी पोताना शुद्ध आत्मानो प्रतिभास थाय, तेने सम्यकत्त्वगुण कहे छे.

२१७ प्र. चारित्र कोने कहे छे ? उ. बाह्य अने अभ्यन्तर क्रियाना निरोध (रोकवा)थी प्रादुर्भूत आत्मानी शुद्धि विशेषने चारित्र कहे छे.

२१८ प्र. बाह्यक्रिया कोने कहे छे ? उ. हिंसा करवी, चोरी करवा, जूटुं बोलवुं, मैथुन करवुं, परिग्रहसंचय करवो, ए बाह्य क्रिया छे.

२१९ प्र. अभ्यन्तर क्रिया कोने कहे छे? उ. योग अने कषायने अभ्यन्तर क्रिया कहे छे.

२२० प्र. योग कोने कहे छे? उ. मन, वचन, कायना निमित्तथी आत्माना प्रदेशोना चंचळ होवाने योग कहे छे.

२२१ प्र. कषाय कोने कहे छे? उ. क्रोध, मान. माया, लोभरूप आत्माना विभाव परिणामोने कषाय कहे छे.

२२२ प्र. चारित्रना केटला भेद छे? उ. चार भेद छे. स्वरुपाचरणचारित्र, देशचारित्र, सकलचारित्र, अने यथाख्यातचारित्र.

२२३ प्र. स्वरुपाचरणचारित्र कोने कहे छे? उ. शुद्धात्मानुभवथी अविनाभावी चारित्र विशेषने स्वरुपाचरण चारित्र कहे छे.

२२४ प्र. देशचारित्र कोने कहे छे? उ. श्रावकोना व्रतोने देशचारित्र कहे छे.

२२५ प्र. सकलचारित्र कोने कहे छे? उ. मुनियोना व्रतोने सकलचारित्र कहे छे.

२२६ प्र. यथाख्यातचारित्र कोने कहे छे? उ. कषायोनो सर्वथा अभाव होवाथी प्रादुर्भुत आत्माना शुद्धि विशेषने यथाख्यातचारित्र कहे छे.

२२७ प्र. सुख कोने कहे छे? उ. आल्हादरुप आत्माना परिणामविशेषने सुख कहे छे.

२२८ प्र. वीर्य कोने कहे छे? उ. आत्मानी शक्तिने (बळने) वीर्य कहे छे.

२२९ प्र. भव्यत्वगुण कोने कहे छे? उ. जे शक्तिना निमित्तथी आत्माना सम्यग्दर्शन,

सम्यग्ज्ञान, सम्यग्चारित्र प्रगट थवानी योग्यता होय, तेने भव्यत्व गुण कहे छे.

२३० प्र. अभव्यत्व गुण कोने कहे छे ? उ. जे शक्तिना निमित्तथी आत्माने सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यग्चारित्र प्रगट थयानी योग्यता न होय तेने अभव्यत्व गुण कहे छे.

२३१ प्र. जीवत्वगुण कोने कहे छे ? उ. जे शक्तिना निमित्तथी आत्मा प्राण धारण करे. तेने जीवत्वगुण कहे छे.

२३२ प्र. प्राण कोने कहे छे ? जेना संयोगथी आ जीव जीवनअवस्थाने प्राप्त थाय अने वियोगथी मरणअवस्थाने प्राप्त थाय, तेने प्राण कहे छे.

वि॰ २३३ प्र. प्राणना केटला भेद छे ? उ. बे

भेद छे. द्रव्य प्राण अने भावप्राण.

२३४ प्र. द्रव्यप्राणोना केटला भेद छे ? उ. दश भेद छे. मन, वचन, काय, स्पर्शन इन्द्रिय, रसना इन्द्रिय, घ्राण इन्द्रिय, चक्षु इन्द्रिय, श्रोत्र इन्द्रिय, श्वासोश्वास अने आयु.

२३५ प्र. भावप्राणना केटला भेद छे ? उ. आत्माना चेतना अने बळ गुणने भावप्राण कहे छे.

२३६ प्र. कया जीवने केटला प्राण होय छे ? उ. एकेन्द्रिय जीवने चार प्राण होय छे. स्पर्शनेन्द्रिय, कायबळ, श्वासोश्वास अने आयु, बेइन्द्रिय जीवने, स्पर्शनेन्द्रिय, कायबळ, श्वा-सोश्वास, आयु, रसनेन्द्रिय, अने वचन ए छ प्राण होय छे. त्रण इन्द्रिय जीवने, स्पर्शनेन्द्रिय

कायबळ, श्वासोश्वास, आयु, रसनेन्द्रिय, वचन, घ्राणेन्द्रिय, ए सात प्राण होय छे. चार इन्द्रिय जीवोने स्पर्शनेन्द्रिय, कायबळ, श्वासोश्वास, आयु, रसनेन्द्रिय, वचन, घ्राणेन्द्रिय, चक्षु इन्द्रिय ए आठ प्राण होय छे. पंचेइन्द्रिय असैनी जीवोने स्पर्शनेन्द्रिय, कायबळ, श्वासो-श्वास, आयु, रसनेन्द्रिय, वचन, घ्राणेन्द्रिय, चक्षुइन्द्रिय, श्रोत्रइन्द्रिय ए नवप्राण होय छे. अने पंचेन्द्रिय सैनी जीवोने स्पर्शनेन्द्रिय, काय-बल, श्वासोश्वास, आयु, रसनेन्द्रिय, वचन घ्राणेन्द्रिय, चक्षुइन्द्रिय, श्रोत्रइन्द्रिय, अने मन-बल ए दश प्राण होय छे.

२३७ (क) प्र. भावप्राणना केटला भेद छे?

उ. भावेन्द्रिय अने बलप्राण.

२३७ (ख) प्र. भावेन्द्रियना केटला भेद छे? उ. पांच भेद छे. स्पर्शन, (शरीर), रसना (जीभ). घ्राण (नाक), चक्षु (आंख), श्रोत्र (कान).

२३८ प्र. बलप्राणना केटला भेद छे? उ. त्रण भेद छे, मनोबल, वचनबल अने कायबल.

२३९. प्र. वैभाविकगुण कोने कहे छे? उ. जे शक्तिना निमित्तथी बीजा द्रव्यनो संबंध थवामा आत्मामां विभाव परिणति थाय, तेने वैभाविकगुण कहे छे.

२४० प्र. अव्याबाध प्रतिजीवीगुण कोने कहे छे? उ. साता अने असातारुप आकुळताना अभावने अव्याबाध प्रतिजीवीगुण कहे छे.

२४१ प्र. अवगाह प्रतिजीवीगुण कोने कहे

छे ? उ. परतन्त्रपना अभावने अवगाह प्रति-
जीवीगुण कहे छे.

२४२ प्र. अगुरुलघुत्व प्रतिजीवीगुण कोने
कहे छे ? उ. उच्चता अने निच्चताना अभावने
अगुरुलघुत्व प्रतिजीवीगुण कहे छे.

२४३ प्र. सूक्ष्मत्व प्रतिजीवीगुण कोने कहे छे ?
उ. इन्द्रियोना विषयरुप स्थूलताना अभावने
सूक्ष्मत्व प्रतिजीवीगुण कहे छे.

इति द्वितीयोऽध्यायः समाप्तः ।

अथ तृतीयोऽध्यायः प्रारभ्यते ।

२४४ प्र. जीवना केटला भेद छे ? उ. बे
भेद छे. संसारी अने मुक्त.

२४५ प्र. संसारीजीव कोने कहे छे ? उ.

कर्मसहित जीवने संसारी जीव कहे छे.

२४६ प्र. मुक्त जीव कोने कहे छे? उ. कर्मरहित जीवने मुक्त जीव कहे छे.

२४७ प्र. कर्म कोने कहे छे? उ. जीवना रागद्वेषादिक परिणामोना निमित्तथी कार्माण वर्गणारुप जे पुद्गलस्कंध जीवनी साथे बंधने प्राप्त थाय छे, तेने कर्म कहे छे.

२४८ प्र. बंधना केटला भेद छे? उ. चार भेद छे. प्रकृतिबंध, प्रदेशबंध, स्थितिबंध, अने अनुभागबंध.

२४९ प्र. ए चार प्रकारना बंधोनुं कारण शुं छे? उ. प्रकृतिबंध अने प्रदेशबंध योगथी (मन, वचन, कायथी) थाय छे अने स्थिति-बंध अने अनुभागबंध कषायथी (क्रोध, मान, माया, लोभथी) थाय छे.

२५० प्र. प्रकृतिबंध कोने कहे छे? उ. मोहादी जनक तथा ज्ञानादि घातक तत्तत् स्वभाववाळा कार्माण पुद्गलस्कंधोनो आत्मा साथे संबंध थवाने प्रकृतिबंध कहे छे.

२५१ प्र. प्रकृतिबंधना केटला भेद छे? उ. आठ भेद छे. ज्ञानावरण, दर्शनावरण. वेदनीय. मोहनीय. आयु. नाम, गोत्र. अने अन्तराय.

२५२ प्र. ज्ञानवरण कोने कहे छे? उ. जे कर्म आत्माना ज्ञानगुणने घाते (घात करे) तेने ज्ञानावरणकर्म कहे छे.

२५३ प्र. ज्ञानावरण कर्मना केटला भेद छे? उ. पांच भेद छे. मतिज्ञानावण, श्रुतज्ञानावरण, अवधिज्ञानावरण, मनःपर्ययज्ञानावरण, अने केवलज्ञानावरण.

२५४ प्र. दर्शनावरण कर्म कोने कहे छे ? उ. जे आत्माना दर्शन गुणने घाते, तेने दर्शनावरण कर्म कहे छे.

२५५ प्र. दर्शनावरण कर्मना केटला भेद छे ? उ. नव भेद छे. चक्षुदर्शनावरण, अचक्षुदर्शनावरण, अवधिदर्शनावरण, केवलदर्शनावरण, निद्रा, निद्रानिद्रा, प्रचला, प्रचलाप्रचला, अने स्त्यान गृद्धि.

२५६ प्र. वेदनीय कर्म कोने कहे छे ? उ. जे कर्मना फळथी जीवने आकुलता थाय अथवा जे अव्याबाध गुणने घाते, तेने वेदनीय कर्म कहे छे.

२५७ प्र. वेदनीय कर्मना केटला भेद छे ? उ. बे भेद छे. सातावेदनीय अने असातावेदनीय.

२५८ प्र. मोहनीय कर्म कोने कहे छे? उ. जे आत्माना सम्यक्त्व अने चारित्र गुणोने घाते, तेने मोहनीय कर्म कहे छे.

२५९ प्र. मोहनीयकर्मना केटला भेद छे? उ. बे भेद छे. दर्शनमोहनीय अने चारित्र मोहनीय.

२६० प्र. दर्शनमोहनीय कर्म कोने कहे छे? उ. आत्माना सम्यक्त्व गुणने जे घाते, तेने दर्शनमोहनीय कर्म कहे छे.

२६१ प्र. दर्शनमोहनीय कर्मना केटला भेद छे? उ. त्रण भेद छे. मिथ्यात्व, सम्यग्मिथ्यात्व अने सम्यग्प्रकृति.

२६२ मिथ्यात्व कोने कहे छे? उ. जे कर्मना उदयथी जीवने अतत्त्वश्रद्धान थाय, तेने मिथ्यात्व कहे छे.

२६३ प्र. सम्यग्मिथ्यात्व कोने कहे छे? उ. जे कर्मना उदयथी सम्यक्त्वरुप के मिथ्यात्व-रुप न कही शकाय एवा मळेला परिणामने सम्यग्मि थ्यात्व कहे छे.

२६४ प्र. सम्यग्प्रकृति कोने कहे छे? उ. जे कर्मना उदयथी सम्यकत्त्व गुणना मुळनो घात तो नहि थाय, परन्तु चल, मलादिक दोष उपजे, तेने सम्यग्प्रकृति कहे छे.

२६५ प्र. चारित्रमोहनीय कोने कहे छे? उ. जे आत्माना चारित्रगुणनो घात करे, तेने चारित्रमोहनीय कर्म कहे छे.

२६६ प्र. चारित्रमोहनीय कर्मना केटला भेद छे? उ. बे भेद छे. कषाय अने नोकषाय. (किंचित्कषाय)

२६७ प्र. कषायना केटला भेद छे? उ. सोळ भेद छे. अनन्तानुबंधी क्रोध, अनन्तानुबंधी मान, अनन्तानुबंधी माया, अनन्तानुबंधी लोभ; अप्रत्याख्यानावरण क्रोध, अप्रत्याख्यानावरण मान, अप्रत्याख्यानावरण माया, अप्रत्याख्यानावरण लोभ; प्रत्याख्यानावरण क्रोध, प्रत्याख्यानावरणमान; प्रत्याख्यानावरण माया, प्रत्याख्यानावरण लोभ; संज्वलन क्रोध, संज्वलन मान, संज्वलन माया. संज्वलन लोभ, ए सोळ भेद छे.

२६८ प्र. नोकषायना केटला भेद छे? उ. नव भेद छे. हास्य, रति, अरति, शोक, भय, जुगुप्सा, स्त्रीवेद, पुरुषवेद, अने नपुंसकवेद.

२६९ प्र. अनंतानुबंधी क्रोध, मान, माया,

लोभ कोने कहे छे? उ. जे आत्माना स्वरुपा-
चरणचारित्रनो घात करे, तेने अनन्तानुबंधी
क्रोध, मान, माया, लोभ कहे छे.

२७० प्र. अप्रत्याख्यानावरण क्रोध. मान,
माया, लोभ कोने कहे छे? उ. जे आत्माना
देशचारित्रने घाते, तेने अप्रत्याख्यानावरण
क्रोध, मान, माया, लोभ कहे छे.

२७१ प्र. प्रत्याख्यानावरण क्रोध, मान.
माया, लोभ कोने कहे छे? उ. जे आत्माना
सकलचारित्रने घाते, तेने प्रत्याख्यानावरण
क्रोध, मान, माया, लोभ कहे छे.

२७२ प्र. संज्वलनक्रोध, मान, माया.
लोभ अने नोकषाय कोने कहे छे? उ. जे आ-
त्माना यथाख्यातचारित्रनो घात करे, तेने सं-
ज्वल अने नोकषाय कहे छे.

२७३ प्र. आयुकर्म कोने कहे छे? उ. जे कर्म आत्माने नारक, तिर्यञ्च, मनुष्य अने देवना शरीरमां रोकी राखे तेने आयुकर्म कहे छे. अर्थात् आयुकर्म आत्माना अवगाहगुणने घाते छे.

२७४ प्र. आयुकर्मना केटला भेद छे? उ. चार भेद छे. नरकायु, तिर्यंचायु, मनुष्यायु अने देवायु.

२७५ प्र. नामकर्म कोने कहे छे? उ. जे कर्म जीवने गति वीगेरे अनेक प्रकारना रुप परिणमावे अथवा शरीरादिक बनावे, तेने नाम कर्म कहे छे. भावार्थ—नामकर्म आत्माना सूक्ष्मत्व गुणने घाते छे.

२७६ प्र. नामकर्मना केटला भेद छे? उ.

त्राणु (९३)–चारगति (नरकगति, तिर्यञ्चगति मनुष्यगति अने देवगति), पांचजाति–(एकेन्द्रिय जाति, बेइन्द्रिय जाति, त्रणइन्द्रिय जाति, चारइन्द्रिय जाति अने पांच-इन्द्रिय जाति), पांच शरीर (औदारिक शरीर, वैक्रियिक, आहारक, तेजस अने कार्माण) त्रण आंगोपांग (औदारिक, वैक्रियिक अने आहारक आंगोपांग), एक निर्माणकर्म, पांच बंधन कर्म (औदारिकबंधन, वैक्रियिक बंधन, आहारकबंधन, तैजस बंधन अने कार्माण बंधन) पांच संघात–(औदारिक, वैक्रियिक आहारक, तैजस अने कार्माण संघात), छ संस्थान (समचतुरस्त्र संस्थान, न्यग्रोधपरिमंडल संस्थान, स्वातिसंस्थान, कुब्जकसंस्थान

वामनसंस्थान अने हुंडकसंस्थान), छ संहनन (वज्रर्षभ नाराच संहनन, वज्रनाराच संहनन, नाराच संहनन, अर्द्धनाराच संहनन, कीलक संहनन अने असंप्राप्तासृपाटिका संहनन),

पांच वर्ण (कृष्ण, नील, रक्त, पीत, श्वेत), बे गंध–(सुगन्ध अने दुर्गन्ध), पांच रस (खाट्टो, मीठो, कडवो, कषायलो, चर्परो),

आठ स्पर्श--(कठोर, कोमल, हलको, भारे, ठंडो, गरम, चिकणो, लुखो)

चारआनुपूर्व्य–(नरक, तिर्यञ्च, मनुष्य अने देवगत्यानुपूर्व्य)

अगुरुलघुत्व एक, उपघातकर्म एक, परघात कर्म एक, आतापकर्म, एक उद्योत कर्म एक, बे विहायोगति(मनोज्ञगति, अमनोज्ञगति), उच्छ्वास

एक, त्रसएक, स्थावर एक, बादर एक, सूक्ष्म
एक, पर्याप्त एक, अपर्याप्त एक, प्रत्येक नाम कर्म
एक, एक साधारण नाम कर्म, स्थिरनाम
कर्म एक, अस्थिर नाम कर्म एक, शुभ नाम
कर्म एक, अशुभ नाम कर्म एक, सुभग नाम
कर्म एक, दुर्भग नाम कर्म एक, सुस्वर नाम
कर्म एक, दुःस्वर नाम कर्म एक, आदेय नाम
कर्म एक, अनादेय नाम कर्म एक, यशकिर्ति
नाम कर्म एक, अयशः किर्तिनामकर्म एक,
तीर्थंकरनामकर्म एक.

२७७ प्र. गतिनामकर्म कोने कहे छे ?
उ. जे कर्म जीवनो आकार नारकी, तिर्यंच,
मनुष्य अने देवना समान बनावे, तेने गति
नामकर्म कहे छे.

२७८ प्र. जाति कोने कहे छे? उ. अव्यभिचारी सदृशताथी एकरुप करवावाळा विशेषने जाति कहे छे. अर्थात् ते सदृशधर्मवाळा पदार्थोनेज ग्रहण करे छे.

२७९ प्र. जाति नामकर्म कोने कहे छे? उ. जे कर्मना उदयथी एकेन्द्रिय, बेइन्द्रिय, त्रणेन्द्रिय; चोरेन्द्रिय, पांचेन्द्रिय कहेवाय, तेने जाति नामकर्म कहे छे.

२८० प्र. शरीरनामकर्म कोने कहे छे? उ. जे कर्मना उदयथी आत्माना औदारिकादि शरीर बने, तेने शरीरनामकर्म कहे छे.

२८१ प्र. निर्माणनामकर्म कोने कहे छे? उ. जे कर्मना उदयथी अंगोपांगनी बराबर रचना थाय, तेने निर्माणकर्म कहे छे.

२८२ प्र. बंधन नामकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी औदारिकादि शरीरोना परमाणु परस्पर संबंधने प्राप्त थाय, तेने बंधन नाम कहे छे.

२८३ प्र. संघात नामकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी औदारिकादि शरीरोनां परमाणुं छिद्ररहित एकताने प्राप्त थाय, तेने संघात नामकर्म कहे छे.

२८४ प्र. संस्थान नामकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी शरीरनी आकृति (सीकल) बने, तेने संस्थान नामकर्म कहे छे.

२८५ प्र. समचतुरस्र संस्थान कोने कहे छे ? उ. जे कर्मना उदयथी शरीरनी आकृति उपर, नीचे तथा मध्यमां सरखे भागे बने, तेने समचतुरस्र संस्थान कहे छे.

२८६ प्र. न्यग्रोधपारिमंडल कोने कहे छे?
उ. जे कर्मना उदयथी जीवना शरीर वडना वृक्षनी माफक होय अर्थात् नाभिथी नीचेना अंग नानां अने उपरना अंग मोटा होय. तेने न्यग्रोध परिमंडल संस्थान कहे छे.

२८७ प्र. स्वातिसंस्थान कोने कहे छे?
उ. जेना उदयथी नीचेनो भाग स्थूल अथवा मोटो होय अने उपरनो भाग पातलो (नानो) होय तेने स्वाति संस्थान नामकर्म कहे छे.

२८८ प्र. कुब्जक संस्थान कोने कहे छे?
उ. जे कर्मना उदयथी कुबडुं शरीर थाय, तेने कुब्जक संस्थान कहे छे.

२८९ प्र. वामन संस्थान कोने कहे छे?
उ. जे कर्मना उदयथी शरीर घणुंज नानुं थाय, तेने वामनसंस्थान कहे छे.

२९० प्र. हुंडक संस्थान कोने कहे छे? उ. जे कर्मना उदयथी शरीरना अंग उपांग कोइ ठेकाणे नाना अथवा मोटा थाय तथा संख्यामां ओछा वधारे थाय, एवा बेडोळ शरीरना आकारने हुंडकसंस्थान कहे छे.

२९१ प्र. संहनननामकर्म कोने कहे छे? उ. जे कर्मना उदयथी शरीरना हाड वगेरेना बंधनमां विशेषता थाय, तेने संहनन नाम कर्म कहे छे.

२९२ प्र. वज्रर्षभनाराच संहनन कोने कहे छे.? उ. जे कर्मना उदयथी शरीरमां वज्रनां हाड, वज्रनां वेष्टन अने वज्रनी कीलीओ थाय, तेने वज्रर्षभनाराच संहनन कहे छे.

२९३ प्र. वज्रनाराचसंहनन कोने कहे

छे ? उ. जे कर्मना उदयथी वज्रना हाड अने वज्रनी कीलीओ थाय, परन्तु नाराच (बेठन) वज्रनां न थाय, तेने वज्रनाराच संहनन कहे छे.

२९४ प्र. नाराच संहनन कोने कहे छे ? उ. जे कर्मना उदयथी वेष्टन अने कीलीओ सहित हाड थाय, तेने नाराच संहनन कहे छे.

२९५ प्र. अर्धनाराच संहनन कोने कहे छे ? उ. जे कर्मना उदयथी हाडोनी संधि अर्ध किलीत थाय, तेने अर्धनाराच संहनन कहे छे.

२९६ प्र. कीलकसंहनन कोने कहे छे ? उ. जे कर्मना उदयथी हाडनी संधी परस्पर कीलीत थाय, तेने कीलकसंहनननामकर्म कहे छे.

२९७ प्र. असंप्राप्तासृटिकासंहनन कोने कहे छे ? उ. जे कर्मना उदयथी जुदा जुदा हाड

नसोथी बंधायेला थाय, पण परस्पर कीलीत न थाय, तेने असंप्राप्तासृपाटिका संहनन कहे छे.

२९८ प्र. वर्ण नामकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी शरीरमां रंग उत्पन्न थाय, तेने वर्णनामकर्म कहे छे.

२९९ प्र. गंधनामकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी शरीरमां गंध (सुगंध, दूर्गन्ध) थाय, तेने गंधनामकर्म कहे छे.

३०० प्र. रसनामकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी शरीरमां रस उत्पन्न थाय, तेने रसनामकर्म कहे छे.

३०१ प्र. स्पर्शनामकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी शरीरमां स्पर्शगुण उत्पन्न थाय, तेने स्पर्शनामकर्म कहे छे.

२०२ प्र. आनुपूर्वीनामकर्म कोने कहे छे?
उ. जे कर्मना उदयथी पूर्वायुनो नाश थवामां पूर्वना निर्माण नामकर्मनी निवृत्ति थवाथी पूर्वना तैजस अने कार्माण शरीरना आकारनो नाश नहि थाय, तेने आनुपूर्वीनामकर्म कहे छे.

२०३ प्र. अगुरुलघुनामकर्म कोने कहे छे?
उ. जे कर्मना उदयथी लोढाना गोळानी माफक भारे अथवा आंकडाना फुलनी माफक हलकुं शरीर न थाय, तेने अगुरुलघुनामकर्म कहे छे.

२०४ प्र. उपघातनामकर्म कोने कहे छे?
उ. जे कर्मना उदयथी पोताना अंगोथी पोतानोज घात थाय, तेने उपघात नामकर्म कहे छे.

२०५ प्र. परघातनामकर्म कोने कहे छे?
उ. जे कर्मना उदयथी बीजाने घात करवा-

वाळा अंग उपांग थाय, तेने परघात नामकर्म कहे छे. जेमके—तीक्ष्ण सींगडां, सर्पनी दाढमां झेर वीगेरे.

३०६ प्र. आतापनामकर्म कोने कहे छे?
उ. जे कर्मना उदयथी आतापरुप शरीर थाय, तेने आताप नामकर्म कहे छे. जेमके—सूर्यनुं प्रतिबिम्ब ते सूर्यना विमानमां बादर पर्याप्ति जीवोने होय छे.

३०७ प्र. उद्योत नामकर्म कोने कहे छे?
उ. जे कर्मना उदयथी उद्योतरुप शरीर थाय, तेने उद्योत नामकर्म कहे छे, तेनो उदय चंद्रमाना विमानमां तथा आगिया नामना चारइन्द्रिय जीव वीगेरेने थाय छे.

३०८ प्र. विहायोगति नामकर्म कोने कहे

छे ? उ. जे कर्मना उदयथी आकाशमां गमन थाय, तेने विहायोगति नामकर्म कहे छे. विहायोगति नामकर्मना बे भेद छे. जे हाथी, बळद्नीगतिनी माफक सुंदर गमननुं कारण थाय, तेने प्रशस्त (शुभ) विहायोगति कहे छे, तथा ऊंट गधेडा आदिना समान अप्रशस्त (अशुभ) गमननुं कारण थाय तेने अप्रशस्त विहायोगति कहे छे, परन्तु मुक्त होवाथी जीवोने तथा चैतन्य वगरना पुद्गलने जे गति थाय छे ते स्वभावीक गति छे, तेमां कर्मजनीत कारण नथी)

२०९ प्र. उच्छ्वास नामकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी शरीरमां श्वासोश्वास उत्पन्न थाय, तेने उच्छ्वास नामकर्म कहे छे.

३१० प्र. त्रसनामकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी बे इन्द्रियादि जीवोमां जन्म थाय, तेने त्रस नामकर्म कहे छे.

३११ प्र. स्थावरनामकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी पृथिवीकाय, अपकाय, तेजकाय, वायुकाय अने वनस्पतिकायमां जन्म थाय, तेने स्थावरनामकर्म कहे छे.

३१२ प्र. पर्याप्तिकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी पोताना योग्य पर्याप्ति पूर्ण थाय, तेने पर्याप्ति नामकर्म कहे छे.

३१३ प्र. पर्याप्ति कोने कहे छे ? उ. आहारवर्गणा, भाषावर्गणा अने मनोवर्गणाना परमाणुओने, शरीर इन्द्रियादिरुप परिणामाववानी शक्तिनी पूर्णताने पर्याप्ति कहे छे.

२१४ प्र. पर्याप्तिना केटला भेद छे ? उ. छ भेद छे. आहारपर्याप्ति, शरीरपर्याप्ति, इन्द्रियपर्याप्ति, श्वासोश्वास पर्याप्ति, भाषापर्याप्ति अने मनःपर्याप्ति.

आहारपर्याप्ति—आहारवर्गणाना परमाणुने खल अने रसभागरुप परिणामाववाना कारणभूत जीवनी शक्तिनी पूर्णताने आहार पर्याप्ति कहे छे.

शरीरपर्याप्ति—जे परमाणुओने खल रुप परिणमाव्या हता, तेमना हाड वीगेरे कठिन अवयव रुप, अने जेने रस रुप परिणमाव्या हता, तेमना रुधिरादिक द्रवरुप परिणमाववाना कारण भूत जीवनी शक्तिनी पूर्णताने शरीरपर्याप्ति कहे छे.

इन्द्रियपर्याप्ति - आहारवर्गणाना परमाणुओने इन्द्रियना आकार परिणमाववाने; तथा इन्द्रिय द्वारा विषयग्रहण करवाना कारणभूत जीवनी शक्तिनी पूर्णताने इन्द्रियपर्याप्ति कहे छे.

श्वासोश्वासपर्याप्ति–आहारवर्गणाना परमाणुओने श्वासोश्वासरुप परिणमाववाना कारणभूत जीवनी शक्तिनी पूर्णताने श्वासोश्वासपर्याप्ति कहे छे.

भाषापर्याप्ति–भाषावर्गणाना परमाणुओने वचनरुप परिणमाववाना कारणभूत जीवनी शक्तिनी पूर्णताने भाषा पर्याप्ति कहे छे.

मनःपर्याप्ति–मनोवर्गणाना परमाणुओने हृदयस्थानमां आठ पांखडीना कमलाकार मनरुप परिणमाववाने तथा तेमनी द्वारा यथावत

(जोइए तेवी रीते) विचार करवाना कारण-भूत जीवनी शक्तिनी पूर्णताने मनःपर्याप्ति कहे छे.

एकेन्द्रिय जीवोने भाषापर्याप्ति अने मनःपर्याप्ति ए बन्ने सिवाय बाकीनी चार पर्याप्ति होय छे.

बेइन्द्रिय, त्रणइन्द्रिय, चारइन्द्रिय, अने असैनी पंचेन्द्रिय जीवोने मनःपर्याप्ति सिवाय बाकीनी पांच पर्याप्ति होय छे.

अने सैनी पंचेन्द्रिय जीवोने छए पर्याप्ति होय छे. ए सर्व पर्याप्तिने पूर्ण थवानो काळ अन्तर्मुहूर्त्त छे तथा एक एक पर्याप्तिनो काळ पण अन्तर्मूहूर्त्त छे अने सर्व पर्याप्तिनो काळ मळीने पण अन्तर्मुहूर्त्त छे. अने पहेलीथी बीजी

सुधी तथा बीजीथी त्रीजीसुधी एवी रीते छ पर्याप्ति सुधी क्रमथी मोटा मोटा अन्तर्मुहूर्त्त छे.

पोतपोताने योग्य पर्याप्तिओनो प्रारंभ तो एकदम थाय छे, परन्तु पूर्णता क्रमथी थाय छे. ज्यां सुधी कोइ पण जीवनी शरीरपर्याप्ति पूर्ण तो न होय, पण नियमथी पूर्ण होवावाळी होय, त्यां सुधी ते जीवने निर्वृत्त्य प्रर्यात्पप्तक कहे छे.

अने जेनी शरीरपर्याप्ति पूर्ण थइ गइ होय तेने पर्याप्तक कहे छे. अने जेनी एकपण पर्याप्ति पूर्ण न होय तथा श्वासना अढारमा भागमांज मरण थवावाळी होय, तेने लब्धप-र्याप्तक कहे छे.

२१९ प्र. अपर्याप्ति नामकर्म कोने कहे ?

उ. जे कर्मना उदयथी लब्ध पर्याप्तक अवस्था थाय, तेने अपर्याप्ति नामकर्म कहे छे.

३१६ प्र. प्रत्येक नामकर्म कोने कहे छे ?
उ. जे कर्मना उदयथी एक शरीरना एक मालिक थाय, तेने प्रत्येक नामकर्म कहे छे.

३१७ प्र. साधारण नामकर्म कोने कहे छे?
उ. जे कर्मना उदयथी एक शरीरना अनेक जीव मालिक (स्वामी) थाय तेने साधारण नाम कर्म कहे छे.

३१८ प्र. स्थिरनामकर्म अने अस्थिर नाम कर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी शरीरना धातु अने उपधातु पोतपोताने ठेकाणे रहे, तेने स्थिर नामकर्म कहे छे. अने जे क-र्मना उदयथी शरीरना धातु अने उपधातु पोत-

पोताने ठेकाणे न रहे, तेने अस्थिर नामकर्म कहे छे.

३१९ प्र. शुभनामकर्म कोने कहे छे?
उ. जे कर्मना उदयथी शरीरना अवयव सुंदर थाय, तेने शुभनामकर्म कहे छे.

३२० प्र. अशुभनामकर्म कोने कहे छे?
उ. जे कर्मना उदयथी शरीरना अवयव असुंदर (अशुभ) थाय, तेने अशुभनामकर्म कहे छे.

३२१ प्र. जे कर्मना उदयथी बीजा जीवो पोताना उपर प्रीति करे, तेने सुभग नामकर्म कहे छे.

३२२ प्र. दूर्भग नामकर्म कोने कहे छे?
उ. जे कर्मना उदयथी बीजा जीवो पोतानी साथे दुश्मनताइ (वैर) करे, तेने दूर्भग नामकर्म कहे छे.

३२३ प्र. सुस्वरनामकर्म कोने कहे छे ?
उ. जे कर्मना उदयथी पोतानो सुंदर मधुर स्वर थाय तेने सुस्वर नामकर्म कहे छे.

३२४ प्र. दुस्वरनामकर्म कोने कहे छे ?
उ. जे कर्मना उदयथी मधुरस्वर न थाय एटले खराब अप्रिय स्वर थाय, तेने दुःस्वर नाम कर्म कहे छे ?

३२५ प्र. आदेयनामकर्म कोने कहे छे ?
उ. जे कर्मना उदयथी कान्तिवान, सुंदर शरीर उपजे, तेने आदेयनामकर्म कहे छे.

३२६ प्र. अनादेय नामकर्म कोने कहे छे ?
उ. जे कर्मना उदयथी कान्तिरहित शरीर न थाय, तेने अनादेय नाम कहे छे.

३२७ प्र. यशःकीर्तिनामकर्म कोने कहे

छे ? उ. जे कर्मना उदयथी संसारमां जीवनी प्रशंसा थाय तेने यशःकीर्ति नामकर्म कहे छे.

३२८ प्र. अयशःकीर्ति नामकर्म कोने कहे छे ? जे कर्मना उदयथी संसारमां जीवनी प्रशंसा थाय नहि अने अपयश मळे, तेने अयशः कीर्ति नामकर्म कहे छे.

३२९ प्र. तीर्थंकरनामकर्म कोने कहे छे ? उ. अर्हन्त पदना कारणभूत कर्मने तीर्थंकर नामकर्म कहे छे.

३३० प्र. गोत्रकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी पोतानी पेढीना उत्तरोत्तर क्रमथी चालता आवेला जीवना आचरणरुप उच्च नीच गोत्रमां जन्म थाय, तेने गोत्रकर्म कहे छे.

३३१ प्र. गोत्रकर्मना केटला भेद छे ? उ. बे भेद छे. उच्चगोत्र अने नीचगोत्र.

३३२ प्र. उच्चगोत्रकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी लोकपूज्य महत्वता थाय अने इक्ष्वाकु आदि उच्च कुळोमां जन्म थाय, तेने उच्चगोत्र कहे छे.

३३३ प्र. नीचगोत्र कर्म कोने कहे छे ? उ. जे कर्मनां उदयथी निन्द्य, दरिद्र, अप्रसिद्ध दुःखोथी आकुलीत, चांडालादीक नीच कुळोमां जन्म थाय, तेने नीचगोत्र कहे छे.

३३४ प्र. अन्तरायकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी दानादिक करवामां विघ्न आव्या करे, तेने अन्तरायकर्म कहे छे.

२३९ प्र. अन्तरायकर्मना केटला भेद छे?

उ. पांच भेद छे. दानान्तराय, लाभान्तराय, भोगान्तराय उपभोगान्तराय अने वीर्यान्तरायकर्म.

दानान्तराय—जे कर्मना उदयथी दान आपवा चाहे, पण दान आपी शके नहि, तेने दाना-न्तरायकर्म कहे छे.

लाभान्तराय—लाभ मेळववानी इच्छा करवा छतां पण जे कर्मना उदयथी लाभ करी शके नहि, तेने लाभान्तरायकर्म कहे छे.

भोगान्तराय—जे कर्मना उदयथी पोते भोग[१] भोगववा चाहे, पण ते भोग भोगववाने समर्थ न थाय, तेने भोगान्तरायकर्म कहे छे.

---

१ सुगन्ध, दुर्गन्ध, अत्तर, पुष्प, स्नान, भोजन, ताम्बुल [पान] जे एक वखतज भोगववामां आवे तेने भोग कहे छे.

उपभोगान्तराय–जे कर्मना उदयथी उपभोग[१] भोगववाने चाहे, पण ते उपभोग भोगववाने समर्थ नहि थाय, तेने उपभोगान्तराय कर्म कहे छे.

वीर्यान्तराय–जे कर्मना उदयथी शरीरमां सामर्थ्य (बळ) प्राप्त न थई शके, तेने वीर्यान्तराय कर्म कहे छे.

२३६ प्र. पुण्यकर्म कोने कहे छे ? उ. जे कर्मना उदयथी इष्ट वस्तुनी प्राप्ति थाय, तेने पुण्यकर्म कहे छे.

२३७ प्र. पापकर्म कोने कहे छे ? उ. जे

---

१ शयन, आसन, स्त्री, आभूषण, हाथी, घर, अलंकार, घोडा आदि जे अनेक वखत भोगववामां आवे तेने उपभोग कहे छे.

कर्मना उदयथी अनिष्ट (पोताने अप्रिय) वस्तुनी प्राप्ति थाय, तेने पापकर्म कहे छे.

३३८ प्र. घातियाकर्म कोने कहे छे? उ. जे जीवना ज्ञानादिक अनुजीवी गुणोनो घात करे, तेने घातियाकर्म कहे छे.

३३९ प्र. अघातियाकर्म कोने कहे छे? उ. जे जीवना ज्ञानादिक अनुजीवी गुणोनो घात न करे, तेने अघातिया कर्म कहे छे.

३४० प्र. सर्व घातिकर्म कोने कहे छे? उ. जे जीवना अनुजीवी गुणोनो सर्वरीते घात करे, तेने सर्वघातिकर्म कहे छे.

३४१ प्र. देशघातिकर्म कोने कहे छे? उ. जे जीवना अनुजीवी गुणोनो एक देश घात करे, तेने देशघातिकर्म कहे छे.

३४२ प्र. जीव विपाकीकर्म कोने कहे छे ?
उ. जेनुं फल जीवमां होय, तेने जीवविपाकी-
कर्म कहे छे.

३४३ प्र. पुद्गलविपाकीकर्म कोने कहे छे ?
उ. जे कर्मनुं फल पुद्गलमां (शरीरमां) थाय
तेने पुद्गलविपाकीकर्म कहे छे.

३४४ प्र. भवविपाकीकर्म कोने कहे छे ?
उ. जेना फळथी जीव संसारमां रोकाय, तेने
भवविपाकी कर्म कहे छे.

३४५ प्र. क्षेत्रविपाकीकर्म कोने कहे छे ?
उ. जे कर्मना फलथी विग्रह गतिमां जीवनो
आकार पहेलाना जेवो बनेलो रहे, तेने क्षेत्रवि-
पाकीकर्म कहे छे.

३४६ प्र. विग्रह गति कोने कहे छे ? उ.

एक शरीरने छोडीने बीजुं शरीर ग्रहण करवाने माटे जीवना जवाने विग्रहगति कहे छे.

३४७ प्र. घातियाकर्म केटला अने कया कया छे ? उ. सुडतालीश (४७) छे. ज्ञाना-वरण ५ दर्शनावरण ९ मोहनीय २८ अने अन्तराय ५ ए प्रमाणे ४७ छे.

३४८ प्र. अघातियाकर्म केटला अने कया कया छे ? उ. एकसो एक (१०१) छे. वेद-नीय २ आयु ४ नामकर्म ९३ अने गोत्र २ ए प्रमाणे १०१ छे.

३४९ प्र. सर्व घातिया प्रकृति केटली अने कइ कइ छे ? उ. एकवीश (२१) छे. ज्ञाना-वरणनी १ (केवलज्ञानावरण), दर्शनावरणनी ६ (केवल दर्शनावरण १ अने निद्रा, निद्रा-

निद्रा, प्रचला, प्रचलाप्रचला, अने स्त्यानगृद्धि), मोहनीयनी १४ (अनंतानुबंधी ४ अप्रत्याख्यानावरण ४ प्रत्याख्यानावरण ४ मिथ्यात्व १ अने सम्यग्मिथ्यात्व १) ए प्रमाणे २१ प्रकृति छे.

३५० प्र. देशघाति प्रकृति केटली अने कइ कइ छे? उ. छवीश (२६) प्रकृति छे. ज्ञानावरणनी ४ (मतिज्ञानावरण, श्रुतज्ञानावरण, अवधिदर्शनावरण अने मनःपर्यय ज्ञानावरण), मोहनीयनी १४ (संज्वलन ४, नोकषाय९ अने सम्यग्मिथ्यात्व १), अन्तरायनी ५ ए प्रमाणे छव्वीश (२६) छे.

३५१ प्र. क्षेत्रविपाकी प्रकृति केटली अने कइ कइ छे? उ. चार छे. नरकगत्यानुपूर्वी, तिर्यग्गत्यानुपूर्वी, मनुष्यगत्यापूर्वी अने देवगत्यानुपूर्वी ए चार छे.

३९२ प्र. भवविपाकी प्रकृति केटली अने कइ कइ छे? उ. चार छे. नरकायु, तिर्यंचायु मनुष्यायु अने देवायु ए चार छे.

३९३ प्र. जीवविपाकी प्रकृति केटली अने कइ कइ छे? उ. इठ्ठोत्तेर (७८) छे. घातियानी ४७, गोत्रनी २, वेदनीयनी २ अने नामकर्मनी २७ (तीर्थंकर प्रकृति, उच्छ्वास, बादर, सूक्ष्म, पर्याप्ति, अपर्याप्ति, सुस्वर, दुःस्वर, आदेय, अनादेय, यशःकीर्ति, अयशःकीर्ति, त्रस, स्थावर, प्रशस्तविहायोगति, अप्रशस्तविहायोगति, सुभग, दूर्भग, गति ४, जाति ५) ए संपूर्ण मळीने ७८ प्रकृति छे.

३९४ प्र. पुद्गलविपाकी प्रकृति केटली अने कइ कइ छे? उ. बासठ छे, सर्वप्रकृति १४८

मांथी क्षेत्रविपाकी ४, भवविपाकी ४, जीवविपाकी ७८ एवी रीते सर्व मळीने ८६ प्रकृति बाद करवाथी बाकी रही ते ६२ प्रकृति पुद्गल विपाकी छे.)

३९५ प्र. पापप्रकृति केटली अने कइ कइ छे ? उ. सो (१००) छे, घातिया प्रकृति ४७, असातावेदनीय १, नीचगोत्र, १ नरकायु १, अने नामकर्मनी ५० (नरकगति १, नरकगत्यानुपूर्वी १, तिर्यग्गति १, तिर्यग्गत्यानुपूर्वी १, जातिमांथी आदिनी चार, संस्थानना अन्तनी ५, संहनन अन्तनी ५, स्पर्शादिक २०, उपघात १, अप्रशस्त विहायोगति १, स्थावर १, सूक्ष्म, १, अपर्याप्ति १, अनादेय १, अयशःकीर्ति १, अशुभ १, दूर्भग १, दुःस्वर १,

अस्थिर १, साधारण १) ए संपूर्ण मळीने १०० पाप प्रकृति छे.

३९६ प्र. पुण्य प्रकृति केटली अने कइ कइ छे ? उ. अडसठ (६८) छे. कर्मनी समस्त प्रकृति १४८ छे, तेमांथी १०० पाप प्रकृति बाद करवाथी बाकी रहेल ४८ प्रकृति अने नामकर्मनी स्पर्शादि २० प्रकृति पुण्य अने पाप ए बन्नेमां गणाय छे. केमके ते वीस (२०) प्रकृति कोइने इष्ट अने कोइने अनिष्ट करे छे, ते माटे ४८ मां स्पर्शादि २० प्रकृति मेळववाथी ६८ पुण्य प्रकृति थाय छे.

३९७ प्र. स्थितिबंध कोने कहे छे ? उ. आत्मानी साथे कर्मोने रहेवानी मर्यादाने स्थितिबंध कहे छे. अथवा कर्म पोताना स्व-

भावने छोडीने ज्यांसुधी आत्माथी जुदां न थाय. तेने स्थितिबंध कहे छे.

३५८ प्र. आठे कर्मोनी उत्कृष्ट स्थिति केटली छे? उ, ज्ञानावरण, दर्शनावरण, वेदनीय, अन्तराय ए चारे कर्मोनी उत्कृष्ट स्थिति त्रीस त्रीस कोडा कोडी सागरनी छे अने मोहनीयकर्मनी सत्तर कोडाकोडी सागरनी छे. नामकर्म अने गोत्रकर्मनी वीस वीस (२०) कोडाकोडी सागरनी छे अने आयु कर्मनी तेत्रीस (३३) सागरनी छे.

३५९ प्र. आठे कर्मोनी जघन्य स्थिति केटली छे? उ. वेदनीय कर्मनी बार (१२) मुहूर्त्त, नाम तथा गोत्रकर्मनी आठ आठ (८) मुहूर्त्तनी अने बाकीना समस्त कर्मोनी अन्तर्मुहूर्त्तनी जघन्य स्थिति छे.

३६० प्र. कोडाकोडी कोने कहे छे? उ. एक करोडने एक करोडे गुणवाथी जे संख्या थाय, तेने एक कोडाकोडी कहे छे. [१०००००००× १००००००० = १०००००००००००००० आटली जल्दी सुधीनी संख्याने एक कोडाकोडी कहे छे.]

३६१ प्र. सागर कोने कहे छे? उ. दश कोडाकोडी अद्धापल्योनो एक सागर थाय छे.

३६२ प्र. अद्धापल्य कोने कहे छे? उ. बे हजार कोश उंडो अने बे हजार कोश पहोळो एवा गोळ खाडामां, जेनो बीजो भाग न थइ शके एवा घेटाना वाळोने भरवा. पछी जेटला वाळ तेमां समाय, तेमांथी एक एक वाळने सो, सो, वरसे काढवो, जेटला वर्षोमां

ते संपूर्ण वाळ नीकळी जाय, तेटला वर्षोना जेटला समय थाय, तेने व्यवहारपल्य कहे छे. व्यवहारपल्यथी असंख्यात गुणो उद्धारपल्य थाय छे अने उद्धारपल्यथी असंख्यात गुणो अद्धापल्य थाय छे.

३६३ प्र. मुहूर्त कोने कहे छे? उ. उड-तालिश (४८) मीनीटनो एक मुहूर्त थाय छे.

३६४ प्र. अन्तर्मुहूर्त कोने कहे छे? उ. आवलीथी उपर अने मुहूर्त्त नीचेना काळने अन्तर्मुहूर्त्त कहे छे.

३६५ प्र. आवली कोने कहे छे? उ. असंख्यात समयनी[1] एक आवली थाय छे. अने

---

१ बत्रीश पाननो थोकडो मुकेलो होय तेमां एक जीर्ण सोय जोरथी चांपाए तो ते एक पान वींधी बीजु पान वींधे तेटलामां असंख्यात समय थइ जाय छे.

तेवी (४४४६॥) चार हजार चारसो साडी-छेतालशिथी पण वधारे आवली थाय, त्यारे एक श्वासोश्वास थाय छे.

३६६ प्र. श्वासोश्वास कोने कहे छे? उ. नीरोगी पुरुषनी नाडीना एकवार चालवाने श्वासोश्वास कहे छे.

३६७ प्र. एक मुहूर्त्तमां केटला श्वासोश्वास थाय छे? उ. एक [२]मुहूर्त्तमां त्रण हजार सातसो तोत्तेर [३७७३] श्वासोश्वास थाय छे.

३६८ प्र. अनुभागबंध कोने कहे छे? उ.

---

२ एक करोड सडसट लाख सीतोतेर हजार बसें ने सोळ [१६७७७२१६] आवली थाय त्यारे एक मुहूर्त्त थाय छे अने तेवा त्रीस मुहूर्त्त थाय, त्यारे एक रात दिवस थाय छे.

फल देवानी शक्तिनी हीनाधिकताने अनुभाग-बंध कहे छे.

३६९ प्र. प्रदेशबंध कोने कहे छे? उ. बंध थवावाळां कर्मोनी संख्याना निर्णयने प्रदेशबंध कहे छे.

३७० प्र. उदय कोने कहे छे? उ. स्थितिने पुरी करीने कर्मोनां फल आपवाने उदय कहे छे.

३७१ प्र. उदीरणा कोने कहे छे? उ. स्थिति पुरी थया विना कर्मनां फल आववाने उदीरणा कहे छे.

३७२ प्र. उपशम कोने कहे छे? उ. द्रव्य, क्षेत्र, काळ, भावना निमित्तथी कर्मनी शक्तिनी अनुद्भूतिने उपशम कहे छे.

३७३ प्र. उपशमना केटला भेद छे ? उ. अन्तःकरणरुप उपशम अने सदवस्थारुप उपशम ए बे भेद छे.

३७४ प्र. अन्तःकरणरुप उपशम कोने कहे छे ? उ. आगामीकाळमां उदय आववा योग्य कर्मना परमाणुओने आगळ पाछळ उदय आववा योग्य करवाने अन्तःकरणरुप उपशम कहे छे.

३७५ प्र. सदवस्थारुप उपशम कोने कहे छे ? उ. वर्तमानसमयने छोडीने आगामी काळमां उदय आववावाला कर्मोनी सत्तामां रहेवाने सदवस्थारुप उपशम कहे छे.

३७६ प्र. क्षय कोने कहे छे ? उ. कर्मनी आत्यन्तिक निवृत्तिने क्षय कहे छे.

३७७ प्र. क्षयोपशम कोने कहे छे? उ. वर्तमाननिषेकमां सर्वघाती स्पर्द्धकोनो उदयाभावी क्षय तथा देशघाती स्पर्द्धकोनो उदय अने आगामीकाळमां उदय आववावाळा निषेकोनो सदवस्थारुप उपशम एवी कर्मनी अवस्थाने क्षयोपशम कहे छे.

३७८ प्र. निषेक कोने कहे छे? उ. एक समयमां कर्मनां जेटलां परमाणुंओ उदयमां आवे, ते सर्वना समुहने निषेक कहे छे.

३७९ प्र. स्पर्द्धक कोने कहे छे? उ. वर्गणाओना समुहने स्पर्द्धक कहे छे.

३८० प्र. वर्गणा कोने कहे छे? उ. वर्गोना समुहने वर्गणा कहे छे.

३८१ प्र. वर्ग कोने कहे छे? उ. समान

अविभागी प्रतिच्छेदोना धारक प्रत्येक कर्म पर-
माणुने वर्ग कहे छे.

३८२ प्र. अविभागी प्रतिच्छेद कोने कहे छे ? उ. शक्तिना अविभागी अंशने अविभागी प्रतिच्छेद कहे छे. अथवा जेनो बीजो भाग थइ शके नहि, तेवा अंशने अविभागी प्रति-च्छेद कहे छे.

३८३ प्र. आ प्रकरणमां " शक्ति " शब्दथी कइ शक्ति इष्ट छे ? उ. अहियां शक्ति शब्दथी कर्मोनी अनुभागरुप अथवा फल आप-वानी शक्ति इष्ट छे.

३८४ प्र. उदयाभावी क्षय कोने कहे छे ? उ. फल आपवा विना आत्माथी कर्मनां संबं-धने छुटवाने उदयाभावी क्षय कहे छे.

३८५ प्र. उत्कर्षण कोने कहे छे ? उ. कर्मोनी स्थितिने वधी जवाने उत्कर्षण कहे छे.

३८६ प्र. अपकर्षण कोने कहे छे ? उ. कर्मोनी स्थितिने घटी जवाने अपकर्षण कहे छे.

३८७ प्र. संक्रमण कोने कहे छे ? उ. कोइ पण कर्मना सजातीय एक भेदने बीजा भेदरुप थइ जवाने संक्रमण कहे छे.

३८८ प्र. समय प्रबद्ध कोने कहे छे ? उ. एक समयमां जेटला कर्मपरमाणु अने नोकर्म परमाणु बंधाय, ते सर्वेने समयप्रबद्ध कहे छे.

३८९ प्र. गुणहानि कोने कहे छे? उ. गुणाकाररुप हीन हीन (ओछुं ओछुं) द्रव्य जेमां जणाय, तेने गुणहानि कहे छे. जेमके—कोइ जीवे एक समयमां ६३०० परमाणुओना समु-

हरुप समयप्रबद्धनो बंध कर्यो अने तेमां ४८ समयनी स्थिति पडी, तेमां गुणहानियोना समुहरुप नाना गुणहानि ६, तेमांथी प्रथम गुणहानिना परमाणु ३२००, बीजी गुणहा-निना परमाणु १६००, त्रीजी गुणहानिना परमाणु ८००, चोथी गुणहानिना परमाणु ४००, पांचमी गुणहानिना परमाणु २००, अने छट्ठी गुणहानिना परमाणु १०० छे. अहियां उत्तरोत्तर गुणहानियोमां गुणाकाररुप हीन हीन परमाणु (द्रव्य) प्राप्त थाय छे तेथी तेने गुणहानि कहे छे.

३९० प्र. गुणहानिआयाम कोने कहे छे? उ. एक गुणहानिना समयना समुहने गुणहानि आयाम कहे छे. जेमके—उपरना दृष्टान्तमां

४८ समयनी स्थितिमां ६ गुणहानि हती, तो ४८ ने ६ ए भांगवाथी प्रत्येक गुणहानिनुं परिमाण ८ आव्युं, तेज गुणहानिआयाम कहेवाय छे.

३९१ नानागुणहानि कोने कहे छे ? उ. गुणहानियोना समुहने नाना गुणहानि कहे छे. जेमके—उपरना दृष्टान्तमां आठ आठ समयनी छ गुणहानि छे, तेज छ संख्या नाना गुणहानिनुं परिमाण जाणवुं.

३९२ प्र. अन्योन्याभ्यस्तराशि कोने कहे छे ? उ. नानागुणहानिप्रमाण बमणुं मांडीने परस्पर गुणाकार करवाथी जे गुणनफल [गुणाकार] थाय तेने अन्योन्याभ्यस्तराशि कहे छे. जेमके—उपरना दृष्टान्तमां ८ बमणा मांडीने

परस्पर गुणवाथी ६४ थाय छे, तेज अन्योन्या-भ्यस्तराशिनुं प्रमाण जाणवुं.

३९३ प्र. अन्तिमगुणहानिनुं परिमाण केवी रीते काढवुं ? उ. एक ओछा अन्योन्याभ्यस्त-राशिनो भाग समयप्रबद्धमां मुकवाथी अंतिम गुणहानिना द्रव्यनुं परिमाण नीकळे छे. जेमके ६३००मां एक ओछा ६४ नो भाग देवाथी जे १०० प्राप्त थया, तेज अन्तिमगुणहानिनुं द्रव्य छे.

३९४ प्र. अन्यगुणहानियोना द्रव्यनुं परि-माण केवी रीते काढवुं जोइए ? उ. अन्तिम-गुणहानिना द्रव्यने प्रथम गुणहानि पर्यन्त बमणा बमणा करवाथी अन्यगुणहानियोना द्रव्यनुं परिणाम नीकळे छे. जेमके २००-४००-८००-१६००-३२००.

२९९ प्र. प्रत्येकगुणहानिमां प्रथमादि समयोमां द्रव्यनुं परिमाण केवी रीते होय छे? उ. निषेकहारने चयथी गुणवाथी प्रत्येक गुणहानिना प्रथम समयना द्रव्य निकळे छे. अने प्रथम समयना द्रव्यमांथी एक एक चय बाद करवाथी उत्तरोत्तर समयोना द्रव्योनुं परिमाण नीकळे छे जेमके निषेकहार—१६ ने चय ३२ थी गुणवाथी प्रथम हानिना प्रथम समयना द्रव्य ५१२ थाय छे अने ५१२ मांथी एक एक चय अथवा बत्रीस बाद करवाथी बीजा समयना द्रव्योनुं परिमाण ४८०, त्रीजा समयना द्रव्योनुं परिमाण ४४८, चोथा समयना द्रव्योनुं परिमाण ४१६, पांचमां समयना द्रव्योनुं परिमाण ३८४, छट्ठा समयना द्रव्योनुं परिमाण

३९२, सातमा समयना द्रव्योनुं परिमाण ३२०, आठमा समयना द्रव्योनुं परिमाण २८८ नीकळे छे. एवी रीते द्वितीयादिक गुणहानियोमां पण प्रथमादि समयोना द्रव्योनुं परिमाण काढी लेवुं.

३९६ प्र. निषेकहार कोने कहे छे? उ. गुणहानिआयामथी बमणा परिमाणने निषेक-हार कहे छे. जेमके गुणहानि आयाम ८ थी बमणा १६ ने निषेकहार कहे छे.

३९७ प्र. चय कोने कहे छे? उ. श्रेणीव्यव-हार गणीतमां समान हानि अथवा समान वृद्धिना परिमाणने चय कहे छे.

३९८ प्र. आ प्रकरणमां चयनुं परिमाण काढवानी कइ रीत छे? उ. निषेकहारमां एक अधिक गुणहानिआयामनुं प्रमाण जोडीने अर्धा

करवाथी जे आवे, तेने गुणहानिआयामथी गुणवी, एवी रीते गुणवाथी जे गुणनफल (गु-णाकार थाय, तेनो भाग विवक्षित गुणहानिना द्रव्यमां उमेरवाथी विवक्षित गुणहानिना चयनुं परिमाण नीकले छे.

जेमके--निषेकहार १६ मां एक अधिक गुणहानि आयाम ९ उमेरवाथी २५ थया. पचीशना अर्धा १२॥ अने गुणहानिआयामने ८ थी गुणवाथी १०० थाय छे. ते १०० नो भाग विवक्षित प्रथम गुणहानिना द्रव्य ३२०० मां उमेरवाथी प्रथम गुणहानि संबंधी चय ३२ आव्या. एवी रीते द्वितीय गुणहानिना चयनुं परिमाण १६, तृतीयनुं परिमाण ८, चतुर्थनुं ४, पंचमनुं २ अने अन्तिम गुणहानिना चयनुं परिमाण १ जाणवुं.

२९९ प्र. अनुभागनी रचनानो क्रम कयो छे?
उ. द्रव्यनी अपेक्षाथी जे रचना उपर बतावी छे, तेमां प्रत्येकगुणहानिना प्रथमादि समय संबंधी द्रव्यने वर्गणा कहे छे. अने ते वर्गणाओमां जे परमाणुओ छे, तेने वर्ग कहे छे. प्रथम गुणहानि प्रथम वर्गणामां जे ५१२ वर्ग छे, तेमां अनुभाग शक्तिना अविभाग प्रतिच्छेद समान छे. अने ते द्वितीयादि वर्गणाओना वर्गोना अविभाग प्रतिच्छेदोनी अपेक्षाए सर्वेथी न्यून अथवा जघन्य छे. द्वितीयादि वर्गणाना वर्गोमां एक एक अविभाग प्रतिच्छेदनी अधिकताना क्रमथी जे वर्गणापर्यन्त एक एक अविभाग प्रतिच्छेद वधे त्यां सुधीनी वर्गणाओना समुहनुं नाम एक स्पर्द्धक छे अने जे वर्गणाना

वर्गोमां युगपत (एक साथे) अनेक अविभाग प्रतिच्छेदोनी वृद्धि थईने प्रथम वर्गणाना वर्गोना अविभाग प्रतिच्छेदोनी संख्याथी बमणी संख्या थइ जाय, त्यांथी बीजा स्पर्द्धकनो प्रारंभ समजवो. एवी रीते जे जे वर्गणाओना वर्गोमां प्रथम वर्गणाना वर्गोना अविभाग प्रतिच्छेदोनी संख्याथी त्रणघणा, चारघणा आदि अविभाग प्रतिच्छेद होय, त्यांथी त्रीजा, चोथा आदि स्पर्द्धकोनो प्रारंभ समजवो. एवी रीते एक गुणहानिमां अनेक स्पर्द्धक थाय छे.

४०० प्र. आस्रव कोने कहे छे ? उ. बंधना कारणने आस्रव कहे छे. अथवा कर्मोनां आववानां द्वारने आस्रव कहे छे. जेमके तळावमां पाणी आववाने द्वार मुकेलुं होय छे ते द्वारा

तळावमां पाणी आवे छे, तेवी रीते आत्मानाः
प्रदेशोमां मनवचनकायरुप द्वारथी कर्मो आवे
छे, तेने आस्रव कहे छे.

४०१ प्र. आस्रवना केटला भेद छे? उ.
चार भेद छे. द्रव्यबंधनुं निमित्तकारण, द्रव्य-
बंधनुं उपादानकारण, भावबंधनुं निमित्तकारण.
अने भावबंधनुं उपादानकारण.

४०२ प्र. कारण कोने कहे छे? उ. कार्यनी
उत्पादकसामग्रिने कारण कहे छे.

४०३ प्र. कारणना केटला भेद छे? उ. बे
भेद छे. एक समर्थकारण अने बीजुं अस-
मर्थ कारण.

४०४ प्र. समर्थकारण कोने कहे छे?
उ. प्रतिबंधनो अभाव थवाथी सहकारी समस्त

सामग्रियोना सद्भावने समर्थकारण कहे छे. समर्थकारणना थवाथी अनंतर समयमां कार्यनी उत्पत्ति नियमथी थाय छे.

४०५ प्र. असमर्थ कारण कोने कहे छे? उ. भिन्न भिन्न प्रत्येक सामग्रीने असमर्थ कारण कहे छे. असमर्थ कार्यनुं नियामक नथी.

४०६ प्र. सहकारी सामग्रीना केटला भेद छे? उ. बे भेद छे. एक निमित्त कारण, बीजुं उपादान कारण.

४०७ प्र. निमित्तकारण कोने कहे छे? उ. जे पदार्थ स्वयं कार्यरुप न परिणमे, परंतु कार्यनी उत्पत्तिमां सहायक थाय, तेने निमित्त कारण कहे छे. जेमके घडानी उत्पत्तिमां कुंभार, दंड, चक्र आदि सहायक छे.

४०८ प्र. उपादान कारण कोने कहे छे? उ. जे पदार्थ स्वयं कार्यरुप परिणमें, तेने उपादान कारण कहे छे. जेमके घडानी उत्पित्तिमां माटी. अनादिकालथी द्रव्यमां जे पर्यायोनो प्रवाह चाली रह्यो छे, तेमां अनन्तर पूर्वक्षणवर्त्ती पर्याय उपादान कारण छे. अने अनन्तर उत्तरक्षणवर्त्ती पर्याय कार्य छे.

४०९ प्र. द्रव्यबंध कोने कहे छे? उ. कार्माण स्कंधरुप पुद्गलद्रव्यमां आत्मानी साथे संबंध थवानी शक्तिने द्रव्यबंध कहे छे.

४१० प्र. भावबंध कोने कहे छे? उ. आत्माना योगकषायरुप भावोने भावबंध कहे छें.

४११ प्र. द्रव्यबंधनुं निमित्त कारण शुं छे? उ. आत्माना योग कषायरुप परिणाम द्रव्यबंधनुं निमित्त कारण छे.

४१२ प्र. द्रव्यबंधनुं उपादान कारण शुं छे ? उ. बंध थवाना पूर्व क्षणमां बंध थवाना सन्मुख कार्माण स्कन्धने द्रव्यबंधनुं उपादान कारण कहे छे.

४१३ प्र. भावबंधनुं निमित्त कारण शुं छे ? उ. उदय अने उदीरणा अवस्थाने प्राप्त पूर्वबद्ध कर्म, भावबंधनुं निमित्त कारण छे.

४१४ प्र. भावबंधनुं उपादान कारण शुं छे ? उ. भावबंधना विवक्षित समयथी अनंतर पूर्व क्षणवर्ती योग कषायरुप आत्माना पर्याय विशेषने भावबंधनुं उपादान कारण कहे छे.

४१५ प्र. भावास्रव कोने कहे छे ? उ. द्रव्यबंधना निमित्त कारण अथवा भावबंधना उपादान कारणने भावास्रव कहे छे.

४१६ प्र. द्रव्यास्रव कोने कहे छे ? उ. द्रव्यबंधना उपादान कारण अथवा भावबंधना निमित्त कारणने द्रव्यास्रव कहे छे.

४१७ प्र. प्रकातिबंध अने अनुभागबंधमां शुं भेद छे ? उ. प्रत्येक प्रकृतिना भिन्न भिन्न उपादान शक्तियुक्त अनेक भेदरुप कार्माण स्कंधनो आत्माथी संबंध थवाने प्रकृतिबंध कहे छे. अने तेज स्कंधोमां फलदान शक्तिना तारतम्यने (न्यूनाधिकताने) अनुभागबंध कहे छे.

४१८ प्र. समस्त प्रकृतियोना बंधनां कारण सामान्यताथी योग छे अथवा तेमां कांइ विशेषता छे ? उ. जेवी रीते भिन्न भिन्न उपादान शक्तियुक्त नाना प्रकारना भोजनोने मनुष्य हस्तद्वारा इच्छाविशेषपूर्वक ग्रहण करे छे अने

विशेष इच्छाना अभावमां उदरपूर्ण करवाने माटे सामान्य भोजननुं ग्रहण करे छे, तेवीज रीते आ जीव विशेष कषायना अभावमां योग मात्रथी केवळ सातावेदनीयरुपकर्मने ग्रहण करे छे, परन्तु ते योग जो कोइ कषाय विशेषथी अनुरंजित होय, तो अन्यान्य प्रकृतियोनो पण बंध करे छे.

४१९ प्र. प्रकृतिबंधना कारणत्वनी अपेक्षाथी आस्रवना केटला भेद छे? उ. पांच भेद छे. मिथ्यात्व, अविरति, प्रमाद, कषाय अने योग.

४२० प्र. मिथ्यात्व कोने कहे छे? उ. मिथ्यात्व प्रकृतिना उदयथी अदेवमां (कुदेवमां) देवबुद्धि, अतत्त्वमां तत्त्वबुद्धि, अधर्म (कुधर्म) मां धर्मबुद्धि इत्यादि विपरिताभिनिवेशरुप जीवना परिणामने मिथ्यात्व कहे छे.

४२१ प्र. मिथ्यात्वना केटला भेद छे? उ. पांच भेद छे. ऐकान्तिकमिथ्यात्व, विपरीतमिथ्यात्व, सांशयिकमिथ्यात्व, आज्ञानिकमिथ्यात्व अने वैनयिकमिथ्यात्व.

४२२ प्र. ऐकान्तिकमिथ्यात्व कोने कहे छे? उ. पदार्थ विषे अनेक धर्म छे तेमां एवो अभिप्राय करे के वस्तु धर्मी मात्र छे ने धर्म मात्र पण छे. तथा कोइ एक धर्मने ग्रहण करी कहे के आ एक धर्म मात्रज छे, अस्तित्व छे, नास्तित्व छे एक वस्तु मात्र छे. एक पुरुष मात्रज आ सर्व रचना छे तथा अनेक पण छे, नित्य पण छे, अनित्य पण छे इत्यादि अभिसन्निवेश (अभिप्राय) ने एकान्त मिथ्यात्व कहे छे जेमके बौद्धमतावलंबी पदार्थने सर्वथा क्षणिक माने छे.

४२३ प्र. विपरीतमिथ्यात्व कोने कहे छे ?
उ. सग्रन्थने निर्ग्रंथ मानवा, केवली भगवान आहारी छे, स्त्रीने मोक्ष थाय छे. इत्यादि विपरीत रुचिने विपरीत मिथ्यात्व कहे छे.

४२४ प्र. सांसयिकमिथ्यात्व कोने कहे छे?
उ. धर्म अहिंसा लक्षणमयी छे के नहि तथा सम्यग्दर्शन–ज्ञान–चारित्र ए मोक्षमार्गना साधनभुत छे के नहि एवी रीतेना संदेहरुप श्रद्धानने सांशायिकमिथ्यात्व कहे छे.

४२५ प्र. आज्ञानिकमिथ्यात्व कोने कहे छे?
उ. हिताहितना विवेकनी परिक्षा रहित श्रद्धान करवुं तेने आज्ञानिकमिथ्यात्व कहे छे. जेमके पशुवध करवामां धर्म समजवो.

४२६ प्र. वैनयिकमिथ्यात्व कोने कहे छे ?

उ. समस्त प्रकारना देव, कुदेव अने समस्त प्रकारना दर्शनो एकज मानवां, तेने वैनयिक मिथ्यात्व कहे छे.

४२७ प्र. अविरति कोने कहे छे? उ. हिंसादिक पापोमां तथा पांचइन्द्रिय अने मनना विषयोमां प्रवृत्ति थवाने अविरति कहे छे.

४२८ प्र. अविरतिना केटला भेद छे? उ. त्रण भेद छे. अनन्तानुबंधिकषायोदयजनित, अप्रत्याख्यानावरणकषायोदयजनित, अने प्रत्याख्यानावरणकषायोदयजनित.

४२९ प्र. प्रमाद कोने कहे छे? उ. संज्वलन अने नोकषायना तीव्र उदयथी अतिचार रहित चारित्र पाळवामां उत्साहरहितपणाने तथा स्वरुपनी असावधानताने प्रमाद कहे छे.

४३० प्र. प्रमादना केटला भेद छे? उ. पंदर भेद छे. विकथा ४ (स्त्रीकथा, राष्ट्रकथा, भोजनकथा, राजकथा), कषाय ४ [संज्वलनना तीव्र उदय जनित क्रोध, मान, माया, लोभ) अने इन्द्रियोना विषय. ५, निद्रा एक अने स्नेह एक ए पंदर प्रमाद छे.

४३१ प्र. कषाय कोने कहे छे? उ. संज्वलन अने नौकषायना मंद उदयथी प्रादुर्भूत आत्माना परिणामविशेषने कषाय कहे छे.

४३२ प्र. योग कोने कहे छे? उ. मनोवर्गणा अथवा कायवर्गणा (आहारवर्गणा तथा कार्माणवर्गणा) अने वचनवर्गणाना अवलंबनथी कर्म नोकर्मने ग्रहण करवानी शक्तिविशेषने योग कहे छे.

४३३ प्र. योगना केटला भेद छे? उ. पंदर भेद छे. मनोयोग ४ (सत्य मनोयोग, असत्य मनोयोग, उभय मनोयोग अने अनुभय मनोयोग), काययोग ७ (औदारिक, औदारिकामिश्र, वैक्रियक, वैक्रियकामिश्र, आहारक, आहारक-मिश्र, अने कार्माण), वचनयोग ४ (सत्यवचन योग, असत्यवचनयोग, उभयवचनयोग, अनुभयवचनयोग) ए पंदर भेद छे.

४३४ प्र. मिथ्यात्वनी प्रधानताथी कइ कइ प्रकृतियोनो बंध थाय छे? उ. मिथ्यात्वनी प्रधानताथी १६ प्रकृतियोनो बंध थाय छे. मिथ्यात्व, हुंडकसंस्थान, नपुंसकवेद, नरकगति, नरकगत्यानुपूर्वी, नरकायु, असंप्राप्तासृपाटिका-संहनन, जाति ४ (एकेन्द्रिय, बेइन्द्रिय, त्रण

इन्द्रिय, चारइन्द्रिय,), स्थावर, आताप, सूक्ष्म अपर्याप्त अने साधारण ए १६ प्रकृतियोनो बंध थाय छे.

४३९ प्र. अनंतानुबंधी कषायोदयजनित अविरतिथी कइ कइ प्रकृतियोनो बंध थाय छे?
उ. अनंतानुबंधी कषायोदयजनित अविरतिथी २९ प्रकृतियोनो बंध थाय छे.—अनंतानुबंधी क्रोध, मान, माया, लोभ, सत्यानगृद्धि, निद्रा-निद्रा, प्रचला प्रचला, दूर्भग, दुःस्वर, अनादेय, अप्रशस्त विहायोगति, स्त्रीवेद, नीचगोत्र, तिर्य-ग्गति, तिर्यग्गत्यानुपूर्वी, तीर्यगायु, उद्योत, सं-स्थान ४ (न्यग्रोध, स्वाति, कुब्जक, वामन), संहनन ४ (वज्रनाराच, नाराच, अर्द्धनाराच, अने कीलित) ए पचीस प्रकृतियोनो बंध थाय छे.

४३६ प्र. अप्रत्याख्यानावरण कषायोदय-जनित अविरतिथी कइ कइ प्रकृतियोनो बंध थाय छे? उ. दश प्रकृतियोनो बंध थाय छे. अप्रत्याख्यानावरण क्रोध, मान, माया, लोभ, मनुष्यगति, मनुष्यगत्यानुपूर्वी, मनुष्यायु, औदारिकशरीर, औदारिकांगोपांग अने वज्रऋषभ-नाराच संहनन् ए दश प्रकृतियोनो बंध थाय छे.

४३७ प्र. प्रत्याख्यानावरण कषायोदयजनित अविरतिथी कइ कइ प्रकृतियोनो बंध थाय छे? उ. प्रत्याख्यानावरण–क्रोध, मान, माया अने लोभ ए चार प्रकृतियोनो बंध थाय छे.

४३८ प्र. प्रमादथी केटली प्रकृतियोनो बंध थाय छे? उ. छ प्रकृतियोनो अथवा अस्थिर, अशुभ, असातावेदनीय, अयशःकीर्ति, अरति,

अने शोक प्रकृतिनो बंध थाय छे.

४३९ प्र. कषायना उदयथी केटली प्रकृतीयोनो बंध थाय छे? उ. अठ्ठावन प्रकृतियोनो बंध थाय छे. अथवा–देवायु १, निद्रा १ प्रचला १, तीर्थंकर १, निर्माण १, प्रशस्त विहायोगति १, पंचेन्द्रियजाति १, तैजसशरीर १, कार्माणशरीर १, आहारकशरीर १, आहारकांगोपांग १, समचतुरस्त्र संस्थान १, वैक्रियकशरीर १, वैक्रियकांगोपांग १, देवगति १, देवगत्यानुपूर्वी १, रुप १, रस १, गंध १, स्पर्श १, अगुरुलघु १, उपघात १, परघात १, उच्छ्वास १, त्रस १, बादर १, पर्याप्त १, प्रत्येक १, स्थिर १, शुभ १, सुभग १, सुस्वर १, आदेय १, हास्य १, रति १, जुगु-

प्सा १, भय १, पुरुषवेद १, संज्वलन क्रोध १, मान १, माया १, लोभ १, मतिज्ञानावरण १, श्रुतज्ञानावरण १, अवधिज्ञानावरण १, मनःपर्ययज्ञानावरण १, केवलज्ञानावरण १, चक्षुदर्शनावरण १, अचक्षुदर्शनावरण १, अवधिदर्शनावरण १, केवलदर्शनावरण १, दानान्तराय १, भोगान्तराय १, उपभोगान्तराय १, वीर्यान्तराय १, लाभान्तराय १, यशस्कीर्ति १, अने उच्चगोत्र १, ए अट्ठावन प्रकृतियोनो बंध थाय छे.

४४० प्र. योगना निमित्तथी कइ प्रकृतिनो बंध थाय छे ? उ. एक साता वेदनीय प्रकृतिनो बंध थाय छे.

४४१ कर्मप्रकृति सर्वे १४८ छे अने कारण,

मात्र १२० नां लख्यां, तो पछी २८ प्रकृति-
योनुं शुं थयुं ? उ. स्पर्शादि २० नी जग्याए
४ नुं ग्रहण करेलुं छे, ए कारणथी १६ प्रकृ-
तिओ घटे छे. अने पांचे शरीरना बंधन तथा पांच
संघातनुं ग्रहण करेलुं नथी, तेथी ते दश घटी
अने सम्यग्मिथ्यात्व तथा सम्यक्प्रकृतिमिथ्यात्व
ए बे प्रकृतियोनो बंध थतो नथी; केमके
सम्यग्दृष्टि जीव पूर्वबद्ध मिथ्यात्व प्रकृतिना
त्रण खंड करे छे, त्यारे ते बे प्रकृतियोनो
प्रादुर्भाव थाय छे. ए कारणथी बे प्रकृतिओ
घटे छे.

४४२ प्र. द्रव्यास्रवना केटला भेद छे ? उ.
बे भेद छे—साम्परायिकआस्रव अने इर्यापथ
आस्रव.

४४३ प्र. साम्परायिक आस्रव कोने कहे छे? उ. जे कर्म परमाणु जीवना कषायभावोना निमित्तथी आत्मामां कंईक वखत माटे स्थितिने प्राप्त थाय, तेना आस्रवने साम्परायिक आस्रव कहे छे.

४४४ प्र. इर्यापथ आस्रव कोने कहे छे? उ. जे कर्म प्रमाणुओनो बंध, उदय अने निर्जरा एकज समयमां थाय, तेना आस्रवने इर्यापथ आस्रव कहे छे.

४४५ प्र. ए बन्ने प्रकारना आस्रवोना स्वामी कोण कोण छे? उ. साम्परायिक आस्रवनो स्वामी कषाय सहित आत्मा अने इर्यापथ आस्रवनो स्वामी कषाय रहित आत्मा थाय छे.

४४६ प्र. पुण्यास्रव अने पापास्रवनुं कारण

णके शुभयोग दशमा गुणस्थानथी पहेलां पहेलांज थाय छे.

इति तृतीयोऽध्यायः समाप्तः ।

अथ चतुर्थोऽध्यायः प्रारभ्यते ।

४९० प्र. जीवना असाधारण भाव केटला छे? उ. पांच छे. औपशमिकभाव, क्षायिकभाव, क्षायोपशमिक (मिश्र), औदयिक अने पारिणामिकभाव.

४९१ प्र. औपशमिकभाव कोने कहे छे? उ. कोइ पण कारणथी कर्मोना उपशम थवाथी (उदय नहि थवाथी) जीवना परिणाम जे विशुद्ध थइ जाय, तेने औपशमिकभाव कहे छे.

४५२ प्र. क्षायिकभाव कोने कहे छे? उ. कर्मोनो सर्वथा नाश थवाथी आत्मानो अत्यन्त शुद्धभाव थइ जाय छे, तेने क्षायिकभाव कहे छे.

४५३ प्र. क्षायोपशमिकभाव (मिश्रभाव) कोने कहे छे? उ. सर्वघाती कर्मोनो उदयभावी क्षय अथवा उपशम थवाने तथा देशघाती कर्मोनो उदय थवाथी आत्माने जे भाव थाय छे, तेने क्षायोपशमिक अथवा मिश्रभाव कहे छे.

४५४ प्र. औदायिकभाव कोने कहे छे? उ. कर्मोना उदय आववाथी अर्थात् द्रव्यक्षेत्र काल भावरुप निमित्तथी कर्म ज्यारे पोतानुं फळ आपे छे, तेने उदय कहे छे. अने कर्मोना उदयथी जे आत्माना भाव थाय छे, तेने औ-

दायिकभाव कहे छे.

४५५ प्र. पारिणामिकभाव कोने कहे छे? उ. जे कर्मोना उपशम, क्षय, क्षयोपशम, अथवा उदयनी अपेक्षा राख्या विना जीवनो स्वभाव मात्र होय, तेने पारिणामिकभाव कहे छे.

४५६ प्र. औपशमिकभावना केटला भेद छे? उ. बे भेद छे. सम्यक्त्वभाव अने चारित्रभाव.

४५७ क्षायिक भावना केटला भेद छे? उ. नव भेद छे. क्षायिकसम्यक्त्व, क्षायिकचारित्र, क्षायिकदर्शन, क्षायिकज्ञान, क्षायिकदान, क्षायिकलाभ, क्षायिकभोग, क्षायिकउपभोग अने क्षायिकवीर्य.

४५८ प्र. क्षायोपशमिकभावना केटला भेद

छे? उ. १८ भेद छे. सम्यक्त्व, चारित्र, चक्षु-दर्शन, अचक्षुदर्शन, अवधिदर्शन, देशसंयम, मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मन:पर्ययज्ञान, कुमतिज्ञान, कुश्रुतज्ञान, कुअवधिज्ञान, दान, लाभ, भोग, उपभोग अने वीर्य.

४५९ प्र. औदयिकभावना केटला भेद छे? उ. २१ भेद छे—गति ४, कषाय ४, लिंग ३, मिथ्यादर्शन १, अज्ञान १, असंयम १, असिद्धत्व १, लेश्या ६ (पीत, पद्म, शुक्ल, कृष्ण, नील, कापोत)।

४६० प्र. पारिणामिकभावना केटला भेद छे? उ. त्रण भेद छे-जीवत्व, भव्यत्व, अभव्यत्व.

४६१ प्र. लेश्या कोने कहे छे? उ. कषायना उदयथी अनुरंजीत योगोनी प्रवृत्तिने भाव-

लेश्या कहे छे. अने शरीरना पीत, पद्मादि वर्णोने द्रव्यलेश्या कहे छे.

४६२ प्र. उपयोग कोने कहे छे? उ. जीवना लक्षणरुप चैतन्यानुविधायी परिणामने उपयोग कहे छे.

४६३ प्र. उपयोगना केटला भेद छे? उ. बे भेद छे—दर्शनोपयोग अने ज्ञानोपयोग.

४६४ प्र. दर्शनोपयोगना केटला भेद छे? उ. चार भेद छे—चक्षुदर्शन, अचक्षुदर्शन, अवधिदर्शन, अने केवळदर्शन.

४६५ प्र. ज्ञानोपयोगना केटला भेद छे? उ. आठ भेद छे—मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मनःपर्ययज्ञान, केवळज्ञान, कुमतिज्ञान, कुश्रुतज्ञान, अने कुअवधिज्ञान.

४६६ प्र. संज्ञा कोने कहे छे? उ. अभिलाषाने (वांच्छाने) संज्ञा कहे छे.

४६७ प्र. संज्ञाना केटला भेद छे? उ. चार भेद छे. आहार, भय, मैथुन अने परिग्रह.

४६८ प्र. मार्गणा कोने कहे छे? उ. जे जे धर्मविशेषोथी जीवोनी अन्वेशण (शोध) कराय, ते धर्मविशेषोने मार्गणा कहे छे.

४६९ प्र. मार्गणाना केटला भेद छे? उ. १४ भेद छे. गति, इन्द्रिय, काय, योग, वेद, कषाय, ज्ञान, संयम, दर्शन, लेश्या, भव्यत्व, सम्यक्त्व, संज्ञित्व, अने आहार.

४७० प्र. गति कोने कहे छे? उ. गतिनामा नामकर्मना उदयथी जीवना पर्यायविशेषने गति कहे छे.

४७१ प्र. गतिना केटला भेद छे? उ. चार भेद छे. नरकगति, तिर्यंचगति, मनुष्यगति अने देवगति.

४७२ प्र. इन्द्रिय कोने कहे छे? उ. आत्माना लिङ्गने (चिन्हने) इन्द्रिय कहे छे.

४७३ प्र. इन्द्रियना केटला भेद छे? उ. बे भेद छे—द्रव्येन्द्रिय अने भावेन्द्रिय.

४७४ प्र. द्रव्येन्द्रिय कोने कहे छे? उ. निर्वृति अने उपकरणने द्रव्येन्द्रिय कहे छे.

४७५ प्र. निर्वृत्ति कोने कहे छे? उ. प्रदेशोनी रचनाविशेषने निर्वृत्ति कहे छे.

४७६ प्र. निर्वृत्तिना केटला भेद छे? उ. बे भेद छे. बाह्यनिर्वृत्ति अने अभ्यन्तरनिर्वृति

४७७ प्र. बाह्यनिर्वृत्ति कोने कहे छे? उ.

इन्द्रियना आकाररुप पुद्गलनी रचनाविशेषने बाह्यनिर्वृत्ति कहे छे.

४७८ प्र. अभ्यन्तर निर्वृत्ति कोने कहे छे? उ. आत्माना विशुद्ध प्रदेशोना इन्द्रिय आकार-रुप रचना विशेषने अभ्यन्तर निर्वृत्ति कहे छे.

४७९ प्र. उपकरण कोने कहे छे? उ. जे निर्वृत्तिनो उपकार (रक्षा) करे, तेने उपकरण कहे छे.

४८० प्र. उपकरणना केटला भेद छे? उ. बे भेद छे.—अभ्यन्तरउपकरण अने बाह्य-उपकरण.

४८१ प्र. आभ्यन्तर उपकरण कोने कहे छे? उ. नेत्र इन्द्रियमां कृष्ण, शुक्ल मंडलनी माफक सर्व इन्द्रियोमां जे निर्वृत्तिनो उपकार करे,

तेने आभ्यन्तर निर्वृत्ति कहे छे.

४८२ प्र. बाह्यउपकरण कोने कहे छे? उ. नेत्र इन्द्रियमां पलक (पांपणो) वगेरेनी माफक, जे निर्वृत्तिनो उपकार करे, तेने बाह्योपकरण कहे छे.

४८३ प्र. भावेन्द्रिय कोने कहे छे? उ. लब्धि अने उपयोगने भावेन्द्रिय कहे छे.

४८४ प्र. लब्धि कोने कहे छे? उ. ज्ञानावरणकर्मना क्षयोपशमने लब्धि कहे छे.

४८५ प्र. उपयोग कोने कहे छे? उ. क्षयोपशम हेतुवाळा चेतनाना परिणामविशेषने उपयोग कहे छे.

४८६ प्र. द्रव्येन्द्रियना केटला भेद छे? उ. पांच भेद छे. स्पर्शन, रसना, घ्राण, चक्षु

अने श्रोत्र.

४८७ प्र. स्पर्शन इन्द्रिय कोने कहे छे ? उ. जेनाथी आठ प्रकारना स्पर्शो (शीत, उष्ण, रुक्ष, सचिक्कण, कठोर, कोमल, हलका, भारे-नुं ज्ञान थाय, तेने स्पर्शनेन्द्रिय कहे छे.

४८८ प्र. रसना इन्द्रिय कोने कहे छे ? उ. जेनाथी पांच प्रकारना रसो (तीखो, कडवो, कषायलो, खाटो, अने मीठो) ना स्वादनुं ज्ञान थाय, तेने रसनेन्द्रिय कहे छे.

४८९ प्र. घ्राणेन्द्रिय कोने कहे छे ? उ. जेनाथी बे प्रकारनी गंध (सुगन्ध अने दुर्गन्ध-नुं ज्ञान थाय, तेने घ्राणेन्द्रिय कहे छे.

४९० प्र. चक्षुरिन्द्रिय कोने कहे छे ? उ. जेनाथी पांच प्रकारना वर्णोनुं (धोळो, पीळो,

लीलो, लाल अने काळा रंगनुं) ज्ञान थाय, तेने चक्षुरिन्द्रिय कहे छे.

४९१ प्र. श्रोत्र इन्द्रिय कोने कहे छे? उ. जेनाथी सात प्रकारना स्वरोनुं ज्ञान थाय. तेने श्रोतेन्द्रिय कहे छे.

४९२ प्र. कया कया जीवोने कइ कइ इन्द्रियो होय छे? उ. पृथिवी, अप, तेज, वायु अने वनस्पति ए पांच प्रकारना जीवोने एक स्पर्शन इन्द्रिय होय छे. सरसीयां, करमीआ, गाडर, गंडेरा, इयेळ, वाळा, पोरा, जंतु, जळो वीगेरे जीवोने स्पर्शन अने रसना ए बे इन्द्रियो होय छे. उधइ, जु, लीख, मांकड, कीडी, कानखजुरा, वीगेरे जीवोने स्पर्शन, रसना अने घ्राण (नाक) ए त्रण इन्द्रियो होय

छे. माखी, मच्छर, डांस, मसा, पतंगीया, कंसारी, करोळीआ, ढीकण, वींछी, भमरा, भमरीओ, वीगेरे जीवोने स्पर्शन, रसना, नाक अने आंखो ए चार इन्द्रियो होय छे. अने घोडा, सिंह, आदि चारपगा जनावर—पशु, मनुष्य, देव, अने नारकी जीवोने स्पर्शन, जीभ, नाक, आंखो अने कान ए पांचे इन्द्रियो होय छे.

४९३ प्र. काय कोने कहे छे? उ. त्रस, स्थावर नामकर्मना उदयथी आत्माना प्रदेश प्रचयने काय कहे छे.

४९४ प्र. त्रस कोने कहे छे? उ. त्रस नामा नामकर्मना उदयथी बेइन्द्रिय, त्रीन्द्रिय, चतुरिन्द्रिय अने पंचेन्द्रियोमां जन्म लेवावाळा जी-

वोने त्रस कहे छे.

४९५ प्र. स्थावर कोने कहे छे? उ. स्थावरनामा नामकर्मना उदयथी पृथिवी, अप, तेज, वायु अने वनस्पतिमां जन्म लेवावाळा जीवोने स्थावर कहे छे.

४९६ प्र. बादर कोने कहे छे? उ. पृथिवी आदिकथी जे रोकाइ जाय, तथा बीजाने रोके, तेने बादर कहे छे.

४९७ प्र. सूक्ष्म कोने कहे छे? उ. जे पृथिवी आदिकथी रोकाय नहि अने बीजा पदार्थोने रोके नहि, तेने सूक्ष्म कहे छे.

४९८ प्र. वनस्पतिना केटला भेद छे? उ. बे भेद छे. प्रत्येक अने साधारण.

४९९ प्र. प्रत्येक वनस्पति कोने कहे छे?

उ. एक शरीरनो जे एकज स्वामी होय, तेने प्रत्येक वनस्पति कहे छे.

५०० प्र. साधारण वनस्पति कोने कहे छे? उ. जे जीवोना आहार, श्वासोश्वास, आयु अने काय ए साधारण (समान अथवा एक) होय, तेने साधारण वनस्पति कहे छे. जेमके कंदमुलादिक.

५०१ प्र. प्रत्येक वनस्पतिना केटला भेद छे? उ. बे भेद छे. सप्रतिष्ठित प्रत्येक अने अप्रतिष्ठित प्रत्येक.

५०२ प्र. सप्रतिष्ठित कोने कहे छे? उ. जे प्रत्येक वनस्पतिना आश्रय अनेक साधारण वनस्पति शरीर होय, तेने सप्रतिष्ठित प्रत्येक वनस्पति कहे छे.

९०३ प्र. अप्रतिष्ठित प्रत्येक कोने कहे छे? उ. जे प्रत्येक वनस्पतिने आश्रय कोईपण साधारण वनस्पति न होय, तेने अप्रतिष्ठित प्रत्येक वनस्पति कहे छे.

९०४ प्र. साधारण वनस्पति सप्रतिष्ठित प्रत्येक वनस्पतिमांज होय छे के कोई बीजीमां होय छे? उ. पृथिवी, अप, तेज, वायु, केवली भगवान, आहारक शरीर, देव, नारकी ए आठोना सिवाय सर्व संसारी जीवोना शरीर साधारण अथवा निगोदने आश्रय छे.

९०५ प्र. साधारण वनस्पतिना (निगोदना) केटला भेद छे? उ. बे भेद छे. नित्यनिगोद अने इतरनिगोद.

९०६ प्र. नित्यनिगोद कोने कहे छे? उ.

जेने कोई वखत पण निगोदना सिवाय बीजी पर्याय प्राप्त करी नथी अने प्राप्त करशे पण नहि, तेने नित्यनिगोद कहे छे.

५०७ प्र. इतरनिगोद कोने कहे छे? उ. जे निगोदथी नीकळीने बीजी पर्याय प्राप्त करी फरीने निगोदमां उत्पन्न थाय, तेने इतरनिगोद कहे छे.

५०८ प्र. बादर अने सूक्ष्म कया कया जीव छे? उ. पृथिवी, अप, तेज, वायु, नित्यनिगोद, इतरनिगोद ए छ बादर अने सूक्ष्म बन्ने प्रकारना होय छे. बाकीना सर्वे जीव बादरज होय छे. सूक्ष्म होता नथी.

५०९ प्र. योग कोने कहे छे? उ. पुद्गलविपाकी शरीर अने अंगोपांगनामा नामकर्मना

उदयथी मनोवर्गणा, वचनवर्गणा, तथा कायव-र्गणाना अवलंबनथी, कर्म नोकर्मने ग्रहण कर-वानी जीवनी शक्तिविशेषने भावयोग कहे छे. तेज भावयोगना निमित्तथी आत्माना प्रदेशोना परिस्पंदने (चंचल होवाने) द्रव्ययोग कहे छे.

५१० प्र. योगना केटला भेद छे? उ. पंदर भेद छे. मनोयोग ४, वचनयोग ४, अने काययोग ७.

५११ प्र. वेद कोने कहे छे? उ. नोकषा-यना उदयथी उत्पन्न थयेला जीवने मैथुन कर-वानी अभिलाषाने भाववेद कहे छे. अने नाम कर्मना उदयथी आविर्भूत जीवना चिन्हविशे-षने द्रव्यवेद कहे छे.

५१२ प्र. वेदना केटला भेद छे. उ. त्रण

भेद छे. स्त्रीवेद, पुरुषवेद अने नपुंसकवेद.

५१३ प्र. कषाय कोने कहे छे? उ. जे आत्माना सम्यक्त्व, देशचारित्र, सकलचारित्र अने यथाख्यात चारित्ररुप परिणामोने घाते, तेने कषाय कहे छे.

५१४ प्र. कषायना केटला भेद छे? उ. सोळ भेद छे. अनन्तानुबंधी ४, अप्रत्याख्यानावरणीय ४, प्रत्याख्यानावरणीय ४ अने संज्वलन ४.

५१५ प्र. ज्ञानमार्गणाना केटला भेद छे? उ. मति, श्रुत, अवधि, मनःपर्यय, केवल, तथा कुमति, कुश्रुत, अने कुअवधि.

५१६ प्र. संयम कोने कहे छे? उ. अहिंसादिक पांच व्रत धारण करवाने, इर्यापथ

आदि पांच समितियोना पाळवाने, कषायोनो निग्रह करवाने, मनोयोगादिक त्रणे योगोने रोकवाने तथा स्पर्शन आदि पांचे इन्द्रियोना विषयोनो विजय करवाने संयम कहे छे.

५१७ प्र. संयम मार्गणाना केटला भेद छे?
उ. सात भेद छे.—सामायिक, छेदोपस्थापना, परिहार विशुद्धि, सूक्ष्म साम्पराय, यथाख्यात, संयमासंयम अने असंयम.

५१८ प्र. दर्शनमार्गणाना केटला भेद छे?
उ. चार भेद छे.—चक्षुदर्शन, अचक्षुदर्शन, अवधिदर्शन, अने केवळदर्शन.

५१९ प्र. लेश्यामार्गणाना केटला भेद छे?
उ. छ भेद छे. कृष्ण, नील, कापोत, पीत, पद्म अने शुक्ल.

५२० प्र. भव्यमार्गणाना केटला भेद छे? उ. बे भेद छे. भव्य अने अभव्य.

५२१ प्र. सम्यक्त्व कोने कहे छे? उ. तत्त्वार्थना श्रद्धानने सम्यक्त्व कहे छे.

५२२ प्र. सम्यक्त्वमार्गणाना केटला भेद छे? उ. छ भेद छे.—उपशम सम्यक्त्व, क्षयोपशम सम्यक्त्व, क्षायिक सम्यक्त्व, सम्यग्मिथ्यात्व, सासादन, अने मिथ्यात्व.

५२३ प्र. संज्ञी कोने कहे छे? उ. जेमां संज्ञा होय, तेने संज्ञि कहे छे.

५२४ प्र. संज्ञा कोने कहे छे? उ. द्रव्यमन द्वारा शिक्षादि ग्रहण करवाने संज्ञा कहे छे.

५२५ प्र. संज्ञीमार्गणाना केटला भेद छे? उ. बे भेद छे. एक संज्ञी अने बीजो असंज्ञी.

५२६ प्र. आहार कोने कहे छे ? उ. औदारिक आदि शरीर अने पर्याप्तिना योग्य पुद्गलोने ग्रहण करवाने आहार कहे छे.

५२७ प्र. आहारवर्गणाना केटला भेद छे ? उ. बे भेद छे. आहारक अने अनाहारक.

५२८ प्र. अनाहारक जीव कइ कइ अवस्थामां थाय छे ? उ. विग्रहगति, अने कोइ कोइ समुद्घातमां, अने अयोग केवळी अवस्थामां जीव अनाहारक थाय छे.

५२९ प्र. विग्रहगति कोने कहे छे ? उ. एक शरीरने छोडी बीजा शरीरना तरफ गमन करवाने विग्रहगति कहे छे.

५३० प्र. विग्रहगतिमां कयो योग होय छे ? उ. कर्माणयोग होय छे.

५३१ प्र. विग्रहगतिना केटला भेद छे? उ. चार भेद छे. ऋजुगति, पाणिमुक्तागति, लांगलिकागति अने गोमूत्रिकागति.

५३२ प्र. ए विग्रहगतियोमां केटलो काळ लागे छे? उ. ऋजुगतिमां एक समय, पाणिमुक्तागतिमां बे समय, लांगलीकागतिमां त्रण समय, अने गोमूत्रिकागतिमां चार समय लागे छे.

५३३ प्र. ते गतियोमां अनाहारक अवस्था केटला समय सुधी रहे छे? उ. ऋजुगतिवाळो जीव अनाहारक होतो नथी. पाणिमुक्तागतिमां जीव एक समय सुधी अनाहारक रहे छे. लांगलिकागतिमां बे समय सुधी जीव अनाहारक रहे छे अने गोमूत्रिकागतिमां त्रण

समय सुधी जीव अनाहारक रहे छे.

६३४ प्र. मोक्ष जवावाळा जीवने कइ गति थाय छे? उ. मोक्ष जवावाळा जीवने ऋजुगति थाय छे अने ते जीव अनाहारकज थाय छे.

६३५ प्र. जन्म केटला प्रकारना छे? उ. त्रण प्रकारना छे. उपपादजन्म, गर्भजन्म, अने सन्मूर्च्छेन्‌जन्भ.

६३६ प्र. उपपादजन्म कोने कहे छे? उ. जे जीव देवोनी उपपाद शय्या तथा नारकियोना योनिस्थानमां पहोचतांज अंतमुहूर्तमां युवावस्थाने प्राप्त थइ जाय, ते जन्मने उपपाद जन्म कहे छे.

६३७ प्र. गर्भजन्म कोने कहे छः उ. माता

पिताना रजोवीर्यथी जेनुं शरीर बने, ते ज-
न्मने गर्भजन्म कहे छे.

९३८ प्र. सम्मूर्च्छनजन्म कोने कहे छे ? उ. मातापितानी अपेक्षा विना अहिं तहिंना परमाणुओने शरीररुप परिणमावे, तेना जन्मने सम्मूर्च्छनजन्म कहे छे.

९३९ प्र. कया कया जीवोने कयो कयो जन्म थाय छे ? उ. देव अने नारकी जीवोने उपपाद जन्म थाय छे. जरायुज, अंडज, अने पोत (जे योनिमांथी नीकळतांनी साथे तरत दोडवा लागी जाय छे अने जेना उपर ओर वीगेरेनी कोथळी होती नथी) ते जीवोने गर्भ-
जन्म थाय छे. अने बाकीना जीवोने सम्मू-
र्च्छन जन्मज थाय छे.

५४० प्र. कया कया जीवोने कया कया लिंग थाय छे ? उ. नारकीजीवो अने सम्मूर्च्छन जीवोने नपुंसक लिंग थाय छे अने देवोने पुलिंग अने स्त्रीलिंग थाय छे अने बाकीना जीवोने त्रण लिंग. (पुलिंग, स्त्रीलिंग, नपुंसक लिंग,) थाय छे.

५४१ प्र. जीवसमास कोने कहे छे ? उ. जीवोने रहेवानां ठाकणाने जीवसमास कहे छे.

५४२ प्र. जीवसमासना केटला भेद छे ? उ. ९८ भेद छे, तिर्यंचना ८५, मनुष्यना ९, नारकीओना बे अने देवोना बे छे.

५४३ प्र. तिर्यंचना "८५" भेद कया कया छे ? उ. सम्मूर्च्छन जीवोना ६९ अने गर्भजना १६.

५४४ प्र. सम्मूर्च्छनना ६९ भेद कया कया छे ? उ. एकेन्द्रियना ४२, विकलत्रयना ९, अने पंचेन्द्रियना १८ छे.

५४५ प्र. एकेन्द्रियना ४२ भेद कया कया छे ? उ. पृथिवी, अप, तेज, वायु, नित्य-निगोद, इतरनिगोद, ए छना बादर अने सूक्ष्मनी अपेक्षाथी १२ तथा सप्रतिष्टित प्रत्येक अने अप्रतिष्टित प्रत्येकने उमेरवाथी १४ थाय छे. ते चौदना पर्याप्तक, निर्वृत्यपर्याप्तक अने लब्ध्यपर्याप्तक ए त्रणेनी अपेक्षाए ४२ जीवसमास थाय छे.

५४६ प्र. विकलत्रयना ९ भेद कया कया छे ? उ. बेइन्द्रिय, त्रण इन्द्रिय अने चार इन्द्रियना पर्याप्तक, निर्वृत्यपर्याप्तक अने लब्ध्यपर्याप्तक-

नी अपेक्षाथी नव भेद थया.

५४७ प्र. सम्मूर्च्छनपंचेन्द्रियना १८ भेद कया कया छे? उ. जलचर, थलचर, नभचर, ए त्रणोना सैनी असैनीनी अपेक्षाथी ६ भेद थया अने ते छना पर्याप्तक निर्वृत्यपर्याप्तक, लब्ध्यपर्याप्तकनी अपेक्षाथी १८ जीवसमास थाय छे.

५४८ प्र. गर्भज पंचेन्द्रियना १६ भेद कया कया छे? उ. कर्मभूमिना १२ अने भोगभूमिना ४.

५४९ प्र. कर्म भूमिना बार भेद कया कया छे? उ. जलचर, स्थलचर, नभचर ए त्रणोना सैनी, असैनीना भेदथी छ भेद थया. अने तेना पर्याप्तनिवृत्यपर्याप्तकनी अपेक्षाथी बार भेद थया.

५९० प्र. भोगभूमिना चार भेद कया कया छे? उ. थलचर, अने नभचर एना पर्याप्तक अने निर्वृत्त्यपर्याप्तकनी अपेक्षाथी चार भेद थाय छे. भोगभूमिमां असैनीतिर्यंच थता नथी.

५९१ प्र. मनुष्योना नव भेद कया कया छे? उ. आर्यखंड, म्लेच्छखंड, भोगभूमि, अने कुभोगभूमि ए चारे गर्भजोना पर्याप्तक, निर्वृत्त्य पर्याप्तकनी अपेक्षाथी आठ भेद थया. तेमां सम्मूर्च्छनमनुष्यनो लब्ध्यपर्याप्तक भेद उमेरवाथी नव भेद थाय छे.

५९२ प्र. नारकीयोना बे भेद कया कया छे? उ. पर्याप्तक, अने निर्वृत्त्यपर्याप्तक, ए बे भेद छे.

५५३ प्र. देवोना बे भेद कया कया छे ? उ. पर्याप्तक अने निर्वृत्त्यपर्याप्तक ए बे भेद छे ?

५५४ प्र. देवोना विशेष भेद कया कया छे ? उ. चार भेद छे—भवनवासी, व्यन्तर, ज्योतिष्क अने वैमांनिक.

५५५ प्र. भवनवासीदेव केटला छे ? उ. दश छे.—असुरकुमार, नागकुमार, विद्युत्कुमार, सुवर्णकुमार, अग्निकुमार, वातकुमार, स्तनित कुमार, उदधिकुमार, दीपकुमार, अने दिक्-कुमार.

५५६ प्र. व्यन्तरदेवोना केटला भेद छे ? उ. आठ भेद छे—किन्नर, किंपुरुष, महोरग, गंधर्व, यक्ष, राक्षस, भूत अने पिशाच.

५५७ प्र. ज्योतिष्क देवोना केटला भेद छे?

उ. पांच भेद छे. सूर्य, चन्द्रमा, ग्रह, नक्षत्र अने तारा.

५५८ प्र. वैमानिक देवोना केटला भेद छे? उ. बे भेद छे. कल्पोपपन्न अने कल्पातीत ए बे प्रकारना छे.

५५९ प्र. कल्पोपपन्न कोने कहे छे ? उ. जेमां इन्द्रादिकोनी कल्पना थाय, तेने कल्पोपपन्न कहे छे.

५६० प्र. कल्पातीत कोने कहे छे ? उ. जेमां इन्द्रादिकना कल्पना न थाय, तेने कल्पातीत कहे छे.

५६१ प्र. कल्पोपप्रन्न देवोना केटला भेद छे ? उ. सोळ भेद छे—१ सौधर्म, २ ऐशान, ३ सानत्कुमार, ४ माहेन्द्र, ५ ब्रह्म, ६ ब्रह्मो-

त्तर, ७ लांतव, ८ कापिष्ट, ९ शुक्र, १० महा-
शुक्र, ११ सतार, १२ सहस्रार, १३ आनत,
१४ प्राणत, १५ आरण १६ अच्युत ए सोळ
स्वर्गना नामथी ओळखाय छे.

५६२ प्र. कल्पातीत देवोना केटला भेद
छे ? उ २३ भेद छे. नवग्रैवेयक, नव अनु-
दिश, पांच पंचोत्तर (विजय, वैजयन्त, जयन्त,
अपराजित अने सर्वार्थसिद्धि).

५६३ प्र. नारकीओना विशेष भेद केटला
छे ? उ. पृथिविओनी अपेक्षाथी सात भेद छे.

५६४ प्र. सात पृथिवीओनां नाम कया
कया छे ? उ. रत्नप्रभा (घर्मा), शर्कराप्रभा
(वंशा), बालुकाप्रभा [मेघा], पंकप्रभा,
(अंजना), धूमप्रभा [अरिष्टा], तमःप्रभा

[मघवी], महातमःप्रभा [माघवी], ए सात नाम छे.

५६५ प्र. सूक्ष्म एकेन्द्रिय जीवोने रहेवानुं स्थान क्यां छे ? उ. ए जीवोने रहेवानुं स्थान सर्वलोक छे.

५६६ प्र. बादर एकेन्द्रिय जीवो क्यां रहे छे ? उ. बादर एकेन्द्रिय जीव कोइपण आधारनुं निमित्त प्राप्त करीने निवास करे छे.

५६७ प्र. त्रस जीव क्यां रहे छे ? उ. त्रस जीव त्रसनालीमांज रहे छे.

५६८ प्र. विकलत्रयजीव क्यां रहे छे ? उ. विकलत्रयजीव कर्मभूमि अने अन्तना अर्धा द्वीप तथा अंतना स्वयंभूरमण समुद्रमांज रहे छे.

५६९ प्र. पंचेन्द्रिय तिर्यंच जीवो क्यां रहे छे? उ. तिर्यक् लोकमां रहे छे, परन्तु जलचर तिर्यञ्च लवण समुद्र, कालोदधि समुद्र अने स्वयंभूरमण समुद्रना सिवाय अन्य समुद्रमां होता नथी.

५७० प्र. नारकी जीवो क्यां रहे छे? उ. नारकी जीवो अधोलोकनी साते पृथिवीओमां [नरकोमां] रहे छे.

५७१ प्र. भवनवासी अने व्यन्तर देवो क्यां रहे छे? उ. पहेली पृथिवीना खरभाग[1] अने

---

१. पहेली रत्नप्रभा पृथिवीना त्रण भाग छे, तेमांथी उपरना खरभागमां चित्रा, वेडूर्यआदि एक एकहजार योजननी १६ पृथिवीओ छे, तेमांथी उपरनी एक अने नीचेनी एक ए बे पृथीवीओ छोडीने वचली १४ पृथिवीओमां किन्नर, किंपुरुष महोरग, गंधर्व यक्ष, भूत अने

पंकभागमां२ तथा तिर्यक्लोकमां रहे छे.

५७२. प्र. ज्योतिष्क देव क्यां रहे छे ? उ. आचित्रापृथिवीथी सातसो नेवुं (७९०) योजननी उंचाइथी नवसो (९००) योजननी उंचाइ सुधी एटले एकसोदश योजन आकाशमां एक राजुमात्र तिर्यक् लोकमां ज्योतिष्कदेव निवास करे छे.

५७३ प्र. वैमानिकदेव क्यां रहे छे ? उ. उर्द्धलोकमां वैमानिक देवो रहे छे.

पिशाच ए सात प्रकारना व्यन्तरोनो तथा नागकुमार, विद्युत्कुमार, सुवर्णकुमार, अग्निकुमार, स्तनितकुमार, उद-धिकुमार, दीपकुमार अने दिक्कुमार ए नव प्रकारना भवनवासिदेवोनो निवास छे. अने खरभागनी नीचे.

(२.) ८४००० मोटो पंकभाग छे, तेमां असुरकुमार अने राक्षस देवोनो निवास छे.

५७४ प्र. मनुष्य कयां रहे छे ? उ. नर-लोकमां मनुष्य रहे छे.

५७५ प्र. लोकना केटला भेद छे. ? उ. लोकना त्रण भेद छे. उर्द्धलोक, मध्य लोक अने अधो लोक.

५७६ प्र. अधोलोक कोने कहे छे ? उ. सुमेरुपर्वतनी नीचे सात राजु अधोलोक छे.

५७७ प्र. उर्द्धलोक कोने कहे छे ? उ. सुमेरुना उपरलोकना अंत पर्यन्त उर्द्ध-लोक छे.

५७८ प्र. मध्यलोक कोने कहे छे ? उ एक लाख चालीश योजन मेरुनी उंचाइना बराबर मध्य लोक छे.

५७९ प्र. मध्यलोकनुं विशेष स्वरुप शुं

छे? उ. मध्यलोकनां अत्यन्त मध्यमां (वच्चमां) एक लाख [१]योजन लांबो पहोळो गोळ थालीनी माफक जम्बुद्वीप छे.

जम्बुद्वीपनी मध्यमां एक लाख योजन उंचो सुमेरु पर्वत छे, जेनुं एक हजार योजन जमीननीअंदर मूळ छे. ९९ हजार योजन पृथिवीना उपर छे अने चालीश योजननी चूलिका छे. जम्बुद्वीपना मध्यमां पूर्व पश्चिम लांबा छ[२] कुलाचल पर्वत पडेला छे, जेनाथी जम्बुद्वीपना सात खंड थइ गया छे. ते साते खंडोनां नाम आवी रीते छे—भरत, हैमवत, हरि, विदेह, रम्यक, हैरण्यवत, अने ऐरावत। विदेहक्षे-

---

१. अहियां एक योजन बे हजार कोशनो जाणवो.

(२.) हिमवन, महाहिमवन, निषिध, रुक्मि, शीखरणी, अने वर्षधर ए छ कुलाचल छे.

त्रमां मेरुथी उत्तर दिशामां उत्तरकुरु अने दक्षिण दीशामां देवकुरु छे. जम्बुद्वीपनी चारे बाजुए खाइनी माफक लपेटायलो बे लाख योजननो पहोळो लवण समुद्र छे. लवण समुद्रने चारे तरफथी लपेटायला चार लाख योजन पहोळा धातकीखंड द्वीप छे.

धातकीखंड द्वीपमां बे मेरु पर्वत छे. अने क्षेत्र कुलाचलादि संपूर्ण रचना जम्बुद्वीपथी बमणी छे. धातकीखंडने चारो तरफ लपेटायलो आठ लाख योजननो पहोळो कालोदधि समुद्र छे. अने कालोदधि समुद्रने लपेटायलो सोल लाख योजन पहोळो पूष्करद्वीप छे. पुष्करद्वीपनी मध्यमां कंकणना आकारनी चोडाइ पृथिवीपर एक हजार बावीस योजन मध्यमां सातसो

तेवीस योजन, उपर चारसो चौवीस योजन अने उंच्चो सत्तरसो एकवीश योजन अने जमीननी अंदर चारसो सत्तावीश योजन जेनी जड छे (मूळ छे) एवो मानुषोत्तर नामनो पर्वत पडेलो छे, जेनाथी पुष्करद्वीपना बे खंड थइ गया छे. पुष्करद्वीपना पहेला अर्धा भागमां जम्बुद्वीपथी बमणी अथवा धातकीखंड द्वीपनी बराबर रचना छे.

जम्बुद्वीप, धातकीखंडद्वीप, पुष्करार्धद्वीप तथा लवणसमुद्र अने काळोदधि समुद्र एटला क्षेत्रने नरलोक कहे छे.

पुष्करद्वीपथी आगळ परस्पर एक बीजाने लपेटायला बमण बमणा वीस्तारवाळा मध्य लोकना अन्त सुधी द्वीप अने समुद्र छे.

पांच मेरु संबंधी, पांच भरतक्षेत्र, पांच ऐरावतक्षेत्र अने देवकुरु अने उत्तरकुरुने छोडीने पांच विदेहक्षेत्र एवीरीते सर्वे मळीने १५ कर्मभूमि छे. । पांच हैमव्रत अने पांच हैरण्यवत ए दश क्षेत्रोमां जघन्य भोगभूमि छे. । पांच हरि अने पांच रम्यक ए दश क्षेत्रोमां मध्यम भोगभूमि छे. । अने पांच देवकुरु अने पांच उत्तरकुरु ए दश क्षेत्रोमां उत्तम भोगभूमि छे.

ज्यां असि, मसि, कृषि, सेवा, शिल्प अने वाणिज्य ए छ कर्मोनी प्रवृत्ति छे, तेने कर्मभूमि कहे छे.

ज्यां ए छ कर्मोनी प्रवृत्ति होती नथी, तेने भोगभूमि कहे छे.

मनुष्यक्षेत्रोथी बहारना समस्त द्वीपोमा जघन्य भोगभूमिनी रचना छे, परन्तु अन्तिम स्वयंभुरमण द्वीपना उत्तरार्द्धमां तथा समस्त स्वयंभूरमण समुद्रमां अने चारे खुणानी पृथिवीओमां कर्मभूमिनी रचना छे. लवण समुद्र अने काळोदधि समुद्रमां ९६ अन्तरद्वीप छे, जेमां कुभोगभूमिनी रचना छे. त्यां मनुष्यज रहे छे, तेमां मनुष्योनी आकृति नाना प्रकारनी कुत्सित छे.

इति चतुर्थोऽध्यायः समाप्तः ।

अथ पञ्चमोऽध्यायः प्रारभ्यते ।

९८० प्र. संसारमां समस्त प्राणी सुखने चाहे छे अने सुखनोज उपाय करे छे, परन्तु सुखने प्राप्त केम थता नथी ? उ. संसारी जीव

खरा सुखनुं स्वरुप अने तेनो उपाय जाणता नथी अने तेनुं साधन पण करता नथी, तेथी खरा सुखने प्राप्त थता नथी.

५८१ प्र. खरा सुखनुं स्वरुप शुं छे? उ. आल्हादस्वरुप जीवना अनुजीवी गुणने खरुं सुख कहे छे. एज जीवनो खास स्वभाव छे, परन्तु संसारी जीवोए भ्रमवश सातावेदनीय कर्मना उदयजनित ते खरा सुखना वैभाविक परिणतिरुप सातापरिणामनेज सुख मानी राख्युं छे.

५८२ प्र. संसारी जीवने खरुं सुख केम मळतुं नथी? उ. कर्मोए ते सुखने दाबी राख्युं छे, ए कारणथी खरुं सुख संसारी जीवने मळतुं नथी.

९८३ प्र. संसारी जीवने खरुं सुख क्यारे मळे छे? उ. संसारी जीवने खरुं सुख मोक्षे गयाथीज मळे छे.

९८४ प्र. मोक्षनुं स्वरुप शुं छे? उ. आत्माथी समस्त कर्मोना विप्रमोक्षने (अत्यन्त वियोगने) मोक्ष कहे छे.

९८५ प्र. ते मोक्षनी प्राप्तिनो उपाय कयो छे? उ. मोक्षनी प्राप्तिनो उपाय संवर अने निर्जरा छे.

९८६ प्र. संवर कोने कहे छे? उ. आस्रवना निरोधने संवर कहे छे अथवा अनागत (नवीन) कर्मोनो आत्मानी साथे संबंध न थवाने संवर कहे छे.

९८७ प्र. निर्जरा कोने कहे छे? उ. आ-

त्माना पूर्वथी बांधेला कर्मोनो संबंध छूटवाने निर्जरा कहे छे.

५८८ प्र. संवर अने निर्जरा थवानो उपाय शुं छे ? उ. सम्यग्दर्शन, सम्यग्ज्ञान अने सम्यग्चारित्र ए त्रणोना पूर्णगुणोनी ऐक्यताज संवर अने निर्जरा थवानो उपाय छे.

५८९ प्र. ए त्रणे पूर्णगुणोनी ऐक्यता एक साथे थाय छे के अनुक्रमथी थाय छे ? उ. अनुक्रमथी थाय छे.

५९० प्र. ए त्रणे पूर्णगुणोनी ऐक्यता थवानो क्रम केवी रीते छे? उ. जेम जेम गुणस्थान वधे छे, तेम तेम ए गुणो पण वधता वधता अंतमां पूर्ण थाय छे.

५९१ प्र. गुणस्थान कोने कहे छे? उ. मोह

अने योगना निमित्तथी सम्यग्दर्शन, सम्यग्ज्ञान, अने सम्यग्चारित्ररुप आत्माना गुणोना तारतम्यरुप अवस्थाविशेषने गुणस्थान कहे छे.

५९२ प्र. गुणस्थानना केटला भेद छे? उ. चौद भेद छे. १ मिथ्यात्व, २ सासादन, ३ मिश्र, ४ अविरतसम्यग्द्दष्टि, ५ देशविरत, ६ प्रमत्तविरत, ७ अप्रमत्तविरत, ८ अपूर्वकरण, ९ अनिवृत्तिकरण, १० सुक्ष्मसाम्पराय, ११ उपशान्तमोह, १२ क्षीणमोह, १३ सयोगकेवली, १४ अयोगकेवली ए चौद गुणस्थान छे.

५९३ प्र. गुणस्थानोनां आ नाम पडवानुं कारण शुं छे? उ. गुणस्थानोनां आ नाम पडवानुं कारण मोहनीयकर्म अने योग छे.

५९४ प्र. कया कया गुणस्थाननुं कयुं

निमित्त छे ? उ. आदिनां चार गुणस्थान तो दर्शनमोहनीय कर्मना निमित्तथी छे. पांचमां गुणस्थानथी मांडीने बारमा गुणस्थान पर्यन्त आठ गुणस्थान चारित्रमोहनीयकर्मना निमित्तथी छे. अने तेरमुं अने चौदमुं गुणस्थान योगोना निमित्तथी छे. भावार्थ—पहेलुं मिथ्यात्वगुणस्थान दर्शनमोहनीयकर्मना उदयथी थाय छे तेमां आत्माना परिणाम मिथ्यात्वरुप थाय छे.

चोथुं अविरतगुणस्थान दर्शनमोहनीयकर्मना उपशम, क्षय अथवा क्षयोपशमना निमित्तथी थाय छे. आ गुणस्थानमां आत्माना सम्यग्दर्शन गुणनो प्रादुर्भाव थइ जाय छे.

त्रीजुं सम्यग्मिथ्यात्व (मिश्र) गुणस्थान दर्शनमोहनीयकर्मना उदयथी सम्यग्मिथ्यात्वरुप

थाय छे. आ गुणस्थानमां आत्माना परिणाम सम्यग्मिथ्यात्व अथवा उभयरुप थाय छे.

पहेला गुणस्थानमां औदयिकभाव, चोथा गुणस्थानमां औपशमिक, क्षायिक अथवा क्षायोपशमिकभाव, त्रीजा गुणस्थानमां औदायिकभाव थाय छे. परन्तु बीजुं गुणस्थान दर्शनमोहनीय कर्मनी उदय, उपशम, क्षय, क्षयोपशम ए चार अवस्थाओमांथी कोइ पण अवस्थानी अपेक्षा राखता नथी, तेथी अहियां दर्शनमोहनीय-कर्मनी अपेक्षाथी पारिणामिक भाव छे, किन्तु अनन्तानुबंधीरुप चारित्रमोहनीयकर्मनो उदय थवाथी आ गुणस्थानमां चारित्र मोहनीयकर्मनी अपेक्षाथी औदायिकभाव पण कही शकाय छे. आ गुणस्थानमां अनन्तानुबंधीना उदयथी सम्य-

क्त्वनो घात थइ गयो छे, तेथी अहियां सम्य-
क्त्व नथी अने मिथ्यात्वनो पण उदय आव्यो
नथी, तेथी मिथ्यात्व अने सम्यक्त्वनी अपे-
क्षाथी अनुभयरुप छे.

पांचमा गुणस्थानथी दशमा गुणस्थान सुधी (देशविरत, प्रमत्तविरत, अप्रमतविरत, अपूर्वकरण, अनिवृत्तिकरण, सूक्ष्मसांपराय ए) छ गुणस्थान चारित्रमोहिनीयकर्मना क्षयोपशमथी थाय छे, तेथी आ गुणस्थानोमां क्षायोपशमिक भाव थाय छे. आ गुणस्थानोमां सम्यग्चारित्र गुणनी अनुक्रमे वृद्धि थती जाय छे.

अगीयारमुं उपशांतमोह गुणस्थान चारित्र-
मोहनीय कर्मना उपशमथी थाय छे, तेथी अ-
गीयारमा गुणस्थानमां औपशमिक भाव थाय

छ. जो के अहियां चारित्रमोहनीयकर्मनो पूर्णतया उपशम थइ गयो छे, तोपण योगनो सद्भाव थवाथी पूर्ण चारित्र नथी. केमके सम्यक्चारित्रना लक्षणमां योग अने कषायना अभावथी सम्यग्चारित्र थाय छे, एवुं लख्युं छे.

बारमुं क्षीणमोह गुणस्थान चारित्र मोहनीयकर्मना क्षयथी थाय छे तेथी अहियां क्षायिक भाव थाय छे. आ गुणस्थानमां पण अगीयारमा गुणस्थाननी माफक सम्यग्चारित्रनी पूर्णता नथी. सम्यग्ज्ञान गुण जो के चोथा गुणस्थानमांज प्रगट थइ चुक्या हता. भावार्थ— जो के आत्माना ज्ञानगुण अनादिकाळथी प्रवाहरुप चाली आवी रह्या छे, तोपण दर्शनमोहनीय कर्मनो उदय थवाथी ते ज्ञान मिथ्या-

रुप हतुं, परन्तु चोथा गुणस्थानमां ज्यारे दर्शनमोहनीयकर्मना उदयनो अभाव थइ गयो, त्यारे तेज आत्माना ज्ञानगुण सम्यग्ज्ञान कहेवावा लाग्या अने पंचमादि गुणस्थानोमां तपश्चरणादिना निमित्तथी अवधि, मनः पर्यय ज्ञान पण कोइ कोइ जीवने प्रगट थइ जाय छे, तोपण केवलज्ञानना थया विना सम्यग्ज्ञा-ननी पूर्णता थइ शकती नथी, तेथी आ बा-रमा गुणस्थान सुधी जो के सम्यग्दर्शननी पूर्णता थइ गइ छे. (केमके क्षायिक सम्यक्त्वना वगर क्षपकश्रेणी चढती नथी अने क्षपक श्रेणीना वगर बारमा गुणस्थाने जाय नहि.) तोपण सम्यग्ज्ञान अने सम्यग्चारित्र गुण अत्यार सुधी अपूर्ण छे, तेथी अत्यार सुधी

मोक्ष थतो नथी.

तेरमुं सयोग केवली गुणस्थान योगोना सद्भावनी अपेक्षाथी थाय छे, तेथी तेनुं नाम सयोग अने केवळज्ञानना निमित्तथी सयोग केवळी छे. आ गुणस्थानमां पूर्णता थइ जाय छे, परन्तु चारित्र गुणनी पूर्णता न होवाथी, मोक्षमां जइ शकातुं नथी.

चौदमुं अयोगकेवळी गुणस्थान योगोना अभावनी अपेक्षाए छे तेथी तेनुं नाम अयोग केवळी छे. आ गुणस्थानमां सम्यग्दर्शन, सम्यग्ज्ञान अने सम्यग्चारित्र ए त्रणे गुणोनी पूर्णता थइ जाय छे, तेथी मोक्ष पण हवे दूर रह्यो नथी. अथवा अ, इ, उ, ऋ, ऌ; ए पांच ह्रस्व स्वरोना उच्चार करवामां जेटलो वखत

लागे छे तेटलाज वखतमां मोक्ष थइ जाय छे.

५९५ प्र. मिथ्यात्व गुणस्थाननुं स्वरुप शुं छे? उ. मिथ्यात्व प्रकृतिना उदयथी अतत्त्वार्थ-श्रद्धान रुप आत्माना परिणाम विशेषने मिथ्यात्व गुणस्थान कहे छे. आ मिथ्यात्व गुणस्थानमां रहेवावाळो जीव विपरीत श्रद्धान करे छे. अने साचा धर्म तरफ तेनी रुचि (प्रीति) होती नथी. जेमके पित्तज्वरवाळा रोगीने दूध वीगेरे रस कडवा लागे छे, तेवीज रीते, तेने पण सत्य धर्म सारो लागतो नथी.

५९६ प्र. मिथ्यात्व गुणस्थानमां कइ कइ प्रकृतियोनो बंध थाय छे ? उ. कर्मनी १४८ प्रकृतियोमांथी स्पर्शादि २० प्रकृतियोनो अभेद विवक्षाथी स्पर्शादिक चारमां अने बंधन ५,

अने संघात ५ नी अभेद विवक्षाथी पांचे शरी-
रोमां अन्तर्भाव थाय छे, तेथी भेद विवक्षाथी
सर्व १४८ अने अभेद विवक्षाथी १२२
प्रकृति छे. सम्यग्मिथ्यात्व अने सम्यग्प्रकृति
ए बे प्रकृतियोनो बंध थतो नथी केमके ए
बन्ने प्रकृतियोनी सत्ता सम्यक्त्व परिणामोथी
मिथ्यात्व प्रकृतिना त्रण खंड करवाथी थाय
छे, तेथी अनादि मिथ्यादृष्टि जीवनी बन्ध
योग्य प्रकृति १२० अने सत्त्वयोगप्रकृति
१४६ छे. मिथ्यात्व गुणस्थानमां तीर्थंकरप्रकृति-
आहारक शरीर अने आहारक आंगोपांग ए
त्रण प्रकृतियोनो बंध थतो नथी केमके ए त्रण
प्रकृतियोनो बंध सम्यग्दृष्टियोनेज थाय छे, तेथी
आ गुणस्थानमां १२० मांथी त्रण घटाडवाथी

११७ प्रकृतियोनो बंध थाय छे.

५९७ प्र. मिथ्यात्व गुणस्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे? उ. मिथ्यात्व गुणस्थानमां,-सम्यग्प्रकृति, सम्यग्मिथ्यात्व प्रकृति, आहारक शरीर, आहारक आंगोपांग अने तीर्थंकर प्रकृति ए पांच प्रकृतियोनो आ गुणस्थानमां उदय थतो नथी, तेथी १२२ प्रकृतियोमांथी पांच घटाडवाथी ११७ प्रकृतियोनो उदय पहेला मिथ्यात्व गुणस्थानमां थाय छे.

५९८ प्र. मिथ्यात्व गुणस्थानमां सत्ता (सत्त्व) केटली प्रकृतियोनी रहे छे? उ. मिथ्यात्व गुणस्थानमां १४८ प्रकृतियोनी सत्ता रहे छे.

५९९ प्र. सासादनगुणस्थान कोने कहे छे? उ, प्रथमोपशम सम्यक्त्वना काळमां ज्यारे

वधारेमां वधारे ६ आवळी अने ओछामां ओछो १ समय बाकी रहे, ते समयमां कोई एक अन्तानुबंधी कषायना उदयथी जेनुं सम्यक्त्व नाश थइ गयुं छे, एवो जीव सासादन-गुणस्थानवाळो थाय छे.

६०० प्र. प्रथमोपशम सम्यक्त्व कोने कहे छे? उ. सम्यक्त्वना त्रण भेद छे—दर्शनमोहनीयनी त्रण प्रकृति अने अनन्तानुबंधीनी ४ प्रकृति एवी रीते सात प्रकृतियोनो उपशम थवाथी जे उत्पन्न थाय, तेने उपशम सम्यक्त्व कहे छे. अने ए साते प्रकृतियोनो क्षय थवाथी जे उत्पन्न थाय, तेने क्षायिकसम्यक्त्व कहे छे. अने छ प्रकृतियोना अनुदय अने सम्यक्प्रकृति नामना मिथ्यात्वना उद-

यथी जे उत्पन्न थाय, तेने क्षायोपशमिक सम्य-
क्त्त्व कहे छे.

उपशम सम्यक्त्त्वना बे भेद छे. प्रथमोपशम-
सम्यक्त्त्व, अने द्वीतियोपशमसम्यक्त्त्व. अ-
नादि मिथ्यादृष्टिनी पांच अने सादि मिथ्या-
दृष्टिनी सात प्रकृतियोना उपशमथी उत्पन्न
थाय, तेने प्रथमोपशम सम्यक्त्त्व कहे छे.

६०१ प्र. द्विंतीयोपशम सम्यक्त्त्व कोने कहे
छे? उ. सातमा गुणस्थानमां क्षायोपशमिक
सम्यग्दृष्टि जीव श्रेणी चढवानी सन्मुख अव-
स्थामां अनन्तानुबंधी चतुष्टयनुं विसंयोजन
(अप्रत्याख्यानादिरुप) करीने दर्शनमोहनी-
यनी त्रण प्रकृतियोनो उपशम करीने सम्यक्त्त्व
प्राप्त करे छे, तेने द्वितीयोपशम सम्यक्त्त्व

कहे छे.

६०२ प्र. आवळी कोने कहे छे? उ. असंख्यात समयनी एक आवळी थाय छे.

६०३ प्र. सासादनगुणस्थानमां केटली प्रकृतियोनो बंध थाय छे? उ. पहेला गुणस्थानमां जे ११७ प्रकृतियोनो बंध थाय छे तेमांथी मिथ्यात्वगुणस्थानमां जेनी व्युच्छित्ति छे, एवी सोळ प्रकृतियो घटाडवाथी १०१ प्रकृतियोनो बंध सासादनगुणस्थानमां थाय छे. ते सोळ प्रकृतिनां नाम—मिथ्यात्व, हुंडकसंस्थान, नपुंसकवेद, नरकगति, नरकगत्यानुपूर्वी, नरकायु, असंप्राप्तासृपाटिकासंहनन, एकेन्द्रिय जाति, विकलत्रय जाति त्रण, स्थावर, आताप, सूक्ष्म, अपर्याप्त अने साधारण ए सोळ छे.

६०४ प्र. व्युच्छित्ति कोने कहे छे? उ. जे गुणस्थानमां कर्मप्रकृतियोनो बंध, उदय अथवा सत्त्व (सत्ता) नी व्युच्छित्ति कही होय, ते गुणस्थान सुधीज ते प्रकृतियोनो बंध, उदय अथवा सत्ता प्राप्त थाय छे. आगळना कोइ पण गुणस्थानमां ते प्रकृतियोनो बंध, उदय अथवा सत्त्व थतां नथी, तेने व्युच्छित्ति कहे छे.

६०५ प्र. सासादनगुणास्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे? उ. पहेला गु-णस्थानमां जे ११७ प्रकृतियोनो उदय थाय छे, तेमांथी मिथ्यात्व, आताप, सूक्ष्म, अप-र्याप्त अने साधारण ए पांच मिथ्यात्व गुण-स्थानना व्युच्छिन्न प्रकृतियो बाद करवाथी

११२ रही, परन्तु नरकगत्यानुपूर्वीनो आ गुणस्थानमां उदय थतो नथी, तेथी आ गुण-गुणस्थानमां १११ प्रकृतियोनो उदय थाय छे.

६०६ प्र. सासादनगुणस्थानमां सत्त्व (सत्ता) केटली प्रकृतियोनी रहे छे? उ. सासादनगुणस्थानमां १४५ प्रकृतियोनी सत्ता रहे छे. अहियां तीर्थंकर प्रकृति, आहारक शरीर, अने आहारक अंगोपांग ए त्रण प्रकृतियोनी सत्ता रहेती नथी.

६०७ प्र. तीजुं मिश्रगुणस्थान कोने कहे छे? उ. सम्यग्मिथ्यात्वप्रकृतिना उदयथी जीवने केवळ सम्यक्त्व परिणाम प्राप्त थतुं नथी अथवा केवळ मिथ्या त्वरुप परिणाम पण

प्राप्त थतुं नथी, परन्तु मळेला दहींगोळना स्वादनी माफक एक भिन्न जातिनुं मिश्र परिणाम थाय छे, तेने मिश्रगुणस्थान कहे छे.

६०८ प्र. मिश्र गुणस्थानमां केटली प्रकृतियोनो बंध थाय छे? उ. बीजा गुणस्थानमां बंध प्रकृति १०१ हती, तेमांथी व्युच्छिन्न-प्रकृति पच्चीसने (अनन्तानुबंधी क्रोध, मान, माया, लोभ, स्त्यानगृद्धि, निद्रानिद्रा, प्रचलाप्रचला, दुर्भग, दुस्वर, अनादेय, न्यग्रोध संस्थान, स्वातिसंस्थान, कुब्जक-संस्थान, वामन संस्थान, वज्रनाराच संहनन, नाराचसंहनन्, अर्द्धनाराच संहनन, कीलित संहनन, अप्रशस्तविहायोगति, स्त्रीवेद, नी-

चगोत्र, तिर्यग्गति, तिर्यग्गत्यानुपूर्वी, तिर्यगायु अने उद्योतने) बाद करवाथी बाकी रही ७६ , परन्तु आ गुणस्थानमां कोइ पण आयुकर्मनो बंध थतो नथी, तेथी ७६ मांथी मनुष्यायु अने देवायु ए बन्नेने बाद करवाथी ७४ प्रकृतीयोनो बंध थाय छे. नरकायु तो पहेला गुणस्थानमांज व्युच्छिन्न थइ गइ छे.

१०९ प्र. मिश्रगुणस्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे ? उ. बीजा गुणस्थानमां १११ एकसो अगीयार प्रकृतीयोनो उदय थाय छे, तेमांथी व्युच्छिन्न प्रकृति नव (अनन्तानुबंधी क्रोध, मान, माया, लोभ, एकेन्द्रियादिक ४ अने स्थावर १ ने) बाद करवाथी बाकी रहेली १०२ मांथी नरकगत्यानुपूर्वी वगर

(केमके ते बीजा गुणस्थानमां बाद करेली छे) बाकीनी त्रण आनुपूर्वी घटाडवाथी (केमके त्रीजा गुणस्थानमां मरण नहि होवाथी कोइ-पण आनुपूर्वीनो उदय नथी.) बाकी रहेली ९९ प्रकृति अने एक सम्यग्मिथ्यात्व प्रकृतिनो उदय अहियां आवी मल्यो, ते कारणथी आ गुणस्था-नमां १०० प्रकृतियोनो उदय थाय छे.

६१० प्र. मिश्रगुणस्थानमां केटली प्रकृति-योनी सत्ता रहे छे? उ. त्रीजा मिश्र गुणस्था-नमां तीर्थंकर प्रकृतिने छोडीने १४० प्रकृति-योनी सत्ता रहे छे.

६११ प्र. चोथा अविरतसम्यग्दृष्टि गुण-स्थाननुं स्वरुप शुं छे? उ. दर्शनमोहनीयनी त्रण अने अनन्तानुबंधीनी चारप्रकृति ए

सात प्रकृतियोना उपशम, क्षय अथवा क्षयो-
पशमथी अने अप्रत्याख्यानकरण क्रोध, मान,
माया, लोभना उदयथी व्रत रहित सम्यक्त्व-
धारी चोथा गुणस्थानवर्त्ती थाय छे.

६१२ प्र. आ चोथा गुणस्थानमां केटली
प्रकृतियोनो बंध थाय छे? उ. त्रीजा गुणस्था-
नमां ७४ प्रकृतियोनो बंध थाय छे, तेमां
मनुष्यायु, देवायु अने तीर्थंकर प्रकृति ए त्रण
सहित ७७ प्रकृतियोनो बंध चोथामां थाय छे.

६१३ प्र. चोथा गुणस्थानमां केटली प्रकृति-
योनो उदय थाय छे? उ. त्रीजा गुणस्थानमां
१०० प्रकृतियोनो उदय थाय छे, तेमांथी
व्युच्छिन्न प्रकृति सम्यग्मिथ्यात्व बाद करवाथी
९९ रही, तेमां चार आनुपूर्वी अने एक

सम्यक्प्रकृतिमिथ्यात्व ए पांच प्रकृतियो उमेरवाथी १०४ प्रकृतियोनो उदय थाय छे.

६१४ प्र. चोथा गुणस्थानमां केटली प्रकृतियोनी सत्ता रहे छे ? उ. सर्वनी अर्थात् १४८ प्रकृतियोनी, परन्तु क्षायिक सम्यग्दृष्टिने १४१ प्रकृतियोनीज सत्ता छे.

६१५ प्र. पांचमां देशविरत गुणस्थाननुं स्वरुप शुं छे ? उ. प्रत्याख्यानावरण क्रोध, मान, माया, लोभना उदयथी जो के संयमभाव थतो नथी, तोपण अप्रत्याख्यानावरण क्रोध, मान, माया, लोभना उपशमथी श्रावकव्रतरुप देशचारित्र थाय छे, तेनेज देशविरत नामे पांचमुं गुणस्थान कहे छे. चारे गुणस्थानोमां सम्यग्दर्शन अने सम्यग्दर्शननुं अविनाभावी सम्यग्ज्ञान

अवश्य थाय छे, एना विना पांचमां छट्ठा वगेरे गुणस्थान थतां नथी.

६१६ प्र. पांचमां गुणस्थानमां केटली प्रकृतियोनो बंध थाय छे? उ. चोथा गुणस्थानमां जे ७७ प्रकृतियोनो बंध कह्यो छे, तेमांथी व्युच्छिन्न १०ना (अप्रत्याख्यानावरण क्रोध, मान, माया, लोभ, मनुष्यगति, मनुष्यगत्यानुपूर्वी, मनुष्यायु, औदारिक शरीर, औदारिक आंगोपांग, वज्ररुषभनाराच संहनन्ने) बाद करवाथी बाकी रहेली ६७ प्रकृतियोनो बंध थाय छे.

६१७ प्र. पांचमां गुणस्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे? उ. चोथा गुणस्थानमां जे १०४ प्रकृतियोनो उदय कह्यो छे,

तेमांथी व्युच्छिन्न प्रकृति १७ ने [अप्रत्याख्यानावरण क्रोध, मान, माया, लोभ, देवगति, देवगत्यानुपूर्वी, देवायु, नरकगति, नरकगत्यानुपूर्वी, नरकायु, वैक्रियकशरीर, वैक्रियकआंगोपांग, मनुष्यगत्यानुपूर्वी, तिर्यग्गत्यानुपूर्वी, दूर्भग, अनोदय, अयशस्कीर्तिने] बाद करवाथी बाकी रहेली ८७ प्रकृतियोनो उदय छे.

६१८ प्र. पांचमां गुणस्थानमां केटली प्रकृतियोनी सत्ता रहे छे? उ. चोथा गुणस्थानमां जे १४८नी सत्ता रहेवानुं कह्युं छे, तेमांथी व्युच्छिन्न प्रकृति एक नरकायुना वगर १४७ प्रकृतिनी सत्ता रहे छे, परन्तु क्षायिक सम्यग्दृष्टिनी अपेक्षाथी १४० प्रकृतिनीज सत्ता रहे छे.

६१९ प्र. छट्ठा प्रमत्तविरत नामना गुणस्थाननुं स्वरुप शुं छे? उ. संज्वलन अने नोकषायना तीव्र उदयथी संयमभाव तथा मलजनकप्रमाद ए बन्ने एक साथे थाय छे. [जो के संज्वलन अने नोकषायनो उदय चारित्र गुणनो विरोधी छे, तथापि प्रत्याख्यानावरण कषायनो उपशम थवाथी प्रादुर्भूत सकळ संयमने घातवामां समर्थ नथी, तेथी उपचारथी संयमनो उत्पादक कह्यो छे.] तेथी आ गुणस्थानवर्त्ती मुनिने प्रमत्तविरत अथवा चित्रलाचरणी कहे छे.

६२० प्र. छट्ठा गुणस्थानमां केटली प्रकृतियोनो बंध थाय छे? उ. पांचमां गुणस्थानमां जे ६७ प्रकृतियोनो बंध थाय छे, तेमांथी प्रत्याख्यानावरण क्रोध, मान, माया, लोभ ए

चारे व्युच्छिन्न प्रकृतियो बाद करवाथी बाकी रहेली ६३ प्रकृतियोनो बंध थाय छे.

६२१ प्र. छट्ठा गुणस्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे ? उ. पांचमा गुणस्थानमां ८७ प्रकृतियोनो उदय कह्यो छे, तेमांथी व्युच्छिन्न प्रकृति आठ (प्रत्याख्यानावरण क्रोध, मान, माया, लोभ, तिर्यग्गति, उद्योत, अने नीचगोत्र) घटाडवाथी बाकी रहेली ७९ प्रकृतियोमां आहारक शरीर, अने आहारक अंगोपांग ए बे प्रकृति उमेरवाथी ८१ प्रकृतियोनो उदय थाय छे.

६२२ प्र. छट्ठा गुणस्थानमां केटली प्रकृतियोनी सत्ता छे ? उ. पांचमा गुणस्थानमां १४७ प्रकृतियोनी सत्ता कही छे, तेमांथी

व्युच्छिन्न प्रकृति एक तिर्यगायुने घटाडवाथी १४९ प्रकृतियोनी सत्ता रहे छे, परन्तु क्षायिक-सम्यग्दृष्टिने १३९ नी सत्ता रहे छे.

६२३ प्र. सातमा अप्रमत्तविरत नामना गुणस्थाननुं स्वरुप शुं छे ? उ. संजवलन अने नोकषायनो मंद उदय थवाथी प्रमाद रहित संयमभाव थाय छे, ते कारणथी आ गुण-स्थानवर्त्ती मुनिने अप्रमत्तविरत कहे छे.

६२४ प्र. अप्रमत्तविरतगुणस्थानना केटला भेद छे ? उ. बे भेद छे. स्वस्थान-अप्रमत्तविरत, अने सातिशय अप्रमत्तविरत.

६२५ प्र. स्वस्थानअप्रमत्तविरत कोने कहे छे ? उ. जे हजारो वखत छट्ठामां, सात-मामां अने सातमामांथी छट्ठा गुणस्थानमां आवे

जाय, तेने स्वस्थानअप्रमत्त कहे छे.

६२६ सातिशय अप्रमत्तविरत कोने कहे छे?
उ. जे श्रेणी चढवानी सन्मुख होय, तेने सातिशय अप्रमत्तविरत कहे छे.

६२७ प्र. श्रेणी चढवाने पात्र कोण छे ?
उ. क्षायिकसम्यग्दृष्टि अने द्वीतीयोपशमसम्यग्दृष्टिज श्रेणी चढवाने पात्र छे. (प्रथमोपशम सम्यक्त्ववाळा तथा क्षायोपशमिक सम्यक्त्ववाळा श्रेणी चढी शकता नथी.

प्रथमोपशमसम्यक्त्ववाळा जीव प्रथमोपशमसम्यक्त्वने छोडीने क्षायोपशमिक सम्यग्दृष्टि थइने प्रथमज अनन्तानुबंधी क्रोध, मान, माया, अने लोभनुं विसंयोजन करीने दर्शनमोहनीयनी त्रण प्रकृतियोनो उपशम करीने द्वीतीयोपशम-

सम्यग्दृष्टि थइ जाय अथवा त्रणो प्रकृतियोनो क्षय करी क्षायिकसम्यग्दृष्टि थइ जाय, त्यारे श्रेणी चढवाने पात्र थाय छे.

६२८ प्र. श्रेणी कोने कहे छे? उ. ज्यां चारित्रमोहनीयकर्मनी बाकी रहेली २१ प्रकृतियोनो क्रमथी उपशम तथा क्षय कराय, तेने श्रेणी कहे छे.

६२९ प्र. श्रेणीना केटला भेद छे? उ. बे भेद छे. उपशम श्रेणी अने क्षपक श्रेणी.

६३० प्र. उपशमश्रेणी कोने कहे छे? उ. जेमां चारित्रमोहनीय कर्मनी २१ प्रकृतियोनो उपशम कराय, तेने उपशम श्रेणी कहे छे.

६३१ प्र. क्षपकश्रेणी कोने कहे छे? उ. जेमां उपरनी २१ प्रकृतियोनो क्षय कराय,

तेने क्षपकश्रेणी कहे छे.

६३२ प्र. ए बन्ने श्रेणीयोमां कया कया जीव चढे छे? उ. क्षायिकसम्यग्दृष्टि तो बन्नेए श्रेणीए चढे छे. अने द्वितीयोपशम-सम्यग्दृष्टि उपशमश्रेणीएज चढे छे, क्षपक-श्रेणी चढतो नथी.

६३३ प्र. उपशम श्रेणीने कया कया गुण-स्थान छे? उ. उपशम श्रेणीने चार गुणस्थान छे. आठमु अपूर्वकरण, नवमुं अनिवृत्तिकरण, दशमुं सूक्ष्मसाम्पराय अने अगीयारमुं उप-शान्त मोह छे.

६३४ प्र. क्षपक श्रेणीने कया कया गुण-स्थान छे? उ. आठमुं अपूर्वकरण, नवमुं अनि-वृत्तिकरण, दशमुं सूक्ष्मसांपराय, बारमुं क्षीण

मोह ए चार गुणस्थान छे.

६३५ प्र. चारित्र मोहनीयनी २१ प्रकृतियोना उपशमावाने तथा क्षय करवाने माटे आत्माना कया परिणाम निमित्त कारण छे? उ. अधः-करण, अपूर्वकरण, अने अनिवृत्तिकरण ए त्रण निमित्त कारण छे.

६३६ प्र. अधःकरण कोने कहे छे? उ. जे करणमां (परिणाम समुहमां) उपरितन समय-वर्ती तथा अधस्तनसमयवर्ती जीवना परिणाम-सदृश तथा विसदृश होय, तेने अधःकरण कहे छे, ते अधःकरण सातमा गुणस्थानमां थाय छे.

६३७ प्र. अपूर्वकरण कोने कहे छे? उ. जे करणमां उत्तरोत्तर अपूर्वज अपूर्व परिणाम थतां जाय अथवा भिन्नसमयवर्ती जीवोना

परिणाम सदा विसदृज होय अने एक समयवर्ती जीवोना परिणाम सदृश पण होय अने विसदृश पण होय, तेने अपूर्वकरण कहे छे. अने तेज आठमुं गुणस्थान छे.

६३८ प्र. अनिवृत्तिकरण कोने कहे छे? उ. जे करणमां भिन्नसमयवर्ती जीवोना परिणाम विसदृशज होय अने एक समयवर्ती जीवोना परिणाम सदृशज होय, तेने अनिवृत्तिकरण कहे छे. तेज नवमुं गुणस्थान छे. ए त्रणे करणोनां परिणाम प्रतिसमय अनन्तगुणी विशुद्धता माटे थाय छे.

६३९ प्र. अधःकरणनुं दृष्टान्त शुं छे? उ. एक देवदत्त नामना राजाने ३०७२ मनुष्य १६ कचेरीओमां बेटेला) सेवक छे. पहेली

कचेरीमां १६२ मनुष्य छे. बीजीमां १६६, त्रीजीमां १७०, चोथीमां १७४, पांचमीमां १७८, छठ्ठीमां १८२, सातमीमां १८६, आठमीमां १९०, नवमीमां १९४, दशमीमां १९८, अगीयारमीमां २०२, बारमीमां २०६, तेरमीमां २१०, चौदमीमां २१४, पंदरमीमां २१८, अने सोळमीमां २२२ मनुष्य काम करे छे.

पहेली कचेरीमां १६२ मनुष्योमांथी पहेला मनुष्यनो पगार रु. १), बीजानो रु. २), त्रीजानो रु. ३), एवी रीते एक एक वधता १६२मा मनुष्य सुधी पगार १६२) छे.

बीजी कचेरीमां १६६ मनुष्यो काम करे छे. तेमांथी पहेला मनुष्यनो पगार रु. ४०)

छे. अने बीजा, त्रीजा वगेरेना पगारमां एक एक रुपीओ वधारतां १६६मा मनुष्यनो पगार रु. २०५, छे.

त्रीजी कचेरीमां १७० मनुष्यो काम करे छे, तेमांथी पहेला मनुष्यनो पगार रु. ८०) छे अने बीजा त्रीजा आदि मनुष्योनो एक एक रुपीओ पगारमां वधारतां १७०मा मनुष्यनो पगार २४९) छे.

चोथी कचेरीमां १७४ मनुष्यो काम करे छे. तेमांथी पहेला मनुष्यनो पगार रु. १२१) छे. अने बीजा, त्रीजा आदि मनुष्योनो एक एक रुपीओ वधतां १७४मा मनुष्यनो पगार २९४) थाय छे, एवी रीते क्रमथी १६ कचेरीओमां २२२ मनुष्य नोकर छे, तेमांथी पहेलानो पगार

रु.६९१) अने २२२मा मनुष्यनो पगार ९१२) छे. आ दृष्टान्तमां पहेली कचेरीमां ३९ मनुष्योनो पगार, उपरनी कचेरीमांना कोइ पण मनुष्यना पगारथी मळतो नथी. तथा छेल्ला ५७ मनुष्योनो पगार नीचेनी कचेरीओना कोइपण मनुष्यना पगारथी मळतो नथी. बाकीना पगार उपर नीचेनी कचेरीओना पगारोनी साथे यथासंभव सरखा पण छे. एवी रीते यथार्थमां पण उपरना समय संबंधी परिणामो अने नीचेना समय संबंधी परिणामोमां समानता यथासंभव जाणवी. तेनुं विशेष स्वरुप गोमट्टसारजीना गुणस्थानाधिकारमां तथा छापेला सुशीला उपन्यासना १३३ मां पांनाथी १४२ मां पानां सुधीमां जोवुं.

६४० प्र. सातमा गुणस्थानमां केटली प्रकृतियोनो बंध थाय छे ? उ. छट्ठागुणस्थानमां ६३ प्रकृतियोनो बंध कह्यो छे, तेमांथी व्युच्छिन्न प्रकृति छना (अस्थिर, अशुभ, असाता, अयशस्कीर्ति, अरतिने शोकना) घटवाथी बाकी रहेली ५७ प्रकृतिमां आहारकशरीर अने आहारक अंगोपांग ए बे प्रकृतियोने एकठी करवाथी ५९ प्रकृतियोनो बंध थाय छे.

६४१ प्र. सातमा गुणस्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे? उ. छट्ठा गुणस्थानमां जे ८१ प्रकृतियोनो उदय कह्यो छे, तेमांथी व्यच्छिन्न प्रकृति पांचना (आहारक शरीर, आहारक अंगोपांग, निद्रानिद्रा, प्रचला प्रचला अने स्त्यानगृद्धिना) घटवाथी बाकी रहेली ७६

प्रकृतियोनो उदय थाय छे.

६४२ प्र. सातमा गुणस्थानमां केटली प्रकृतियोनी सत्ता रहे छे ? उ. छट्ठा गुणस्थाननी माफक आ गुणस्थानमां पण १४६ प्रकृतियोनी सत्ता रहे छे, किन्तु क्षायिकसम्यग्दृष्टिने १३९ प्रकृतिनीज सत्ता रहे छे.

६४३ प्र. आठमा अपूर्वकरण गुणस्थानमां केटली प्रकृतियोनो बंध थाय छे ? उ. सातमा गुणस्थानमां जे ५९ प्रकृतियोनो बंध कह्यो छे, तेमांथी व्युच्छिन्न प्रकृति एक देवायुना घटाडवाथी ५८ प्रकृतियोनो बंध थाय छे.

६४४ प्र. आठमा गुणस्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे ? उ. सातमा गुणस्थानमां जे ७६ प्रकृतियोनो उदय कह्यो छे, ते-

मांथी व्युच्छिन्न प्रकृति चारने (सम्यक्प्रकृति, अर्द्धनाराच, कीलक, असंप्राप्तासृपाटिका संहननना) घटाडवाथी बाकी रहेली ७२ प्रकृतियोनो उदय थाय छे.

६४९ प्र. आठमा अपूर्वकरण गुणस्थानमां केटली प्रकृतियोनी सत्ता रहे छे? उ. सातमा गुणस्थानमां जे १४६ प्रकृतियोनी सत्ता कही छे, तेमांथी व्युच्छिन्न प्रकृति अनन्तानुबंधी, क्रोध, मान, माया, लोभ ए चारने घटाडवाथी द्वितीयोपशम सम्यग्दृष्टि उपशम श्रेणीवाळाने तो १४२ प्रकृतिनी सत्ता छे, परन्तु क्षायिकसम्यग्दृष्टि उपशमश्रेणीवाळाने दर्शनमोहनीयनी त्रण प्रकृति रहित १३९नी सत्ता रहे छे. अने क्षपकश्रेणीवाळाने सातमा गुणस्थाननी

व्युच्छिन्न प्रकृति आठने (अनन्तानुबंधी क्रोध, मान, माया, लोभ, तथा दर्शनमोहनीयनी त्रण अने एक देवायुने) घटाडवाथी बाकी रहेली १३८ प्रकृतियोनी सत्ता रहे छे.

६४६ प्र. नवमा अनिवृत्तिकरण गुणस्थानमां केटली प्रकृतियोनो बंध थाय छे ? उ. आठमा गुणस्थानमां जे ५८ प्रकृतियोनो बंध कह्यो छे, तेमांथी व्युच्छिन्न प्रकृति ३६ ने (निद्रा, प्रचला, तीर्थंकर, निर्माण, प्रशस्त विहायोगति, पंचेन्द्रियजाति, तैजसशरीर कार्माण शरीर, आहारक शरीर, आहारक अंगोपांग, समचतुरस्र संस्थान, वैक्रियकशरीर वैक्रियिक अंगोपांग, देवगति, देवगत्यानुपूर्वी रूप, रस, गंध, स्पर्श, अगुरुलघुत्व, उपघात,

परघात, उच्छ्वास, त्रस, बादर, पर्याप्त, प्रत्येक, स्थिर, शुभ, सुभग, सुस्वर, आदेय, हास्य, रति, जुगुप्सने भय ने) घटाडवाथी बाकी रहेली २२ प्रकृतियोनो बंध थाय छे.

६४७ प्र. नवमा गुणस्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे? उ. आठमा गुणस्थानमां जे ७२ प्रकृतियोनो उदय थाय छे, तेमांथी व्युच्छिन्न प्रकृति छ ने (हास्य, रति, अरति, शोक, भय, जुगुप्सा ने) घटाडवाथी बाकी रहेली ६६ प्रकृतियोनो उदय थाय छे.

६४८ प्र. नवमा गुणस्थानमां केटली प्रकृतियोनी सत्ता रहे छे? उ. आठमा गुणस्थानना माफक आ गुणस्थानमां पण उपशमश्रेणीवाळा द्वितीयोपशम सम्यग्दृष्टिने १४२,

क्षायिक सम्यग्दृष्टिने १३९ प्रकृतिनो अने क्षपकश्रेणिवालाने १३८ प्रकृतियोनी सत्ता रहे छे.

६४९ प्र. दशमा गुणस्थान सूक्ष्मसाम्परायनुं स्वरुप शुं छे? उ. अत्यन्त सूक्ष्म अवस्थाने प्राप्त लोभकषायना उदयने अनुभव करता जीवने सूक्ष्मसाम्पराय नामनुं दशमुं गुणस्थान प्राप्त थाय छे.

६५० प्र. दशमा गुणस्थानमां केटली प्रकृतियोनो बंध थाय छे? उ. नवमा गुणस्थानमां जे २२ प्रकृतियोनो बंध थाय छे, तेमांथी व्युच्छित्ति प्रकृति पांचने (पुरुषवेद, संज्वलन, क्रोध, मान, माया, लोभने) घटाडवाथी बाकी रहेली १७ प्रकृतियोनो बंध थाय छे.

६५१ प्र. दशमा गुणस्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे? उ. नवमा गुणस्थानमां जे ६६ प्रकृतियोनो उदय थाय छे, तेमांथी व्युच्छित्ति प्रकृति छने (स्त्रीवेद, पुरषवेद, नपुंसकवेद, संज्वलन क्रोध, मान, माया, लोभने) घटाडवाथी बाकी रहेली ६० प्रकृतियोनो उदय थाय छे.

६५२ प्र. दशमा गुणस्थानमां केटली प्रकृतियोनी सत्ता रहे छे? उ. उपशमश्रेणीमां नवमा गुणस्थाननी माफक द्वितीयोपशम सम्यग्दृष्टिने १४२ प्रकृति अने क्षायिक सम्यग्दृष्टिने १३८ प्रकृति अने क्षपकश्रेणीवालाने नवमा गुणस्थानमां जे १३८प्रकृतियोनी सत्ता रहे छे. तेमांथी व्युच्छित्ति प्रकृति ३६ ने (तिर्यग्गति,

तिर्यग्गत्यानुपूर्वी, विकलत्रयनी ३, निद्रानिद्रा, १, प्रचलाप्रचला, १, स्त्यानगृद्धि १, उद्योत १, आतप १, एकेन्द्रिय १, साधारण १, सूक्ष्म १, स्थावर १, अप्रत्याख्यानावरणनी ४, प्रत्याख्यानावरणनी ४, नोकषायनी ९, संज्वलन क्रोध, मान, माया, नरकगति, नरकगत्यानुपूर्वी १ ने) घटाडवाथी बाकी रहेली १०२ प्रकृतियोनी सत्ता छे.

१९३ प्र. अगीयारमा उपशान्तमोह गुणस्थाननुं स्वरुप शुं छे ? उ. चारित्रमोहनीयनी २१ प्रकृतियोनो उपशम थवाथी यथाख्यातचारित्रने धारण करवावाळा मुनिने अग्यारमा उपशान्तमोह नामनुं गुणस्थान थाय छे. आ गुणस्थाननो काळ समाप्त थवाथी मोहनीयना

उदयथी जीव नीचला गुणस्थानोमां आवी जाय छे.

६५४ प्र. ११मा गुणस्थानमां केटली प्रकृतियोनो बंध थाय छे? उ. दशमा गुणस्थानमां जे १७ प्रकृतियोनो बंध थतो हतो, तेमांथी व्युच्छित्ति प्रकृति १६ एटले ज्ञानावरणनी ५, दर्शनावरणनी ४, अन्तरायनी ५, यशःकीर्ति १, उच्चगोत्र १ ए सर्वने घटाडवाथी बाकी रहेली एक मात्र सातावेदनीयप्रकृतिनो बंध थाय छे.

६५५ प्र. अगीयारमां गुणस्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे? उ. दशमा गुणस्थानमां जे ६० प्रकृतियोनो उदय थाय छे, तेमांथी व्युच्छित्ति प्रकृति एक संज्वलन लोभने

घटाडवाथी बाकी रहेली ५९ प्रकृतियोनो उदय थाय छे.

६५६ प्र. अगीआरमा गुणस्थानमां केटली प्रकृतियोनी सत्ता रहे छे? उ. नवमा गुणस्थान अने दशमा गुणस्थाननी माफक द्वितीयोपशम सम्यग्दृष्टिने १४२ प्रकृति अने क्षायिक-सम्यग्दृष्टिने १३९ प्रकृतियोनी सत्ता रहे छे.

६५७ प्र. बारमा क्षीणमोह गुणस्थाननुं स्वरुप शुं छे? अने ते कोने प्राप्त थाय छे? उ. मोहनीय कर्मनो अत्यन्त क्षय थवाथी स्फटिक भाजनगत जळनी माफक अत्यन्त निर्मल अविनाशी यथाख्यात चारित्रना धारक मुनिने क्षीणमोह नामनुं बारमुं गुणस्थान थाय छे.

६५८ प्र. बारमा गुणस्थानमां बंध केटली

प्रकृतियोनो थाय छे? उ. एक सातावेदनीय मात्रनो बंध थाय छे.

१५९ प्र. बारमा गुणस्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे? उ. अग्यारमा गुणस्थानमां जे ५९ प्रकृतियोनो उदय थाय-छे, तेमांथी वज्रनाराच अने नाराच ए बे व्युच्छित्ति प्रकृतियोने घटाडवाथी ५७ प्रकृतियोनो उदय थाय छे.

१६० प्र. बारमा गुणस्थानमां केटली प्रकृतियोनी सत्ता रहे छे? उ. दशमा गुणस्थानमां क्षपक श्रेणीवाळानी अपेक्षाए १०२ प्रकृतियोनी सत्ता छे, तेमांथी व्युच्छित्ति प्रकृति संज्वलन-लोभना घटाडवाथी बाकीनी १०१ प्रकृतियोनी सत्ता रहे छे.

६६१ प्र. तेरमा सयोगकेवळी नामना गुणस्थाननुं स्वरुप शुं छे ? अने ते कोने प्राप्त थाय छे ? उ. घातिया कर्मोनी ४७ अने अघातीया कर्मोनी १६ (नरकगति, तिर्यग्गति, नरकगत्यानुपूर्वी, तिर्यग्गत्यानुपूर्वी, विकलत्रय ३, आयुष्लिक ३, उद्योत, आतप, एकेन्द्रिय, साधारण, सूक्ष्म, अने स्थावर) मळीने ६३ प्रकृतियोनो क्षय थवाथी लोकालोक प्रकाशक केवळज्ञान तथा मनोयोग, वचन योग, काय-योगना धारक अरहंत भट्टारकने सयोगकेवळी नामे तेरमुं गुणस्थान प्राप्त थाय छे, तेज केवळी भगवान पोतानी दिव्यध्वनिथी भव्य जीवोने मोक्ष मार्गनो उपदेश आपीने संसारमां मोक्ष मार्ग प्रकट करे छे.

६६२ प्र. तेरमां गुणस्थानमां केटली प्रकृ-
योनो बंध थाय छे ? उ. एक मात्र सातावेद्-
नीयनो बंध थाय छे.

६६३ प्र. तेरमां गुणस्थानमां केटली प्रकृ-
तियोनो उदय थाय छे ? उ. बारमा गुणस्था-
नमां जे सत्तावन प्रकृतियोनो उदय थाय छे,
तेमांथी व्युच्छित्ति प्रकृति सोळ ने (ज्ञाना
वरणनी ५, अन्तरायनी ५, दर्शना वरणनी ४,
निद्रा अने प्रचलाने) घटाडवाथी बाकी रहेली
४१ प्रकृतियोमां तीर्थंकरनी अपेक्षाथी एक
तीर्थंकर प्रकृति गणवाथी ४२ प्रकृतियोनो उदय
थाय छे.

६६४ प्र. तेरमा गुणस्थानमां केटली प्रकृ-
तियोनी सता थाय छे ? उ. बारमां गुणस्थान-

मां जे १०१ प्रकृतियोनी सत्ता छे तेमांथी व्युच्छित्ति प्रकृति सोळने (ज्ञानावरणनी ५, अन्तरायनी ५, दर्शनावरणनी ४, निद्रा १ प्रचला १) घटाडवाथी बाकी रहेली ८५ प्रकृतियोनी सत्ता रहे छे.

६६५ प्र. चौदमा अयोगी केवळी नामना गुणस्थाननुं स्वरुप शुं छे ? अने ते कोने प्राप्त थाय छे ? उ. मन, वचन, कायना योगोथीरहित केवळ-ज्ञान सहित अरहंत भट्टारक [भगवान]ने चौदमुं गुणस्थान प्राप्त थाय छे. आ गुणस्थाननो काळ अ इ उ ऋ ऌ ए पांच ह्रस्वस्वरोनो उच्चार करवानी बराबर छे. पोताना गुणस्थानना काळना द्विचरम समयमां सत्तानी ८५ प्रकृति-

योमांथी ७२ प्रकृतियोनो अने चरम समयमां १३ प्रकृतियोनो नाश करीने, अरहंत भगवान मोक्षधामने [सिद्धशिलाए पधारे छे.

६६६ प्र. चौदमा गुणस्थानमां केटली प्रकृतियोनो बंध थाय छे? उ. तेरमा गुणस्थानमां जे एक सातावेदनीयनो बंध थतो हतो, तेनी आ गुणस्थानमां व्युच्छित्ति थवाथी कोइपण प्रकृतिनो बंध थतो नथी.

६६७ प्र. चौदमां गुणस्थानमां केटली प्रकृतियोनो उदय थाय छे? उ. तेरमां गुणस्थानमां जे ४२ प्रकृतियोनो उदय थाय छे, तेमांथी व्युच्छित्ति प्रकृति त्रीसने [वेदनीय १, वज्रऋषभनाराच संहनन १, निर्माण १, स्थिर १, अस्थिर १, शुभ १, अशुभ १, सुस्वर १,

दुःस्वर १, प्रशस्त विहायोगति १, अप्रशस्त-विहायोगति १, औदारिक शरीर १, औदारिक अंगोपांग १, तैजस शरीर १, कार्माण शरीर १, समचतुरस्रसंस्थान १, न्यग्रोध १, स्वाति १, कुब्जक १, वामन १, हुंडक १, स्पर्श १, रस १, गंध, वर्ण १, अगुरुलघुत्व १, उपघात १, परघात १, उच्छ्वास १, अने प्रत्येकने] घटाडवाथी बाकी रहेली १२ प्रकृतियोनो [वेदनीय १, मनुष्यगति १, मनुष्यायु १, पंचेन्द्रियजाति १, सुभग १, त्रस १, बादर १, पर्याप्त १, अदिय १, यशःकीर्ति १, तीर्थंकर प्रकृति १, अने उच्चगोत्र १नो] उदय थाय छे.

६६८ प्र. चौदमां गुणस्थानमां केटली प्रकृतियोनी सत्ता रहे छे? उ. तेरमा गुणस्थाननी

माफक आ गुणस्थानमां पण ८९ प्रकृतियोनी सत्ता छे, परन्तु द्विचरम समयमां ७२ अने अन्तिम समयमां १३ प्रकृतियोनी सत्तानो नाश करीने, अरहंत भगवान मोक्षे पधारे छे.

इति पंचमोऽध्यायः समाप्तः ।

ग्रन्थ कर्त्तानुं अन्तिम वक्तव्य.

दोहरा

वंदौं श्री महावीरजीन,
वर्द्धमान गुणखान ।
भव्यसरोजसमुहरवि,
करन सकल कल्यान ॥१॥
प्रांत ग्वालियरमें बसै,
भिंड नगर शुभ स्थान ।

श्रीयुत माधवसिंह नृप,
न्याय नीति गुणखान ॥२॥
अर्गलपुरवासी बणिक,
जाति बरैया जान ।
लछमन सुत गोपाळ तहँ,
कीनी आय दुकान ॥३॥
इन्द्रप्रस्थवासी सुजन,
मोतीलाल सुजान ।
उदासीन संसारसों,
खोजत निज कल्यान ॥४॥
आये या पुर भिंडमें,
ढूंढ़त तत्त्वज्ञान ।
तिन निमित्त लघु ग्रन्थ यह,
रच्यौ स्वपरहित जान ॥५॥

श्रीयुत पन्नालालजी,
अति सज्जन गुणवान ।
तिन निज काज विहाय सब,
करी सहाय सुजान ॥६॥
अल्पबुद्धि मम विषय यह,
जिनसिद्धान्त महान ।
भूल देखिके सोधियो,
करियो क्षमा सुजान ॥७॥
जो सज्जन इस ग्रन्थको,
पढ़ैं नित्य धरि ध्यान ।
ते श्री जिनसिद्धान्तमें,
करें प्रवेश सुजान ॥८॥
विक्रम संवत सहस इक,
नौसै छयासठि जान ।

कृष्णपक्ष श्रावण प्रथम,

तिथि नवमी दिन भान ॥९॥

जिनसिद्धान्तप्रवेशिका,

या दिन पूरन जान ।

पढहु पढावहु चिर जियहु,

यावच्चन्द्रसुभान ॥१०॥

इति श्री जैन सिद्धान्त प्रवेशिका समाप्त ।

વિષયાનુક્રમણિકા.

અ

આ.

ઇ.

ઈ.

ઉ.

ઊ.

એ.

ઐ.

ઔ.

પ.

શ.

સ.